અપ્પુ જથ્થાબંધ ખરીદો જથ્થાબંધ ફાયદો
સૌરાષ્ટ્રની પ્રખ્યાત ચણાદાળ
વ્યાપારિક પૂછપરછ આવકાર્ય
98242 00970
હેલ્પર જોઈએ છે

ગ્રામ્ય આવૃત્તિ પાના: ૧૪
તા. ૩૧-૩-૨૦૨૬, મંગળવાર
વર્ષ: ૧૫, અંક : ૨૦

પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329

arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક®

સાંધ્ય દૈનિક
મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા


મહાવીર જયંતિ

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 ☏ 94266 72303 abataknews@gmail.com @abtakmedia


# સ્ટ્રેટ ઓફ હોર્મુઝનો રસ્તો ન ખુલે તો પણ ટ્રમ્પના યુધ્ધ પૂર્ણ કરવાના ‘હવાતિયાં’

## લાંબા સમયથી ચાલતા યુદ્ધ અને તેનાથી થતા આર્થિક નુકસાનને રોકવા માટે ટ્રમ્પ પ્રશાસન પર દબાણ

**અબતક, રાજકોટ**

વૈશ્વિક રાજકારણ અને સૈન્ય મોરચે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન સાથે ચાલી રહેલા સંઘર્ષને ગમે તે ભોગે અટકાવવા માટે મન બનાવી લીધું હોય તેવું લાગી રહ્યું છે. તાજેતરના અહેવાલો મુજબ, ટ્રમ્પ વહીવટીતંત્ર હવે રણનીતિક પીછેહઠ કરવાના મૂડમાં છે, જેમાં વિશ્વના સૌથી મહત્વપૂર્ણ ગણાતા તેલ માર્ગ ’સ્ટ્રેટ ઓફ હોર્મુઝ’ ને અત્યારે જ ખુલ્લો કરાવવાની શરતને પણ જતી કરવામાં આવી શકે છે.

વોલ સ્ટ્રીટ જર્નલના અહેવાલ અનુસાર, પ્રમુખ ટ્રમ્પે તેમના નજીકના સહયોગીઓ અને વહીવટી અધિકારીઓને સ્પષ્ટ કર્યું છે કે તેઓ ઈરાન સામેનું સૈન્ય અભિયાન ટૂંક સમયમાં સમાપ્ત કરવા માંગે છે. આ નિર્ણય પાછળના મહત્વના પાસાઓમાં સ્ટ્રેટ ઓફ હોર્મુઝ એ વિશ્વના તેલ પુરવઠાની જીવાદોરી સમાન છે. ઈરાન દ્વારા આ માર્ગમાં પેદા કરવામાં આવતા અવરોધોને દૂર કરવા માટે એક મોટા અને લાંબા સૈન્ય ઓપરેશનની જરૂર પડે તેમ છે. ટ્રમ્પ હાલમાં આવા કોઈ જટિલ ઓપરેશનમાં ફસાવા માંગતા નથી.રાષ્ટ્રપતિએ સંકેત આપ્યા છે કે જો આ માર્ગ અત્યારે આંશિક રીતે બંધ રહે તો પણ તેમને વાંધો નથી. આ રસ્તો



### લ્યો કરો વાત! યુદ્ધમાં ‘ભીખું’ થયેલું અમેરિકા આરબ દેશો પાસેથી ખર્ચના ‘ઉઘરાણાં’ કરે છે

સૌથી મોટી આર્થિક અને સૈન્ય મહાસત્તા ગણાતા અમેરિકાની હાલત અત્યારે ’ઉંચી દુકાન ને ફીકું પકવાન’ જેવી થઈ હોય તેમ લાગે છે. એક તરફ ઈરાન સાથે યુદ્ધના નગારા વાગી રહ્યા છે, તો બીજી તરફ ડોનાલ્ડ ટ્રમ્પ પ્રશાસને હવે ખુલ્લેઆમ આરબ દેશો પાસે યુદ્ધના ખર્ચના ઉઘરાણાં કરવાની તૈયારી બતાવી છે.વ્હાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન લીવિટે એક પ્રેસ બ્રીફિંગમાં બોમ્બ ફોડતા જણાવ્યું હતું કે, રાષ્ટ્રપતિ ટ્રમ્પ ઈરાન સામેના સંભવિત સૈન્ય સંઘર્ષનો આર્થિક બોજ આરબ રાષ્ટ્રો પર નાખવા અંગે ગંભીરતાથી વિચારી રહ્યા છે. ટ્રમ્પનું માનવું છે કે જો મધ્ય-પૂર્વમાં શાંતિ સ્થાપવા માટે અમેરિકા લડે, તો તેનો ખર્ચ પણ ત્યાંના તેલ સમૃદ્ધ દેશોએ જ ઉઠાવવો જોઈએ. આ ડાયરેક્ટ ’બિલ’ ફાડવાની નીતિએ આરબ જગતમાં ખળભળાટ મચાવ્યો છે.

શાંતિ વાટાઘાટોનો દેખાવ કરી રહેલા ટ્રમ્પે ઈરાનને જરાય હળવાશથી ન લેતા સીધી ચેતવણી આપી છે. તેમણે કહ્યું કે જો તેહરાન જલ્દીથી સમજૂતી પર નહીં આવે, તો ઈરાનના ઓઈલ પ્લાન્ટ્સ અને પીવાના પાણીના શુદ્ધિકરણ માટેના કરોડોના ’ડેસેલિનેશન પ્લાન્ટ્સ’ને ફૂંકી મારવામાં આવશે. એટલે કે, કાં તો શરણે આવો અથવા તો પથ્થર યુગમાં જવા તૈયાર રહો. નવાઈની વાત એ છે કે જાહેરમંચ પરથી આટલી કડક ધમકીઓ આપતું અમેરિકા પડદા પાછળ ઈરાન સાથે ’ઈલુ-ઈલુ’ પણ કરી રહ્યું છે. વ્હાઈટ હાઉસે દાવો કર્યો છે કે ઈરાન જાહેરમાં ભલે આકરું બોલે, પરંતુ ખાનગીમાં તે અમેરિકા સામે નમી રહ્યું છે અને વાટાઘાટો પોઝિટિવ રીતે આગળ વધી રહી છે. જોકે, ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ વળતો પ્રહાર કરતા સાઉદી અરેબિયાને વિનંતી કરી છે કે તેઓ પોતાના દેશમાંથી અમેરિકી દળોને તગેડી મૂકે.

ખોલાવવાનું કામ ભવિષ્યના કોઈ સમય માટે મુલતવી રાખીને અત્યારે યુદ્ધ વિરામ કરવા પર તેમનો ભાર છે.લાંબા સમયથી ચાલતા યુદ્ધો અને તેનાથી થતા આર્થિક નુકસાનને રોકવા માટે ટ્રમ્પ પ્રશાસન પર દબાણ છે. આથી જ, રસ્તો સાફ કર્યા વગર પણ યુદ્ધ પૂરું કરવાના ’હવાતિયાં’ અથવા પ્રયાસો તેજ થયા છે.

જો સ્ટ્રેટ ઓફ હોર્મુઝ લાંબો સમય બંધ રહે અથવા આંશિક રીતે પણ અવરોધાયેલો રહે, તો આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવ આસમાને પહોંચી શકે છે. ભારત જેવા દેશો જેઓ આ માર્ગ પર નિર્ભર છે, તેમના માટે પણ આ સ્થિતિ ચિંતાજનક સાબિત થઈ શકે છે.

### રૂપીયો પડીને પાદરઃ ડોલર સામે રૂપીયો ૯૪.૭૭ની સપાટી એ

# છેલ્લા ૧૪ વર્ષમાં નથી થયું તેવું રૂપીયાનું ધોવાણ ત્રણ માસમાં થયું

## ડોલર સામે રૂપીયો ૧૦૦ની સપાટી સુધી નીચે સરકી જાય તેવી દહેશત જો આવું થશે તો મોંઘવારી માઝા મૂકશે

## કોમામાં સરકી ગયેલા રૂપીયાને બેઠો કરવા તાકીદે અસરકારક પગલા લેવાની આવશ્યકતા

**અબતક, રાજકોટ**

અમેરિકી ડોલર સામે ભારતીય રૂપીયાનું એકધારૂ ધોવાણ થઈ રહ્યું છે. છેલ્લા ૧૪ વર્ષમાં નથી થયું તેવું એક જ માસમાં થઈ ગયું છે. માત્ર માર્ચ માસમા ડોલર સામે રૂપીયો ૧૦ ટકા સુધી તુટયો છે અને ૯૪.૭૭ ની સર્વકાલીન નીચલી સપાટીએ પહોચી ગયો છે. આ રીતે જ ધોવાણ ચાલુ રહેશે તો આગામી દિવસોમાં રૂપીયો ૧૦૦ની સપાટીએ પહોચી જશે જો આવું થશે તો મોંઘવારી માઝા મૂકશે. કોમામાં સરકી રહેલા રૂપીયાને બેઠકો કરવા માટે તાત્કાલીક અસરથી પગલા લેવાની આવશ્યકતા છે.

ગઈકાલે રૂપીયાએ અમેરિકી ડોલર સામે ૯૫ની સર્વકાલીન સપાટી સુધી સરકી ગયો હતો. ૯૪.૭૭ એ બંધ આવ્યો હતો. માર્ચ માસમાંજ રૂપીયો ૧૦ ટકા તુટયો છે. આવું છેલ્લા ૧૪ વર્ષમાં પ્રથમવાર બન્યું છે. રૂપીયાના ધોવાણથી દેશ માટે ચિંતાનો માહોલ સર્જાય ગયો છે. જોરૂપીયો હજુ તુટશે તો દેશમાં મોંઘવારીનો બોમ્બ ફૂટશે.

આરબીઆઈએ રૂપિયાને તૂટતો બચાવવા માટે લીધેલા પગલાંના કારણે હુંડિયામણ બજારમાં આજે રૂપિયામાં બેતરફી રેકોર્ડ બ્રેક અફડાતફડીના અંતે ડોલર ઉછળી પ્રથમવાર રૂ.૯૫ની સપાટી કુદાવી રૂ.૯૫.૨૪ની નવી ટોચે પહોંચી જતાં રૂપિયો નવા નીચા તળિયે પટકાયો હતો.

વૈશ્વિક પરિબળો અને વિદેશી રોકાણકારોની સતત વેચવાલીના પગલે રૂપિયામાં ઉછાળો ઉભરા જેવો નિવડયો હતો અને ડોલરના ભાવ ઈન્ટ્રા-ડે સ્પ્રિંગની જેમ ઉછળી ૯૫.૨૪ પહોંચ્યા હતા. રૂપિયાને ઉગારવા રિઝર્વ બેન્કના વિવિધ પગલાઓ વચ્ચે રૂપિયા સામે ડોલરના ભાવ જે શનિવારે બંધ બજારે રૂ.૯૫ બોલાયા હતા તે સોમવારે સવારે રૂ.૯૩.૫૯ ખુલી નીચામાં ભાવ રૂ.૯૩.૫૭ સુધી બોલાઈ ગયા હતા. જો કે ત્યારબાદ ડોલરના ભાવ ફરી ઉછળી ઉંચામાં ભાવ રૂ.૯૫.૨૪ની ટોચે પહોંચી રૂ.૯૫.૧૧ રહ્યા હતા. શેરબજારમાં નવો કડાકો બોલાતાં તથા વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવ વધી બેરલના ઉંચામાં ૧૧૭ ડોલર નજીક પહોંચી ગયાના નિર્દેશો વચ્ચે રૂપિયા પર દબાણ ચાલુ રહ્યું હતું



રિઝર્વ બેન્કના સૂત્રોના જણાવ્યા મુજબ ઓનશોર ડિલીવરેબલ માર્કેટમાં દરેક દિવસના અંતે ભારતીય રૂપિયાની નેટ ઓપન પોઝીશન ૧૦ કરોડ ડોલરની સપાટીની અંદર રાખવાનું ઓથોરાઈઝડ ડિલર્સને જણાવવામાં આવ્યું છે. ડોલરમાં તેજીનો સટ્ટો કાબુમાં રાખવા રિઝર્વ બેન્કે આવો આદેશ બહાર પાડતાં મુંબઈ કરન્સી બજારમાં ડોલર સામે રૂપિયો ઝડપી ઉંચકાયો હતો. જો કે ત્યાર બાદ ડોલર ફરી ઉછળતાં રૂપિયો ગબડી રૂ.૯૫ની અંદર જતો રહ્યો હતો.

દરમિયાન, વિશ્વ બજારમાં ડોલરનો ગ્લોબલ ઈન્ડેક્સ ઉંચામાં ૧૦૦.૩૪ થઈ ૧૦૦.૨૫ રહ્યાના નિર્દેશો હતા. ડોલરનો વૈશ્વિક ઈન્ડેક્સમાં માર્ચમાં નોંધાયેલી વૃદ્ધિ છેલ્લા ૮ મહિનાની સૌથી મોટી મંથલી વૃદ્ધિ હોવાનું બજારના જાણકારો જણાવી રહ્યા હતા. વોર-ઈફેક્ટ વચ્ચે વિશ્વ બજારમાં ડોલરમાં સેફ-હેવન બાઈંગ જોવા મળ્યું હતું.

દરમિયાન, મુંબઈ બજારમાં રૂપિયા સામે બ્રિટીશ પાઉન્ડના ભાવ ૭૫ પૈસા ઘટી નીચામાં ભાવ રૂ.૧૨૪.૧૭ થઈ રૂ.૧૨૫.૩૮ રહ્યા હતા. યુરોપીયન કરન્સી યુરોના ભાવ ૨૬ પૈસા ઘટી નીચામાં ભાવ રૂ.૧૦૭.૮૨ થઈ રૂ.૧૦૮.૯૪ રહ્યા હતા. જાપાનની કરન્સી રૂપિયા સામે ૦.૦૩ ટકા વધી હતી જ્યારે ચીનની કરન્સી ૦.૧૧ ટકા માઈનસમાં રહી હતી.

ડોલર સામે રૂપિયામાં બેતરફી ૧૬૭ પૈસાનો ઉછળકુદ નોંધાતા દૈનિક વધઘટનો પણ નવો રેકોર્ડ સર્જાયો હોવાનું બજારના સૂત્રોએ જણાવ્યું હતું. રૂપિયો ગબડતાં તથા ડોલર ઉછળતાં દેશમાં ફુગાવો તથા મોંઘવારી વધશે.

સામે ડોલરના ભાવ ફરી ઘટી રૂ.૯૪.૭૭ રહ્યા હતા જે ઉંચામાં રૂ.૯૫.૨૪ સુધી ઉછળ્યા હતા. રૂપિયા તથા ડોલરના ભાવમાં બેતરફી મોટી ઉછળકૂદ દેખાઈ હતકી. દરમિયાન, મોડી સાંજે બ્રિટીશ પાઉન્ડના ભાવ રૂ.૧૨૫.૫૧ રહ્યા હતા

ભારતીય રૂપીયાનું છેલ્લા ૧૪ વર્ષમાં ધોવાણ નથી થયું તેવું ઐતિહાસીક ધોવાણ થયું છે. માર્ચ માસમાંજ યુધ્ધના કારણે રૂપીયાનું ૧૦ ટકા જેવું ધોવાણ થઈ ગયું છે.

### સ્ટ્રેટ ઓફ હોર્મુઝ બંધ થાય તો પણ ભારતનો વેપાર અકબંધ રહેશે

# ખાડી યુધ્ધમાં આફ્રિકાને રસ્તે ઈંધણ લઈ આવવાનો માર્ગ મોકળો

## સંકટના સમયે ભારતે સપ્લાય ચેઈન જાળવી રાખવા નવા દેશોમાંથી આયાત વધારી, એલપીજી અને એલએનજીના પૂરતા સ્ટોક સાથે પરિસ્થિતિ નિયંત્રણમાં હોવાની સરકારની ખાતરી

**અબતક, નવી દિલ્હી**

પશ્ચિમ એશિયામાં સંઘર્ષ શરૂ થયો ત્યારથી એક મહિના અગાઉની સરખામણીમાં ભારતમાં ક્રૂડ, એલપીજી અને એલએનજીની ઉપલબ્ધતામાં નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે. પેટ્રોલિયમ મંત્રાલયના અધિકારીએ સોમવારે આ અંગેની માહિતી આપી હતી. તેઓના જણાવ્યા અનુસાર આફ્રિકન દેશોમાંથી આયાત વધારવામાં આવી છે. જેથી હવે પરિસ્થિતિ નિયંત્રણમાં છે.

હોર્મુઝની સ્ટ્રેટમાં વિક્ષેપને કારણે સર્જાયેલી અછતને પહોંચી વળવા ભારતે ક્રૂડ અને ગેસના સોર્સિંગમાં વિવિધતા લાવી છે. રિટેલ ગ્રાહકો અને મહત્વપૂર્ણ ક્ષેત્રોને અસર ન થાય તે સુનિશ્ચિત કરવા માટે એલપીજી અને એલએનજી સપ્લાયને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. પેટ્રોલિયમ મંત્રાલયના સંયુક્ત સચિવ સુજાતા શર્માએ જણાવ્યું હતું કે ઊર્જાની ઉપલબ્ધતામાં ચોક્કસપણે સુધારો થયો છે અને આપણે એક મહિના પહેલા કરતા ઘણી સારી સ્થિતિમાં છીએ.

ભારત દરરોજ ૫.૫ થી ૫.૬ મિલિયન બેરલ ક્રૂડની આયાત કરે છે. સંઘર્ષ પહેલાં તેમાંથી ૪૦-૪૫ ટકા હિસ્સો સ્ટ્રેટ માર્ગે આવતો હતો. એલપીજી માટે ભારત તેની ૩૧ મિલિયન ટનની વાર્ષિક માંગના ૬૦ ટકા આયાત દ્વારા પૂરી કરે છે, જેમાંથી ૯૦ ટકા સ્ટ્રેટ માર્ગે આવે છે. આ ઉપરાંત નેચરલ

(અનુ. આઠમા પાને)

### જેમ્સ અને જ્વેલરી ક્ષેત્રને રાહતઃ નિકાસ-આયાતની સમયમર્યાદા 30 દિવસ વધારાઈ

મધ્ય પૂર્વની કટોકટીના કારણે કાર્ગો મૂવમેન્ટમાં થયેલા વિક્ષેપને ધ્યાનમાં રાખીને સરકારે જેમ્સ અને જ્વેલરી સેક્ટરને નિકાસ અને આયાતની સમયમર્યાદા પૂરી કરવા માટે વધારાના 30 દિવસની છૂટ આપી છે. ડિરેક્ટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડ દ્વારા આ જાહેરાત કરવામાં આવી છે, જેમાં કોઈપણ ફી કે અરજી વિના મુદત વધારવામાં આવી છે. આ નિર્ણયથી સર્ટિફિકેશન માટે આયાત કરાયેલા હીરાના રી-એક્સપોર્ટ માટેનો સમય ૯0 દિવસથી વધારીને ૧૨0 દિવસ કરવામાં આવ્યો છે. લોજિસ્ટિકલ વિલંબ વચ્ચે નિકાસકારોને સરળતાથી કામકાજ પૂર્ણ કરવામાં મદદ કરવા માટે આ વન-ટાઈમ રાહત આપવામાં આવી છે. ઉદ્યોગના નિષ્ણાતોના મતે ઈરાન પર યુએસ-ઈઝરાયેલના હુમલા બાદ દરિયાઈ અને હવાઈ માર્ગો પ્રભાવિત થયા છે, ત્યારે જેમ્સ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલના પૂર્વ ચેરમેન કોલિન શાહે આ પગલાને આવકાર્યો છે.

### પહેલો સગો પાડોશી
### બાંગ્લાદેશને ભારત તરફથી પાઈપલાઈન દ્વારા ૭,000 ટન ડીઝલનો નવો જથ્થો મળશે

ભારતની નુમાલીગઢ રિફાઈનરીમાંથી પાઈપલાઈન દ્વારા બાંગ્લાદેશને ૭,000 ટન ડીઝલનો નવો જથ્થો મોકલવામાં આવી રહ્યો છે. બાંગ્લાદેશના ઉર્જા મંત્રી ઈકબાલ હસન મહમૂદ ટુકુએ સોમવારે સંસદમાં જણાવ્યું હતું કે પશ્ચિમ એશિયાની કટોકટી વચ્ચે સપ્લાયની અછત કરતા ઈંધણની સંગ્રહખોરી વધુ ચિંતાજનક બાબત છે. ભારત-બાંગ્લાદેશ ફ્રેન્ડશિપ પાઈપલાઈન મારફતે શનિવાર સાંજથી ઈંધણ પહોંચવાનું શરૂ થઈ ગયું છે અને મંગળવાર સુધીમાં ડિલિવરી પૂર્ણ થવાની ધારણા છે. અખાતી દેશોની આયાત પર નિર્ભર બાંગ્લાદેશે આ અગાઉ પણ ૧૫,000 ટન અને ૨૫ માર્ચના રોજ ૫,000 ટન ઈંધણ પાઈપલાઈન મારફતે મેળવ્યું હતું.

### દિવંગત વડાપ્રધાન ઈન્દિરા ગાંધીના હત્યારાનો ભત્રીજો ખાલીસ્તાનના રવાડે

# સતવંત સિંઘનો ભત્રીજો બલતેજ સિંઘ ઈન્ટરનેશનલ ડ્રગ્સ કાર્ટલ ચલાવી ખાલીસ્તાનમાં ફંડ આપતો હતો

## ભારત અને ન્યુઝીલેન્ડમાં ડ્રગ્સનું નેટવર્ક ચલાવતા બલતેજ સિંઘને કોર્ટે ૨૨ વર્ષની સજા ફટકારી

**અબતક, નવી દિલ્હી**

ઓકટોબર ૧૯૮૪માં તત્કાલીન પીએમ ઈન્દિરા ગાંધીની હત્યા કરનારા બે અંગરક્ષકોમાંથી એક સતવંત સિંઘના ભત્રીજા બલતેજ સિંઘ વિશે મોટો ખુલાસો થયો છે. બલતેજ સિંઘ કેનેડા, ભારત અને ન્યુઝીલેન્ડમાં આ દેશોના પ્રો-ખાલિસ્તાન તત્વો સાથે મળીને આંતરરાષ્ટ્રીય મેથ (ડ્રગ્સ) કાર્ટેલ ચલાવતો હતો.

સૂત્રોના જણાવ્યા અનુસાર, આ ડ્રગ્સના પૈસાથી કહેવાતા ખાલિસ્તાન આંદોલનને ફંડિંગ કરવામાં આવતું હતું. બલતેજ ઓકલેન્ડમાં ભારત વિરોધી અને ખાલિસ્તાન તરફી રેલીઓ માટે માસ્ટરમાઈન્ડ અને મુખ્ય ફંડરેઝરમાંનો એક હતો. હવે કેનેડામાં પણ તેના પ્રો-ખાલિસ્તાન ડ્રગ્સ હેરફેર નેટવર્ક અંગે તપાસ શરૂ થવાની શક્યતા છે. માર્ચ ૨૦૨૩માં ઓકલેન્ડમાં ડ્રગ્સના મોટા જથ્થા સાથે બલતેજ સિંઘની ધરપકડ

(અનુ. આઠમા પાને)

### બીયરના કેનમાં સંતાડીને લાવતો હતો ડ્રગ્સ

ડ્રગ્સ કૌભાંડની તપાસ દરમિયાન તપાસકર્તાઓને લાલ રીંછ અને મેપલ લીફના ચિત્રવાળું ૪૭૩-એમએલ નું બ્લુ કલરનું બીયરનું કેન મળ્યું હતું. આ કેનમાં રહેલા પ્રવાહીનું વિશ્લેષણ કરતા જાણવા મળ્યું કે તેમાં મેથ (ડ્રગ્સ) હતું. બલતેજ સિંઘ બીયરના કન્સાઈનમેન્ટની આડમાં ખતરનાક પ્રવાહી ડ્રગ્સની હેરાફેરી કરતો હતો.

# ૧૫ જેટલા આંતકવાદી ગ્રુપોને પનાહ આપે છે પાકિસ્તાનઃ અમેરિકા

## કાશ્મીરમાં અસ્થિરતા ફેલાવવા માંગતા હિઝબુલ મુજાહિદ્દીન પાસે અંદાજે ૧૫૦૦ અને જૈશ-એ-મોહમ્મદ પાસે ૫૦૦ જેટલા સશસ્ત્ર આતંકીઓનું સક્રિય નેટવર્ક

**અબતક, નવી દિલ્હી**

પાકિસ્તાન એક તરફ વિશ્વ મંચ પર પશ્ચિમ એશિયાના દેશો વચ્ચે મધ્યસ્થી બનવાના પ્રયાસો કરી રહ્યું છે, ત્યારે બીજી તરફ અમેરિકાના તાજેતરના અહેવાલે તેની પોલ ખોલી નાખી છે. અમેરિકાના ’કોંગ્રેસનલ રિસર્ચ સર્વિસ’ના નવા રિપોર્ટ અનુસાર, પાકિસ્તાન હજુ પણ ૧૫ જેટલા મોટા આતંકવાદી સંગઠનો માટે સુરક્ષિત આશ્રયસ્થાન બનેલું છે. દાયકાઓથી ચાલી રહેલા સૈન્ય ઓપરેશનો અને આતંકવાદ વિરોધી નીતિઓના દાવા છતાં પાકિસ્તાની ધરતી પર આતંકવાદી નેટવર્ક યથાવત છે.

રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે પાકિસ્તાને ૨૦૧૪માં ’નેશનલ એક્શન પ્લાન’ હેઠળ તમામ સશસ્ત્ર જૂથોને ખતમ કરવાનો વાયદો કર્યો હતો, પરંતુ વાસ્તવિકતા તેનાથી તદ્દન અલગ છે. હાલમાં પાકિસ્તાનમાં ૧૫ જેટલા મુખ્ય આતંકવાદી જૂથો સક્રિય છે, જે પાંચ અલગ-અલગ શ્રેણીઓમાં વહેંચાયેલા છે. જેમાં વૈશ્વિક સ્તરે સક્રિય જૂથો, અફઘાનિસ્તાન-કેન્દ્રિત, ભારત અને કાશ્મીર-કેન્દ્રિત, પાકિસ્તાની ઘરેલું જૂથો અને કટ્ટરપંથી સાંપ્રદાયિક જૂથોનો સમાવેશ થાય છે. આ ૧૫ સંગઠનોમાંથી ૧૨ જેટલા જૂથોને તો અમેરિકાએ પોતે ’ફોરેન ટેરરિસ્ટ ઓર્ગેનાઈઝેશન’ તરીકે જાહેર કરેલા છે.

(અનુ. આઠમા પાને)



## પ્રાચીન ભારતઃ વિશ્વને માર્ગ બતાવતું જ્ઞાનકુંજ

# વેદોથી વિજ્ઞાન સુધીઃ પ્રાચીન ભારતની શૂન્યથી બ્રહ્માસ્ત્ર સુધીની ગૌરવગાથા

## દુનિયાના આ દસ મહાન આવિષ્કાર, જેની શોધ ભારતે કરી હતીઃ પ્રાચિનકાળથી જ શોધ-સંશોધનોમાં આપણો દેશ આગળ રહ્યો છેઃ આજના યુગમાં પણ 'નાસા' જેવી વૈશ્વિક સંસ્થામાં ભારતનું બ્રેઈન મોખરે છેઃ પ્રાચિન ભારતની વૈજ્ઞાનિક સિધ્ધીઓનો સમગ્ર વિશ્વ ઉપયોગ કરે છે

**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
**મો.૯૮૨૫૦૭૮૦૦૦**

અત્યારે વિશ્વમાં યુધ્ધનો માહોલ જોવા મળી રહ્યો છે, ત્યારે પ્રાચીન ભારતના શસ્ત્રો વિશે જાણવું જરૂરી છે. આજે પણ ભારતનાં વૈજ્ઞાનિકો વિશ્વના કોઈથી ઓછા નથી, આજે નાસા જેવી વૈશ્વિક સંસ્થામાં ભારતનું બ્રેઈન મોખરે છે. આપણા જ વૈજ્ઞાનિકો એ સાવ ઓછા ખર્ચમાં મંગળગ્રહ પર યાન મોકલવાનો પ્રયાસ કર્યો હતો. વિશ્વના સૌથી નાના કણો, પાર્ટીકલની આપણા વૈજ્ઞાનિક સત્યેન્દ્રનાથ બોઝે શોધ કરી હતી. આ સાથે વિશ્વની એવી ૧૦ મહાન શોધ કે આવિસ્કાર છે જે ભારતે શોધ કરી છે. આજના લેખમાં આ વિષયક માહિતી વાંચકો માટે પ્રસ્તુત છે.


**વિમાનઃ** એરોપ્લેનની શોધ તો રાઈટ બંધુએ કરી પણ એ પહેલા સદી પૂર્વે મહર્ષિ ભારદ્વાજે વિમાન ઉપર પુસ્તક લખેલું. વિમાન શાસ્ત્રનું સંસ્કૃતમાં લખાયેલ પુસ્તક છે. આપણા શાસ્ત્રોમાં પુષ્કર પરોક્ષ કે ગોધા વિમાનનો ઉલ્લેખ શાસ્ત્રોમાં જોવા મળે છે. પ્લાસ્ટિક સર્જરીનો પિતામહ ભારત છે. આપણા દેશમાં ૩ હજાર વર્ષ પહેલા સર્જરી શોધ મહર્ષિ સુશ્રુતે કરી હતી. ૧૦૦૦ બીસીના આરોગ્ય તબીબે સાથે મળીને કૃત્રિમ અંગો, પ્લાસ્ટિક સર્જરી જેવા રોગ ઉપચાર માટેના ઉપકરણો શોધ્યા હતા. ધનુષ તીર કે તલવાર નહીં પણ રામાયણ-મહાભારતમાં પશુપત્ર, સર્પસ્ત્ર, બ્રહ્માસ્ત્ર જેવા ઘણા ઘાતક હથિયારોનો ઉલ્લેખ જોવા મળે છે. જે આજના યુગ સાથે સરખાવો તો બંદુક મશીનગન, મિસાઈલો, અણુ કે પરમાણુ બોંબ, ઝેરગેસ તથા તોપ કરતા પણ અદ્યતન હતા. થોમસ એડિસન બલ્બ બનાવતી વખતે એક હજાર વાર નિષ્ફળ ગયા, ત્યારે મહર્ષિ અગસ્ત્ય દ્વારા લખાયેલ પુસ્તકમાં સંસ્કૃતના શ્લોકનો અર્થ સમજીને પ્રયાસ કરતાં તેને સફળતા મળી હતી, તેમ પોતે જાતે જણાવેલ હતુ.

મહાભારત કે રામાયણમાં ૫ હજાર વર્ષ પહેલા રથ દ્વારા યુધ્ધો થયા. આપણા ગ્રંથોમાં રથનાં પૈડાની વાતો પણ છે. શ્રી કૃષ્ણ પણ અર્જુનના સારથી હતા માટે આ શોધ ઈરાનમાં નહી ભારતે જ કરી છે.



**ભૂમિતિઃ** ગ્રીસના મહાનગણિત શાસ્ત્રી પાયથા ગોરસે સિધ્ધાંત ૫૦૦ બી.સી.માં આપ્યો પણ આપણા ગણીત શાસ્ત્રી અને શુલશુત્ર અને સ્રોતસુત્રના નિર્માતા બૌધાયે ઈ.સ. પૂર્વે ૮૦૦માં ભૂમિતિના નિયમો શોધ્યા હતા.

**ગુરૂત્વાકર્ષણનો નિયમઃ** ભારતનાં પ્રાચિન ગણીત શાસ્ત્રી અને ખગોળ શાસ્ત્રી ભાસ્કરાચાર્યનું સિધ્ધાંત શિરોમણી પુસ્તક વિવિધ ભાષામાં અનુવાદ થયો હતો. જેમાં લખેલ છે. કે પૃથ્વી તેના આકાશના પદાર્થને શકિતથી પોતાની તરફ ખેંચે છે, ન્યુટને તો ઘણા વર્ષો બાદ શોધ કરી.



**બટનઃ** બટનનો પુરાવો મોહજો-દરોનાં ખોદકામ દરમ્યાન મળ્યો હતો. જે સિંધુ નદીનાં ૨૫૦૦ થી ૩૦૦૦ વર્ષ પહેલા અસ્તિત્વમાં છે. બટન વિદેશમાં નહી પણ ભારતમાં આદિકાળથી હતા, અહીં સોય થી દોરા સુધીની દરેક વસ્તુની શોધ થઈ છે. મોહેજો-દરોમાંથી મળેલા અવશેષોમાં પાંચ હજાર વર્ષ પહેલાં બનેલા શંખ અને છિપલાના બટન મળ્યા હતા. વળી આ બટન વિવિધ આકારના અને અલંકારીક હતા.

**રેડિયોઃ** આ શોધ જી માર્કોની એ કરી પણ આપણા વૈજ્ઞાનિક જગદીશચંદ્ર બોઝની લાલ ડાયરીમાંથી કેટલીક નોંધના આધારે ૧૯૦૯માં તેમણે શોધ કરી હતી, તેમની ડાયરી બ્રિટીશ શાસન કાળ દરમ્યાન હાથ લાગી હતી. ૧૮૯૫માં બોઝે રેડિયો તરંગોનુ પ્રદર્શન કરેલ હતુ. તેના પછી બે વર્ષે જી.માર્કોનીએ પ્રદર્શન કર્યુંને બધો જશ લઈ ગયા.

**વ્યાકરણઃ** આજથી ૫૦૦ બી.સી. પહેલા મહર્ષિયાનીએ વ્યાકરણ નિર્માણ કર્યું, તેણે સંસ્કૃત ભાષાને વ્યાકરણ સ્વરૂપ આપવામાં મહત્વનુ યાગેદાન આપ્યું હતુ. તમને જાણીને નવાઈ લાગશે કે સંસ્કૃત ભાષાને કોમ્પ્યુટર માટે સૌથી યોગ્ય ભાષા ગણાવી છે, કારણ કે વિશ્વની સૌથી શુધ્ધ પક્ષપાતી ભાષા છે.

**રૂ પિંજવાની પણછ :** રૂને પિંજીને સાફ કરી કપાસિયા અલગ પાડવાની શોધ બે હજાર વર્ષ પહેલાં ભારતમાં થઈ હતી. ધનુષ્યની કમાન જેવી પણછની દોરી ધ્રુજાવીને રૂમાંથી કચરો ઉડાડવાની આ પદ્ધતિનો વ્યાપક રીતે ઉપયોગ થતો હતો.

**કેલિકોઃ** કાપડ ઉપર રંગીન છાપકામ કરવાની કળાને કેલિકો કહે છે. કમળ અને ફૂલવેલીની ડિઝાઈન વાળા કપડા ભારતમાં ૧૧મી સદીમાં બનતા હતા. લાકડાના કોતરણી કરેલા બિબા વડે એકસરખી પેટર્નનું છાપકામ થતું

**ક્રૂસિબલ સ્ટીલઃ** કાટ ન લાગે તેવા સ્ટીલની શોધ મૂળ ભારતમાં થયેલી કાચુ લોખંડ, કોલસો અને કાચ ભેળવીને પથ્થરના મોટા વાસણમાં મૂકી ગરમ કરી તેને પિગાળીને સ્ટીલ બનતું હતું. પથ્થરના આ વાસણને ક્રૂસિબલ કહે છે, તેમાં લોખંડ પિગાળીને પ્રવાહી બનાવાય છે.

**શાહીઃ** લખવા માટે કલમ અને પેનમાં ઉપયોગ થતી ભૂરી અને કાળી શાહીની શોધ ચોથી સદીમાં ભારતમાં થયેલી તેને 'મસી' કહેતા. ભારતમાં પ્રાચીન ખરોષ્ટી ભાષામાં શાહીથી લખેલા પત્રોન અવશેષો મળી આવ્યા છે.

**ફૂટપટ્ટીઃ** પ્રાચીન કાળમાં સિંધુ નદીની ખીણમાં હાથી દાંતની ફૂટપટ્ટી વપરાતી હતી. એક ઈંચના સોળ ભાગ કરીને તેની રેખાઓ દર્શાવાતી, આ ફૂટપટ્ટીનો ઈંટો બનાવવામાં ઉપયોગ થતો હતો. લોથલ ભૂરખીમાં ખોદકામ દરમિયાન ઈ.સ. ૨૪૦૦ના સમયની ફૂટપટ્ટીના અવશેષો મળ્યા હતા.

**પ્રાચીન ભારતના દસ ઘાતક શસ્ત્રોઃ** ચક્રમ, હલાદી, પરશુ કે કુહાડી, ગદા, વાઘ નખ, ઉસમી, દંડપટ્ટ, ખુકરી, કટાર અને કિરપાણ જેવા શસ્ત્રો હતા.

### ભારત લગભગ ૮૦૦૦ વર્ષ જૂનો પ્રાચીન દેશ છે

એ જમાનામાં આપણા અદભુત ભારતીય લોકો તેમના પ્રદેશમાં રહેતા હતા. જે અનેક સામાજિક વર્ગોમાં વહેંચાયેલા હતા, તેમની પોતાની ભાષા અને લિપિ હતી. પ્રાચીન ભારતે આપણને કપાસ અને શેરડી જેવા પાકો આપ્યા હતા. એ જમાનામાં પાતળું ફેબ્રિક કાપડ બનાવ્યું હતું અને હાથી જેવા મોટા કદાવર પ્રાણીઓને પણ કાબુમાં રાખ્યા હતા. જુદા જુદા દેવોની પૂજા કરતા હતા. પ્રાણીઓને પણ દેવીકૃત કરવામાં આવ્યા હતા. દેવતાઓ સાથે વેદ સંસ્કૃત ભાષા અને બ્રાહ્મણો સંસ્કૃતિ અને પવિત્ર જ્ઞાનના રક્ષક તરીકે આદરણીય હતા. બ્રાહ્મણોને જીવંત દેવ માનવામાં આવતા હતા. વિસ્તારની દ્રષ્ટિએ ભારત ઈજિપ્ત, મેસોપોટેમીયા, એશિયા, ઈરાન, સીરિયા, ફેનેસીયા, પેલેસ્ટાઈના સંયુક્ત સમાન હતું. એ જમાનામાં સિંધુ ખીણમાં એક રાજ્ય હતું, જેમાં બે રાજધાની હતી. ઉત્તરમાં હડપ્પા અને દક્ષિણમાં મોહેંજો-દરો ની સંસ્કૃતિ હતી.

**પ્રાચીન ભારતમાં ગણિતશાસ્ત્ર, ખગોળશાસ્ત્ર સાથે શુન્યની શોધ આપણે કરી છેઃ વર્ગમૂળ ઘનમૂળના નિયમો, સમીકરણો જેવી ઘણી શોધો વિશ્વને ભારતે આપી છેઃ ભારત અનન્ય પરંપરા ધરાવતો વિશ્વનો સૌથી પ્રાચિન દેશ છે**

# અમદાવાદ ગુરૂકુલ ખાતે ભક્તિ અને સાહિત્યનો દિવ્ય સમન્વયઃ ચૈત્રી કથામૃત

**અબતક, રાજકોટ**

અમદાવાદ શ્રી સ્વામિનારાયણ ગુરુકુલના પ્રાંગણમાં ચૈત્રી નવરાત્રીના પવિત્ર અવસરે અધ્યાત્મ અને સાહિત્યનો એક અભૂતપૂર્વ ત્રિવેણી સંગમ રચાયો હતો. સંસ્થાના અધ્યક્ષ પૂ.માધવપ્રિયદાસજી સ્વામીના વ્યાસપીઠે આયોજિત 'ચૈત્રી કથામૃત' પારાયણે હજારો ભક્તોના હૃદયમાં ભક્તિનો સંચાર કર્યો હતો. આ નવ દિવસીય જ્ઞાનયજ્ઞમાં પૂ.સ્વામીજીએ સદ્ગુરૂ નિષ્કુળાનંદ સ્વામી દ્વારા આલેખિત 'સારસિદ્ધિ' ગ્રંથના આધારે અત્યંત મનનીય શૈલીમાં કથામૃતનું પાન કરાવ્યું હતું. કથા દરમિયાન સ્વામીજીએ નિષ્કુળાનંદ સ્વામીનું ત્યાગમય જીવન, ભગવાન શ્રી સ્વામિનારાયણનું કઠિન સાધનાકાળ અને સંપ્રદાયના મહાન

### સુપ્રસિધ્ધ સાહિત્યકારો રહ્યા ઉપસ્થિત



સંતો-ભક્તોના જીવનના અણમોલ પ્રસંગો વર્ણવીને સ્વામિનારાયણ સંપ્રદાયના ગૂઢ રહસ્યોને શ્રોતાઓ સમક્ષ ઉદઘાટિત કર્યા હતા. આ દિવ્ય વાણીનું શ્રવણ કરવા માટે દૂર-દૂરથી મોટી સંખ્યામાં હરિભક્તો ઉમટી પડ્યા હતા અને કથાના માધ્યમથી જીવન ઘડતરની પ્રેરણા મેળવી હતી. આ મહોત્સવમાં પદ્મશ્રી કુમારપાળભાઈ દેસાઈ, માધવ રામાનુજ જેવા દિગ્ગજ સાહિત્યકારોની ઉપસ્થિતિએ વાતાવરણને સાહિત્યમય બનાવી દીધું હતું.

# સાબરકાંઠાઃ કટ્ટીધામથી સમેશ્વર મંદિરને જોડતા મેજર બ્રિજનું ખાતમુહૂર્ત

## રૂ.૧૩.૯૯ કરોડના ખર્ચે નવો બ્રિજ બનશે, સુવિધા વધતા ભકતો ગ્રામજનોને રાહત થશે

**અબતક, સંજય દિક્ષિત, સાબરકાંઠા**

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર તાલુકાના કડોલી ખાતે ડેભોલ નદી પર કટ્ટીધામથી સમેશ્વરને જોડતા મેજર બ્રિજનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું આ બ્રિજ રૂપિયા ૧૩.૯૯ કરોડના ખર્ચે બનવા જઈ રહ્યો છે હિંમતનગરના ધારાસભ્ય વી.ડી.ઝાલાના હસ્તે સોમવારે આ ખાતમુહૂર્ત સંપન્ન થયું હતું

આ ૧૦૮ મીટર લાંબો છે. તેમાં ૧૮ મીટરના છ ગાળા,૪૮ પાઈલ અને ૬ પિયર હશે જે ૧૧ મીટર ઊંચો બનશે સુરતની સી.આર.પી. ઈન્ફ્રાસ્ટ્રક્ચર દ્વારા ૧૧ મહિનામાં તેનું નિર્માણ પૂર્ણ



થશે. આ બ્રિજના નિર્માણથી કટ્ટી મંદિર અને સમેશ્વર મંદિર વચ્ચેનો સંપર્ક વધુ સુગમ બનશે ભક્તો અને સ્થાનિક ગ્રામજનોને અવરજવરમાં મોટી રાહત મળશે જેનાથી ધાર્મિક સ્થળો પર પ્રવાસીઓની સંખ્યામાં પણ વધારો થશે. આ પુલના નિર્માણથી વિસ્તારના અનેક ગામોને સીધી કનેક્ટિવિટી મળશે જે ધાર્મિક,સામાજિક અને આર્થિક વિકાસને નવી દિશા આપશે ખાસ કરીને ચોમાસાની સીઝન દરમિયાન થતી મુશ્કેલીઓનો અંત આવશે અને લોકો માટે સરળ અવરજવર સુનિશ્ચિત બનશે ધારાસભ્ય વી.ડી. ઝાલાએ આ પ્રસંગે વિસ્તારના સર્વાંગી વિકાસ માટે સતત પ્રયાસો ચાલુ રાખવાની ખાતરી આપી હતી.

આ ખાતમુહૂર્ત પ્રસંગે પૂર્વ જિલ્લા મહામંત્રી વિજય પંડ્યા, તાલુકા મહામંત્રી ભગીરથસિંહ ઝાલા,સેવા સહકારી ચેરમેન કનુ પટેલ,પૂર્વ તાલુકા પંચાયત ઉપપ્રમુખ હિતેષ પટેલ, કડોલી સરપંચ નરેન્દ્રસિંહ ઝાલા, પંચાયતના સદસ્યો તથા જોરાપુર, મુનપુર, ખેડાવાડા, દેરોલ સરપંચ સહિત અનેક આગેવાનો અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## આવતીકાલનું રાશિફળ

**તા.૧.૪.૨૦૨૬ બુધવાર, સંવંત ૨૦૮૨, ચૈત્ર સુદ ચતુર્દશી, ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર વૃદ્ધિ યોગ, વણિજ કરણ આજે જન્મેલાંની ચંદ્ર રાશિ કન્યા (પ,ઠ,ણ) રહેશે**

**મેષ** (અ,લ,ઈ) : તબિયતની કાળજી લેવી,ખાવા પીવામાં ખ્યાલ રાખવો, વધુ પડતી દોડધામ ટાળવા સલાહ છે.

**વૃષભ** (બ,વ,ઉ) : સંતાન અંગે સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો, ગમતી વ્યક્તિથી મુલાકાત થાય.

**મિથુન** (ક,છ,ઘ) : તમામ ભૌતિક સુખ સગવડ આપતો દિવસ, પ્રગતિ થાય, આજ દિવસે યોગ્ય નિર્ણય કરી શકો.

**કર્ક** (ડ,હ) : સાહસથી સિદ્ધિ પ્રાપ્ત થાય, આગળ વધવાની તક પ્રાપ્ત થાય, મિત્રોની મદદ મળી રહે.

**સિંહ** (મ,ટ) : તમારા યોગ્ય વાણી-વર્તનથી અટકેલાં કાર્ય પૂર્ણ કરી શકો, સામી વ્યક્તિ પાસે થી કામ લઇ શકો, શુભ દિન.

**કન્યા** (પ,ઠ,ણ) : તમારા ક્ષેત્રમાં તમે આગળ વધી શકો, રચનાત્મક કામગીરી કરી શકો, તમારા કાર્યની સરાહના થાય.

**તુલા** (ર,ત) : ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણમાં આવે, કામ કાર્યનો સંતોષ પ્રાપ્ત થાય, યોગ્ય જગ્યા એ નાણાં રોકી શકો.

**વૃશ્ચિક** (ન,ય) : વેપારીવર્ગને મધ્યમ રહે, સ્ત્રીવર્ગ માટે ઉત્સાહજનક, તમારા હક માટે અવાજ ઉઠાવી શકો.

**ધન** (ધ,ભ,ફ,ઢ) : નોકરિયાતવર્ગને ઈચ્છીત કામગીરી મળે, વેપારીવર્ગને લાભ થાય, ધંધા રોજગારમાં સારું રહે, પ્રગતિ થાય.


**મકર** (ખ,જ) : ઘણા સમયથી રાહ જોઈ રહ્યા હોય તેવું વાતાવરણ બને, ભાગ્યની દેવી રીઝતી જણાય, નવીન તક હાથમાં આવે.

**કુંભ** (ગ,સ,શ) : ભ્રમની સ્થિતિઓમાં થી હવે બહાર આવવાની જરૂર છે, તમે સત્ય સ્વીકારી બુદ્ધિપુર્વક આગળ વધશો તો લાભ થશે.

**મીન** (દ,ચ,ઝ,થ) : આંતરિક જીવનમાં મધ્યમ રહે પણ જાહેરજીવનમાં સારું રહે, યશ-પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય.

# દ્વારકા પંચમુખી હનુમાનજી મંદિરે ધાર્મિક કાર્યક્રમો યોજાશે

**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**



પવનપુત્ર હનુમાનજીના પ્રાકટયોત્સવ પ્રસંગે દ્વારકાના ગાયત્રી મંદિર પાસે આવેલા શ્રી પંચમુખી હનુમાનજી મંદિરે શ્રેણીબદ્ધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. સવારે ૯:૩૦ કલાકે હનુમાનજીનું પૂજન, સવારે ૧૦ કલાકે સુંદરકાંડના પાઠ, સાંજે ૫ કલાકે સત્યનારાયણની કથા, સાંજે ૭ કલાકે મહાઆરતી, રાત્રે ૭:૩૦ કલાકે બ્રહ્મભોજન, સંતભોજન તથા મહાપ્રસાદ, રાત્રે ૧૦ કલાકે સંતવાણી (કલાકારો નિર્મળાબેન દુધરેજીયા તથા અભુભા કેર) સહિતના શ્રેણીબદ્ધ ધાર્મિક કાર્યક્રમો પંચમુખી હનુમાનજી મંદિરના પટાંગણમાં યોજાશે. આ સમગ્ર ધાર્મિક કાર્યક્રમોનો લાભ લેવા શહેરની ધર્મપ્રેમી જનતાને મંદિરના મહંત દયાદાસબાપૂ ગુરૂ શ્રી કિશોરદાસ બાપૂ તરફથી જાહેર આમંત્રણ પાઠવવામાં આવેલ છે.

# ખીજડીયા-અમરેલી બ્રોડગેજ રેલવે લાઈનનું સફળ પરીક્ષણ

**અબતક, હર્ષ ઠાકર, અમરેલી**

ખિજડીયાથી અમરેલી સુધીના રેલવે બ્રોડગેજ પરિવર્તન પ્રોજેક્ટમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન પ્રાપ્ત થયું છે. ખિજડીયા રેલવે સ્ટેશનથી અમરેલી રેલવે સ્ટેશન સુધીની નવી બ્રોડગેજ લાઈન પર એન્જિનનું સફળતાપૂર્વક પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

પરીક્ષણમાં રેલવે એન્જિનને ૪૦ કિમી પ્રતિ કલાકની ઝડપે દોડાવવામાં આવ્યું હતું. રેલવે અધિકારીઓના જણાવ્યા અનુસાર, આગામી એક થી દોઢ મહિનામાં તમામ કામગીરી પૂર્ણ કરી એન્જિનને ૧૦૦ કિમી પ્રતિ કલાકની ઝડપે દોડાવવાની તૈયારી છે.

આ ગેજ પરિવર્તન પ્રોજેક્ટ પશ્ચિમ રેલવે હેઠળ હાથ ધરવામાં આવ્યો છે, જેનાથી આ વિસ્તારની રેલવે કનેક્ટિવિટીમાં મોટો સુધારો થશે. આ પરીક્ષણની સફળતાથી અમરેલી અને આસપાસના વિસ્તારના લોકોમાં આનંદની લહેર જોવા મળી રહી છે. ટૂંક સમયમાં આ રૂટ પર નિયમિત ટ્રેન સેવાઓ શરૂ થવાની શક્યતા છે.

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૩૧-૦૩-૨૦૨૬ મંગળવાર**
૧૨:૦૦ થી ૦૨:૩૦ ગુજરાતી મુવી (હેલ્લારો)
૦૨:૩૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (સંજય રાવલ)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (માં કી દાલ)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃ આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ પોડકાસ્ટ (ઝાફર ચા)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (રંગ રંગીલા ગુજ્જુભાઈ)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૦૧-૦૩-૨૦૨૬ બુધવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ રામકથા (પૂ.મોરારિબાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

**તા.૧-૪ -૨૦૨૬ બુધવાર**

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ**: ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** ચૈત્ર શુદ ચૌદશ વ્રતની પુનમ
**નક્ષત્ર** ઉત્તરાફાલ્ગુની
**યોગ** વૃધ્ધિ **કરણઃ** વિષ્ટિ
**સુર્યોદય** ૬.૪૧ **સુર્યાસ્તઃ** ૭.૦૧
**ચંદ્ર રાશી** કન્યા
**રાશિ અક્ષર** પ.ઠ.ણ
**દિશાશૂળ** ઉત્તર દિશા તરફ
**રાહુકાળ** બપોરે ૧૨ થી ૧.૩૦
**દિવસનાચોઘડીયા** લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ
**રાત્રીનાચોઘડીયા** ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૨૭ થી ૧.૧૬

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૯૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | | | | ૭ | | | | |
| ૬ | | | | ૪ | ૧ | ૨ | ૭ | ૩ |
| ૧ | | ૪ | | | ૨ | | | |
| | ૫ | ૧ | | | ૪ | | ૩ | |
| | | | | | ૩ | | ૧ | ૨ |
| ૨ | | | | | | ૭ | ૫ | |
| ૮ | | | | ૯ | | ૩ | ૨ | |
| | | | ૧ | | ૬ | | ૪ | ૫ |
| | ૬ | ૨ | ૮ | ૩ | | ૧ | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૯૩ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૬ | ૨ | ૫ | ૩ | ૯ | ૪ | ૮ | ૭ |
| ૫ | ૮ | ૩ | ૪ | ૬ | ૭ | ૨ | ૯ | ૧ |
| ૪ | ૭ | ૯ | ૨ | ૧ | ૮ | ૫ | ૩ | ૬ |
| ૭ | ૨ | ૮ | ૬ | ૫ | ૩ | ૯ | ૧ | ૪ |
| ૩ | ૯ | ૪ | ૭ | ૨ | ૧ | ૮ | ૬ | ૫ |
| ૬ | ૫ | ૧ | ૮ | ૯ | ૪ | ૭ | ૨ | ૩ |
| ૮ | ૧ | ૭ | ૩ | ૪ | ૨ | ૬ | ૫ | ૯ |
| ૯ | ૪ | ૬ | ૧ | ૮ | ૫ | ૩ | ૭ | ૨ |
| ૨ | ૩ | ૫ | ૯ | ૭ | ૬ | ૧ | ૪ | ૮ |

## ૨ એપ્રિલથી સેનાપતિ મંગળ મહારાજ મીન રાશિમાં પ્રવેશ કરશે



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

૨ એપ્રિલથી સેનાપતિ મંગળ મહારાજ મીન રાશિમાં પ્રવેશ કરશે અને સૂર્ય અને શનિ સાથે યુતિમાં આવશે જે યુદ્ધને થોડા દિવસ માટે વધુ આક્રમક અને સ્ફોટક બનાવે છે પરંતુ શનિને ડિગ્રીને ક્રોસ કાર્ય પછી પરિસ્થિતિમાં સુધારો આવશે. મંગળ મીનમાં સમર્પણ ભાવને મજબૂત કરવાનું દર્શાવે છે વળી મંગળ શિવના પ્રસ્વેદમાં થી ઉત્પન્ન થયા છે માટે પસીનો વળે એ રીતે કામ કરીએ તેનું પરિણામ એ આપે છે મંગળને ધ્યેયલક્ષી મહેનત કરવી ગમે છે અને વ્યૂહરચના મુજબ આગળ વધવું ગમે છે મીનમાં મંગળ શ્રમદાન કરવાનું સૂચન કરે છે તો બ્લડ ડોનેશન કરવાનું પણ સૂચન મીનમાં મંગળ થી થાય છે. બારમી રાશિમાં મંગળ ખર્ચ પણ કરાવે છે અને ઉતાવળા નિર્ણય કરાવતા જોવા મળે માટે આ સમયમાં કોઈ પણ નિર્ણય ઉતાવળે ના કરવા સલાહ છે અને જે કાર્ય કરીએ તેમાં સમર્પણ ની ભાવનાથી આગળ વધવું જોઈએ તો મંગળ અવશ્ય સફળતા અપાવે છે.

ગુજરાત સરકાર

# વિકસિત ભારત વિકસિત ગુજરાત





## માનનીય વડાપ્રધાન
# શ્રી નરેન્દ્ર મોદીના
## વરદ હસ્તે

**₹19,800 કરોડ** થી વધુના વિકાસલક્ષી
વિવિધ પ્રકલ્પોનાં **લોકાર્પણ** અને **ખાતમુહૂર્ત**

**અતિથિ વિશેષ**
## શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

**વિશેષ ઉપસ્થિતિ**

**શ્રી હર્ષ સંઘવી**
માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

**શ્રી શંકરભાઈ ચૌધરી**
માનનીય અધ્યક્ષ, વિધાનસભા, ગુજરાત

### કેન્દ્ર અને રાજ્ય સરકારના વિવિધ વિકાસલક્ષી પ્રકલ્પો

- શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના 44 પ્રકલ્પો
- કેન્દ્રના માર્ગ પરિવહન તથા રાજમાર્ગ મંત્રાલયના 6 પ્રકલ્પો
- વિદ્યુત મંત્રાલય અને રેલવે મંત્રાલયના 3-3 પ્રકલ્પો
- જળ સંપત્તિ વિભાગના 5 પ્રકલ્પો
- ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ (GIDC)ના 3 પ્રકલ્પો
- આરોગ્ય, પ્રવાસન તેમજ માર્ગ અને મકાન વિભાગના 2-2 પ્રકલ્પો
- પાણી પુરવઠા અને આદિજાતિ વિકાસ વિભાગના વિવિધ પ્રકલ્પો

**તારીખ: 31/3/2026 | સમય: સાંજે 04:00 વાગે | સ્થળ: નાણી, વાવ-થરાદ**

## વિકાસની ઐતિહાસિક ભેટ

**આરોગ્ય ક્ષેત્રે સુવિધાઓમાં વધારો**
1600થી વધુ દર્દીઓના પરિવારજનોને ન્યૂનતમ દરે રહેવા અને ભોજનની ઉત્તમ સગવડ મળશે

**રેલ કનેક્ટિવિટીમાં વધારો**
₹891 કરોડના રેલ પ્રકલ્પો દ્વારા 94 કિમી સુધી કનેક્ટિવિટી મજબૂત બનશે, મુસાફરી સરળ થશે અને અર્થતંત્રને વેગ મળશે

**અમદાવાદ-ધોલેરા SIR માર્ગમાં ઐતિહાસિક ગતિ**
₹5,105 કરોડના 109 કિમી એક્સપ્રેસ-વેથી મુસાફરીનો સમય આશરે 2 કલાક 15 મિનિટથી ઘટીને માત્ર 45 મિનિટ થશે. જે વેપાર, રોકાણ અને રોજગારી માટે નવી તકો સર્જાશે

**વિશ્વસનીય વીજ પુરવઠો**
₹3,645 કરોડના રોકાણ સાથે 6000 MVA + 4.5 GW ક્ષમતા અને આશરે 958 CKM ટ્રાન્સમિશન લાઇન નેટવર્કથી 30 લાખથી વધુ રહેણાંકોને અવિરત વીજ પ્રવાહ મળશે

**ટ્રાફિક સમસ્યામાં રાહત**
અડાલજના 1.02 કિ.મી. લાંબા ઓવરબ્રિજથી અન્નપૂર્ણા સર્કલ ખાતે ટ્રાફિક સમસ્યામાં રાહત, હજારો નાગરિકોનો દૈનિક પ્રવાસ વધુ સુગમ, સરળ અને સુરક્ષિત બનશે

**આદિજાતિ યુવાનોને શિક્ષણમાં નવી તકો**
628 વિદ્યાર્થીઓનો સમાવેશ ધરાવતી હોસ્ટેલ્સથી સુરક્ષિત રહેઠાણ, અભ્યાસ અને ભોજન જેવી સુવિધાઓ મળી રહેશે

**પર્યટનનો અનુભવ બનશે વધુ રોચક**
₹68 કરોડના પર્યટન પ્રકલ્પોથી મુલાકાતીઓ માટે હેરિટેજ સ્થળોની અનુભૂતિ આહલાદક બની રહેશે સ્થાનિક રોજગારીમાં વધારો થશે અને રાજ્યના સાંસ્કૃતિક વારસાને આધુનિકતાનો ઓપ મળશે

**ગ્રામીણ પરિવારોને સુરક્ષિત રહેઠાણ**
પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) હેઠળ 34 જિલ્લાના 38,949 આવાસોમાં ગૃહ પ્રવેશથી હજારો પરિવારોને સન્માનપૂર્ણ અને સુરક્ષિત જીવનનો આધાર મળશે

**જળ સુવિધાનું વિસ્તરણ**
110 કિમી લાંબી પાઈપલાઈનોનું નિર્માણ, 128 ગામોના 280 તળાવો નર્મદાના જળ સાથે જોડાયા, ગુજરાતના 92,000 એકર વિસ્તારને સિંચાઈનો બહોળો લાભ મળશે

**ઔદ્યોગિક વિકાસને મજબૂત આધાર**
સાણંદ-2 અને નરોડા GIDC સહિતના પ્રકલ્પોથી 2,416 હેક્ટર વિસ્તારમાં આશરે 1,150થી વધુ ઉદ્યોગોને ઇન્ફ્રાસ્ટ્રક્ચર, ડ્રેનેજ, રસ્તા અને પરિવહન સુવિધાનો સીધો લાભ મળશે

કાર્યક્રમનું જીવંત પ્રસારણ ડીડી ન્યૂઝ ચેનલ પર DD NEWS

# દામનગર આરોગ્ય કેન્દ્રમાં કાડિયોગ્રામ અને કોલેસ્ટ્રોલ ટેસ્ટ મશીનનો અભાવ દૂર કરવા માંગ

## ઈમરજન્સીમાં દર્દીઓને ૧૦૮ મારફતે અમરેલી ખસેડવાની મજબુરી ક્યારે દૂર થશે?

**અબતક, હર્ષ ઠાકર, અમરેલી**

દામનગરના સામુહિક આરોગ્ય કેન્દ્રમાં ડોક્ટરો દ્વારા દર્દીઓને યોગ્ય સારવાર અને દવાઓ મળી રહી હોવા છતાં કેટલાક મહત્વના તબીબી સાધનોના અભાવે દર્દીઓને મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. ખાસ કરીને કાડિયોગ્રામ અને કોલેસ્ટ્રોલ ચકાસણી માટેના મશીનો ઉપલબ્ધ ન હોવાથી દર્દીઓને તાત્કાલિક સારવારમાં વિલંબ થતો હોવાનો લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે.




દામનગર સામુહિક આરોગ્ય કેન્દ્રમાં ડોક્ટરો તેમજ સ્ટાફ દ્વારા સારી કામગીરી કરવામાં આવે છે, અને દર્દીઓને દવાઓ પણ યોગ્ય રીતે આપવામાં આવે છે. પરંતુ જ્યારે કોઈ દર્દીને અચાનક છાતીમાં દુખાવો થાય ત્યારે કાડિયોગ્રામ કાઢવાની સુવિધા ન હોવાથી ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા દર્દીને અમરેલી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવે છે.

અમરેલી સિવિલ હોસ્પિટલ પહોંચ્યા બાદ ઘણા કેસોમાં દર્દીનો રિપોર્ટ સામાન્ય આવતો હોય છે અને તરત જ રજા આપવામાં આવે છે. જેના કારણે દર્દી અને તેમના પરિવારજનોને અનાવશ્યક દોડધામ અને તકલીફ વેઠવી પડે છે.

સ્થાનિક લોકોની માંગ છે કે દામનગર સામુહિક આરોગ્ય કેન્દ્રમાં તાત્કાલિક કાડિયોગ્રામ અને કોલેસ્ટ્રોલ ચકાસણી માટેની મશીનરી મુકવામાં આવે જેથી સ્થાનિક દર્દીઓને નજીકમાં જ તપાસ અને સારવાર મળી રહે. આ અંગે વિસ્તારના ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, અમરેલી જિલ્લા દંડક કૌશિકભાઈ વેકરિયા અને અમરેલી સાંસદ ભરતભાઈ સુતરીયા દામનગર દવાખાનાની મુલાકાત લઈને જનતાની આ યોગ્ય માંગ પૂરી કરે તેવી સ્થાનિક લોકો દ્વારા રજૂઆત કરવામાં આવી છે.

# પોરબંદરના પક્ષી અભયારણ્યમાં કેદ માદા વાનરની મુક્તિ માટે માંગ

## હનુમાન જયંતી પહેલા વાનર ને મુક્ત કરાવવા લાગણી

**અબતક, પુજા થાનકી, પોરબંદર**

પોરબંદરમાં એક માદા વાનર ઘાયલ હાલતમાં મળી આવ્યું હતું જે સ્વસ્થ થઈ ગયું છે ત્યારે પક્ષી અભયારણ્યમાં કેદ આ માદા વાનરની મુક્તિ માટે માંગ ઉઠી છે.

ભાણવડ નજીક ઘવાયેલ માદા વાનરને પોરબંદરના પક્ષી અભયારણ્ય ખાતે સારવાર માં ખસેડાયા બાદ તે સ્વસ્થ થઈ ગયું છે આ વાતને એક મહિનો થવા આવ્યો હોવા છતાં હજુ સુધી તેને રિલીઝ કરવાની કે સ્થળાંતર કરીને જુનાગઢના સકકરબાગ લઈ જવાની કોઈ જ કાર્યવાહી કરવામાં આવી નથી. તેને હનુમાન જયંતી પહેલા મુક્ત કરાવવા માટે વન મંત્રી ગંભીર બને અને વન વિભાગને સુચના આપે તે જરૂરી બન્યું છે વાનરની સ્થિતિ સારી છે, પરંતુ તેને તેના કુદરતી વાતાવરણમાં મુકત કરવી જોઈએ.

પોરબંદરમાં વન વિભાગની ઘોર બેદરકારીના આ બનાવમાં સામે એક ચર્ચા જાગી છે કે એક વખત તેને શક્કરબાગ ખાતે મોકલવામાં



આવી હતી પરંતુ ડી સી એફ કક્ષાના અધિકારી ના પત્ર અનુસંધાને જ તેને ત્યાં સાચવવામાં આવે તેવી ચર્ચાઓ વચ્ચે ફરીથી પોરબંદર મોકલી દેવામાં આવ્યું હતું અને પોરબંદરના અભયારણ્યમાં તે પાંજરામાં કેદ જીવન વિતાવી રહ્યું છે. વન વિભાગ ની ટીમ આ માદા વાનર ને વહેલી તકે મુક્ત કરે તે જરૂરી બન્યું છે. હનુમાન જયંતીનું પર્વ નજીક છે ત્યારે પોરબંદરમાં બજરંગ બલીના ભકત એવા વાનરરાણી પાંજરામાં કેદ છે તેથી તેને જેલવાસમાંથી વનવાસમાં મોકલી દેવામાં આવે તેવી લાગણી વ્યક્ત થઈ છે!

# સુરેન્દ્રનગર જિલ્લામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી પહેલા આપમાંથી વધુ એક રાજીનામું પડ્યું

## રાજકારણમાં ગરમાવો, પાર્ટીનું સંગઠન નબળું પડતા રાજીનામું ધરી દીધું હોવાનું કિશાન સેલના ચેરમેનનું રટણ

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**


સુરેન્દ્રનગર જીલ્લામાં એક પછી એક આમ આદમી પાર્ટીમાંથી આગેવાનો સહિત હોદ્દેદારો રાજીનામા આપી રહ્યા છે ત્યારે આમ આદમી પાર્ટી કિશાન સેલના ચેરમેને પણ પોતાના હોદા પરથી રાજીનામું આપતા સ્થાનિક સ્વરાજની ચુંટણી પહેલા જ આમ આદમી પાર્ટીને મોટો ફટકો પડ્યો છે.

આ અંગે મળતી માહિતી મુજબ સુરેન્દ્રનગર જીલ્લામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી પહેલા જ રાજકીય માહોલ જામ્યો છે અને આ ચુંટણીમાં જીત મેળવવા



ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી સહિતના રાજકીય પક્ષો દ્વારા અત્યારથી જ તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે તેવામાં લીંબડી ખાતે રહેતા અને આમ આદમી પાર્ટી કિશાન સેલના ચેરમેન કિશોરસિંહ રાણાએ પક્ષ તેમજ પોતાના હોદા પરથી પ્રદેશ પ્રમુખ ઈશુદાન ગઢવીને રાજીનામું આપતા રાજકીય ગરમાવો વ્યાપી ગયો છે. જ્યારે રાજીનામાં જણાવ્યા મુજબ જીલ્લામાં આમ આદમી પાર્ટીનું સંગઠન ધીરે ધીરે નબળું પડી રહ્યું હોવાનું અને નેતૃત્વ પ્રત્યે પણ નારાજગી હોવાનું કારણ દર્શાવવામાં આવ્યું છે. રાજુ કરપડાએ રાજીનામું આપ્યા બાદ સુરેન્દ્રનગર જીલ્લામાં આમ આદમી પાર્ટીનું વર્ચસ્વ સતત ઘટી રહ્યું હોવાનો પણ રાજીનામામાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

# જૂનાગઢ: બ્રહ્માકુમારી દ્વારા યોજાયેલ બે દિવસીય યોગ તપસ્યા ભઠ્ઠી કાર્યક્રમ સંપન્ન



**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

બ્રહ્માકુમારીજ જુનાગઢ દ્વારા વિશ્વ શાંતિ અને આત્મશાંતિના પવિત્ર ઉદ્દેશ સાથે જુનાગઢ ખાતે આયોજિત બે દિવસીય યોગ તપસ્યા ભઠ્ઠી કાર્યક્રમ ભાવભીનાં માહોલમાં સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો.

આ કાર્યક્રમમાં માઉન્ટ આબુથી આવેલા મહાયોગી બ્રહ્માકુમાર સુરજભાઈ એ રાજયોગ દ્વારા જીવનમાં શાંતિ, સકારાત્મકતા અને આત્મબળ વધારવાના મહત્વપૂર્ણ માર્ગદર્શન આપ્યું હતું. તેમના પ્રેરણાદાયી વચનો દ્વારા હાજર રહેલા ભાઈઓ-બહેનોમાં નવી ઊર્જા અને આત્મવિશ્વાસનો સંચાર થયો.બે દિવસ દરમિયાન રાજયોગ ધ્યાન, ગહન યોગ તપસ્યા અને આધ્યાત્મિક ચર્ચાઓ યોજાઈ હતી, જેમાં મોટી સંખ્યામાં સાધકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમ દરમ્યાન શાંતિપૂર્ણ અને પવિત્ર વાતાવરણ સર્જાયું હતું, જેનાથી દરેક ઉપસ્થિત વ્યક્તિએ આત્મશાંતિ અને આંતરિક આનંદનો અનુભવ કર્યો.

આ પ્રસંગે મહાયોગી સુરજભાઈએ જણાવ્યું હતું કે, યોગની શક્તિ દ્વારા વ્યક્તિ પોતાના ઘર, પરિવાર અને જીવનમાંથી નકારાત્મકતા દૂર કરી શકે છે અને સુખ-શાંતિ પ્રાપ્ત કરી શકે છે.

# સુરેન્દ્રનગર જિલ્લામાંથી ૨૭ તલાટી કમ મંત્રીઓની સામુહિક બદલી

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જીલ્લામાં પણ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈને વહીવટી તંત્ર દ્વારા પણ તમામ તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે ત્યારે સુરેન્દ્રનગર નાયબ જીલ્લા વિકાસ અધિકારી દ્વારા જીલ્લાના અલગ અલગ ગામોમાં ફરજ બજાવતા ૨૭ તલાટી કમ મંત્રીઓની વહીવટી સરળતા ખાતર આંતરિક બદલીઓ કરવામાં આવી છે.

જેમાં લખતર તાલુકાના વણા, ચોટીલાના ધારૈઈ, ડાકવડલા, નાવા, આણંદપર, નાના પાળીયાદ, પિયાવા, લીંબડીના બોરણા, દોલતપર, કમાલપર, મુળીના રામપરડા, કળમાદ, સાયલાના ભાડુકા, શિરવાણીયા, વઢવાણના મોટા મઢાદ, ફુલગ્રામ, પ્રાણગઢ, ખારવા-બ, મેમકા, કરણગઢ, ગોમટા, ખજેલી, દસાડાના ધામા, ધ્રાંગધ્રાના કલ્યાણપુર, રાજસીતાપુર-અ અને ચુડાના ગોખરવાડા સહિત ૨૭ જેટલા તલાટી કમ મંત્રીઓની સામુહિક બદલીઓ કરવામાં આવી છે.

# બગસરા તાલુકા ભાજપ પ્રમુખ પ્રદિપ ભાખરે ઘેરથી ટિફિન લાવી કાર્યકરો સાથે જમીને આપ્યુ માર્ગદર્શન

## મોટા મુંજીયાસરમાં માંડણપીરની જગ્યામાં મનકી બાત સાથે યોજાઈ ભાજપની ટિફિન બેઠક



**અબતક, સમીર વિરાણી, બગસરા**

બગસરાનામોટા મુંજીયાસર ખાતે માંડણ પીરની જગ્યાએ મન કી વાત કાર્યક્રમ તથા ટિફિન બેઠક નું આયોજન કરાયું હતુ.

આ કાર્યક્રમમાં પ્રદેશમાંથી વક્તા તરીકે ભાવનાબેન ગોંડલીયા ઉપસ્થિત રહ્યા હતા. તેમજ બગસરા તાલુકા ભાજપ પ્રભારી શ્રી સુરેશભાઈ ગમારા, તાલુકા ભાજપ પ્રમુખ પ્રદીપભાઈ ભાખર, મહામંત્રી પ્રકાશભાઈ પરમાર, બાબુભાઈ બકરાણીયા, હસમુખભાઈ બાબરીયા, સદસ્ય શ્રી વિપુલભાઈ ભેસાણીયા તથા બગસરા માર્કેટિંગ યાર્ડના ચેરમેન કાંતિભાઈ વેકરીયા હાજર રહ્યા હતા.

બગસરા તાલુકા ભારતીય જનતા પાર્ટીના તમામ હોદ્દેદારો અને આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# વિશ્વવિદ્યાલયમાંથી પ્રાપ્ત વિદ્યા સમાજને સુખમય-સરળ બનાવે છે: રાજયપાલ


## ભાવનગર મહારાજા કૃષ્ણકુમારજી યુનિ.નો ૧૦મો પદવીદાન સમારોહ યોજાયો

### ૧૦મા પદવીદાનમાં ૧૨૭૦૪ પદવી અને ૮૬ ગોલ્ડ મેડળ સાથે ૪૨ પુરસ્કારો એનાયત કરાયા

**અબતક, આનંદ રાણા, ભાવનગર**

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના અધ્યક્ષસ્થાને મહારાજા કૃષ્ણકુમારસિંહ ભાવનગર યુનિવર્સિટીનો ૧૦મો વાર્ષિક પદવીદાન સમારોહ અટલ ઓડિટોરિયમ ખાતે યોજાયો હતો.

કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણીયા અને કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીની વિશેષ ઉપસ્થિતિમાં ૧૨,૭૦૪ પદવી, ૮૬ ગોલ્ડ મેડલ અને ૪૨ પ્રાઈઝ એનાયત કરવામાં આવ્યાં હતાં.



રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ પદવીદાન સમારોહમાં વિદ્યાર્થીઓને શીખ આપતા જણાવ્યું હતું કે, વિદ્યાર્થી સમાજને સુખમય અને સરળ બનાવવા માટે પોતે મેળવેલા જ્ઞાનનો ઉપયોગ કરે. પદવી મેળવનાર વિદ્યાર્થીઓને સુમંગલ ભવિષ્યની શુભેચ્છાઓ પાઠવતાં જણાવ્યું હતું કે, પ્રાચીન કાળમાં ઋષિમુનીઓ પ્રેય માર્ગ અને શ્રેય માર્ગની વિદ્યા પ્રદાન કરતાં હતાં. પ્રેય માર્ગ જીવન જીવવાનું શિક્ષણ શીખવે છે અને શ્રેય માર્ગ આત્માના વિકાસ સાથે આત્માના બંધનોથી મુક્તિ મેળવવાનું જ્ઞાન શીખવે છે.

દિક્ષાંત સમારોહમાં ગુરૂઓ દ્વારા વિદ્યાર્થીઓને આપવામાં આવતાં સિદ્ધાંતોનું જ્ઞાન વિદ્યાર્થીઓને તેઓના ભવિષ્યના માર્ગને પ્રશસ્ત કરવાં માટે ઉપયોગી બનતું હતું.

યુનિવર્સિટીમાંથી પ્રાપ્ત જ્ઞાન દ્વારા જીવનને સંતુલિત બનાવી જ્ઞાનના પ્રકાશથી સમાજને અજવાળવા માટેની પ્રેરણા રાજયપાલશ્રીએ ઉપસ્થિત વિદ્યાર્થીઓને આપી હતી.

રાજ્યપાલએ ડીજી લોકર એપના ડિજિટલ માધ્યમથી વિદ્યાર્થીઓને પદવી પ્રદાન કરી હતી. કેન્દ્રીય રાજયમંત્રી નિમુબેન બાંભણીયાએ પ્રાસંગિક ઉદબોધન કરતાં જણાવ્યુ હતું કે, ભારતનો યુવાન જોબ ટેકર નહીં, પરંતુ જોબ ગીવર બને તેવાં સમર્થ યુવાનોનું નિર્માણ દેશમાં અનેક પ્લેટફોર્મ દ્વારા થઈ રહ્યું છે. તેમણે સમગ્ર કાર્યક્રમનું સંચાલન મહિલા શક્તિ દ્વારા થઈ રહ્યું છે તેનો આનંદ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, દેશનાં યુવાનો વિશ્વ વિદ્યાલયમાંથી મેળવેલા જ્ઞાનનો ઉપયોગ કરી સમાજ સાથે દેશનાં વિકાસમાં જોડાય તે આજનાં સમયની નિતાંત આવશ્યકતા છે.

કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીએ ભવિષ્યનાં ભારતને બેનમૂન બનાવવા માટે પોતાનાં પ્રયત્નોનું અર્ધ્ય અર્પવાની જરૂરિયાત વિદ્યાર્થીઓ સમક્ષ વ્યક્ત કરી હતી.

કુલપતિ ડો.ભરત રામાનુજે પદવીદાન સમારોહની ભૂમિકા બાંધતા જણાવ્યું હતું કે, પદવીદાન સમારોહ એ માત્ર ઔપચારિક પ્રક્રિયા નથી પરંતુ માતા-પિતાની આશા, સમાજની અપેક્ષાઓની પૂર્તી કરવાની જવાબદારીનો પ્રારંભ છે.

પદવીદાન સમારોહમાં કુલ- ૮૬ ગોલ્ડ મેડલ અને ૪૨ પ્રાઈઝ એનાયત કરવામાં આવ્યા હતાં. આ ઉપરાંત ૨૨ સંશોધકોને હ્વ.ઉ. પદવી એનાયત કરવામાં આવી હતી. આર્ટસમાં ૪,૬૩૮, કોમર્સમાં ૨,૭૭, સાયન્સમાં ૨,૧૪૯, રૂરલ સ્ટડીઝમાં ૧,૪૩૪, મેનેજમેન્ટમાં ૪૯૬, એજ્યુકેશનમાં ૪૫૪ અને કાયદાશાસ્ત્રમાં ૧૩૮ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. તેમજ મેડિકલ, હોમિયોપેથી, ડેન્ટલ અને નર્સિંગ સહિત આરોગ્ય ક્ષેત્રના વિદ્યાર્થીઓને પણ પદવી એનાયત કરવામાં આવી હતી.

પદવીદાન સમારોહમાં ધારાસભ્ય સેજલબેન પંડ્યા, જિલ્લા કલેકટર ડો.મનીષકુમાર બંસલ, મ્યુનિસિપલ કમિશનર ડો.નરેન્દ્રકુમાર મીના, કાર્યકારી કુલસચિવ બી.બી.જાની, મહારાણી સમયુકતાકુમારી ગોહિલ, સંબંધિત વિભાગના ડીન, પ્રોફેસર્સ સહિત શિક્ષણ જગતના અગ્રણીઓ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# જૂનાગઢ માહિતી કચેરીના અધિક્ષક બી.એલ. જાદવને નિવૃત વિદાયમાન અપાયું

## સંયુક્ત માહિતી નિયામક એમ.ડી. મોડાસિયા, નાયબ માહિતી નિયામક એન. એમ. મહેતા સ્ટાફગણ દ્વારા જાદવને શુભકામના પાઠવી

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

પ્રાદેશિક માહિતી કચેરી, ખાતે ફરજ બજાવતા કચેરી અધિક્ષક બી. એલ. જાદવ એ સરકારી સેવાકાળ દરમિયાન ૩૭ વર્ષ સુધી નિષ્ઠાપૂર્વક અને જવાબદારીપૂર્વક કામગીરી નિભાવ્યા બાદ આજે વય નિવૃત્ત થતા તેમને પ્રાદેશિક માહિતી કચેરીના અધિકારીઓ અને કર્મચારીઓએ નિવૃત્તિની શુભકામના પાઠવી વિદાય આપી હતી. બી.એલ.જાદવ છેલ્લા



૩ વર્ષથી પ્રાદેશિક માહિતી કચેરી, જૂનાગઢ ખાતે કચેરી અધિક્ષક તરીકે ફરજ બજાવતા હતા. તેમની કાર્યશૈલી, શિસ્તબદ્ધતા અને સમર્પણભાવને કારણે કચેરીમાં તેમજ સહકર્મચારીઓમાં વિશેષ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. જાદવે તાજેતરમાં ભવનાથના શિવરાત્રીના મેળામાં નાયબ માહિતી નિયામકના માર્ગદર્શનમાં મિડિયા વાહન વ્યવસ્થાનું સુંદર સંકલન કર્યું હતું. સેવા નિવૃત્તિના આ પ્રસંગે સંયુક્ત માહિતી નિયામક એમ ડી મોડાસિયા અને નાયબ માહિતી નિયામક એન એમ મહેતા એ બી એલ જાદવને શ્રીફળ અને સાકરનો પડો તેમજ શાલ ઓઢાડી સન્માનિત કર્યા હતા. અને તેમની આવનારી જીવનયાત્રા માટે હાર્દિક શુભકામનાઓ પાઠવવામાં આવી હતી. આ વેળાએ સંયુક્ત માહિતી નિયામક એમ. ડી.મોડાસિયા તથા નાયબ માહિતી નિયામક એન એમ મહેતા, સહાયક અધિક્ષક બી એચ વિંઝુડા , જુનિયર કલાર્ક તુષારદાન ગઢવી અને રાજેશભાઈ ત્રિવેદી, રૂકશાનાબેન કુરેશી, સી એ પટેલ, હિરેનકુમાર અમરેલીયા આર.એલ. હેરભા, ભાવીર સોલંકી, એજાજ અબડા, તેમજ નિવૃત સહાયક અધિક્ષક એ એન શેખ એ બી એલ જાદવની સેવા, નિષ્ઠા અને કાર્યપ્રત્યેના ભાવને શબ્દોની ફોરમથી બિરદાવ્યા હતા.

આ તકે બી એલ જાદવ એ પોતાની ફરજ પરના યાદગાર દિવસોને વાગોળ્યા હતા અને ભાવુક થઈ સર્વે સ્ટાફ ગણનો આભાર વ્યક્ત કર્યો હતો.

# ભાયાવદરમાં પ્રતિબંધિત પ્લાસ્ટીક વેંચનારા વેપારીઓ દંડાયા

## સીંગલ યુઝ પ્લાસ્ટીક ચેકીંગમાં ૨૦ કિલોનો માલ જપ્ત

**અબતક, હાર્દિક રાવલ, ભાયાવદર**

ભાયાવદર નગરપાલિકા દ્વારા આજે શહેરભરમાં પ્રતિબંધિત પ્લાસ્ટિક વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવી હતી. નગરપાલિકાની આ ઓચિંતી કાર્યવાહીને પગલે પ્રતિબંધિત પ્લાસ્ટિક અને સિંગલ યુઝ પ્લાસ્ટિકનું વેચાણ કરતા વેપારીઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો હતો.



ભાયાવદર નગરપાલિકાના પ્રમુખ રેખાબેન સીણોજીયા, આરોગ્ય ચેરમેન ભગવાનજીભાઈ પરસાણીયા અને ચીફ ઓફિસર ડી.અને. કંડોરિયાના સીધા માર્ગદર્શન હેઠળ શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલી દુકાનો અને વ્યાપારી એકમોમાં 'સરપ્રાઈઝ ચેકિંગ' હાથ ધરવામાં આવ્યું હતું.

આ તપાસ દરમિયાન પાલિકાની ટીમે વિવિધ દુકાનોમાંથી આશરે ૨૦ કિલોથી વધુ પ્રતિબંધિત પ્લાસ્ટિકનો જથ્થો ઝડપી પાડ્યો હતો.નિયમોનું ઉલ્લંઘન કરનારા વેપારીઓ પાસેથી સ્થળ પર જ જંગી દંડ વસૂલવામાં આવ્યો હતો.

સેનેટરી ઈન્સ્પેક્ટર વિપુલભાઈ ભેડાએ જણાવ્યું હતું કે નગરપાલિકાનો મુખ્ય ધ્યેય ભાયાવદર શહેરને સિંગલ યુઝ પ્લાસ્ટિક મુક્ત બનાવવાનો છે.

# ગીરગઢડાના ધોકડવાના ડો. કનુભાઈ કાતરિયાએ ક્લાસ વન ઓફિસર બનીને ગીરનું ગૌરવ વધાર્યુ

## નર્મદ પ્રતિમા કેમેસ્ટ્રીની પ્રોફેસર તરીકે નિયુક્ત

**અબતક, મનુ કવાડ, ગીરગઢડા**

ગીર પંથક અને ધોકડવા ગામનું ગૌરવ વધાર્યું ગીર ગઢડા તાલુકાના ધોકડવા ગામના ડો. કનુભાઈ દુલાભાઈ કાતરિયાએ ક્લાસ-૧ ઓફિસર તરીકે પસંદગી મેળવી મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી ગામ અને ગીર પંથકનું ગૌરવ વધાર્યુ છે. ડો. કનુ દુલાભાઈ કાતરિયાએ શિક્ષણ ક્ષેત્રે નોંધપાત્ર સફળતા પ્રાપ્ત કરી રાજકોટ સ્થિત વિર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટીમાં આસિસ્ટન્ટ પ્રોફેસર (કેમિસ્ટ્રી) તરીકે વર્ગ-૧ પદ



માટે પસંદગી મેળવી છે. ગામડાની સાદી પરિસ્થિતિમાંથી આવીને તેમણે પોતાની મહેનત, લગન અને અડગ સંકલ્પથી આ ઊંચાઈ હાંસલ કરી છે. આ પ્રસંગે આહીર યુવા ફોરમ, ગાંધીનગર તરફથી તેમને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા હતાં. અને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ વ્યક્ત કરવામાં આવી છે.


સિદ્ધાર્થ નંદન
વીર કી જય બોલો
મહાવીર કી..



એક શુભેચ્છક
રાજકોટ



**નામ બદલાવેલ છે**

હું નીચે સહી કરનાર **લાભુબેન ભીખાભાઈ નોંધણવદરા** આથી જાહેર કરું છું કે મારું જૂનું નામ **લાભુ ભીખા નોંધણવદરા**થી બદલીને **લાભુબેન ભીખાભાઈ નોંધણવદરા** કરવામાં આવ્યું છે. હવેથી હું **લાભુબેન ભીખાભાઈ નોંધણવદરા** તરીકે ઓળખાઈશ.

**સરનામું:લાભુબેન ભીખાભાઈ નોંધણવદરા શક્તિ, સિલ્વર સ્ટોન સોસાયટી-1, પ્લોટ નં.26, મોટા બજારની સામે, રાજકોટ, મોટા માવા, રાજકોટ, ગુજરાત-360005**



**નામ બદલાવેલ છે**

હું નીચે સહી કરનાર **ભીખાભાઈ રવજીભાઈ નોંધણવદરા** આથી જાહેર કરું છું કે મારું જૂનું નામ **ભીખા રવજી નોંધણવદરા** થી બદલીને **ભીખાભાઈ રવજીભાઈ નોંધણવદરા** કરવામાં આવ્યું છે. હવેથી હું **ભીખાભાઈ રવજીભાઈ નોંધણવદરા** તરીકે ઓળખાઈશ.

**સરનામું:ભીખાભાઈ રવજીભાઈ નોંધણવદરા પ્લોટ ૨૬, સિલ્વર સ્ટોન-૧ સ્ટ્રીટ 3, ઓસ્કાર ટાવર્સ પાસે, નાના માવા મેઈન રોડ, રાજકોટ, ગુજરાત-3૬000૫**

# વાંકાનેર નજીક જેસીબીની ઠોકરે રીક્ષા પલ્ટી ગઈ: એકનું મોત, ચાર ઘાયલ

**અબતક, રૂષિ મહેતા, મોરબી**

વાંકાનેર તાલુકાના જોધપર ખારી પુલ નજીક બનેલા ગંભીર માર્ગ અકસ્માતમાં મહિલાનું મોત નીપજ્યું છે જ્યારે ચાર લોકો ઈજાગ્રસ્ત થયા છે.

બનાવ અંગે વાંકાનેર તાલુકાના કોઠી ગામે રહેતા કાનાભાઈ નાગજીભાઈ ચાવડા ઉ.વ.૨૨એ વાંકાનેર તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાવી જાહેર કર્યું કે, ગઈ તા.૨૭/૦૩ના રોજ સાંજે તેઓ પોતાની સીએનજી રીક્ષા નં. જીજે-૦૩-બીયુ-૭૩૧૯ લઈને થાન ચોકડી પાસે આવેલા હેમપેન્ટ કારખાનેથી પોતાના ગામ કોઠી તરફ જઈ રહ્યા હતા. ત્યારે તેમની સાથે તેમની બહેનો રેખાબેન અને સોનલબેન તેમજ કૌટુંબિક બહેનો આરતીબેન અને માનસીબેન બેઠેલા હતા. જોધપર ખારી પુલ પાસે નવા પેટ્રોલ પંપ સામે પહોંચતા, તે દરમિયાન જેસીબી નં. જીજે-૧૩-એડી-૨૧૦૯ના ચાલકે પોતાનું વાહન પુરઝડપે અને બેદરકારીપૂર્વક ચલાવી કાવું મારી રીક્ષાને સાઈડમાંથી જોરદાર ઠોકર મારી હતી. આ કારણે રીક્ષા પલ્ટી મારી ગઈ હતી. આ અકસ્માતમાં રીક્ષા ચાલક કાનાભાઈના બહેન રેખાબેનને માથા અને શરીરના ભાગે ગંભીર ઈજાઓ થતાં તેમનું મોત થયું હતું.

ઉપરાંત સોનલબેનને નાકમાં ફેક્ચર, જ્યારે અન્યોને નાની-મોટી ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્તોને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે વાંકાનેર સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

બનાવ બાદ જેસીબી ચાલક પોતાનું વાહન લઈને સ્થળ પરથી નાસી ભાગી ગયો હતો.


# વાંકાનેરમાં મિત્રની હત્યા કેસમાં આરોપીને આજીવન કારાવાસ

## વર્ષ ૨૦૧૩માં લેતી દેતીના પ્રશ્ને છરી વડે ઢીમ ઢાળી દીધું તુ

**અબતક,ઋષી મહેતા, મોરબી**

વાંકાનેર બાઉન્ડ્રી ખાતે વર્ષ ૨૦૨૩માં પૈસાની લેતીદેતી મામલે થયેલા ઝઘડામાં મિત્રના હાથે મિત્રની છરી વડે હત્યા કરનાર આરોપીને મોરબી સેશન્સ કોર્ટે દોષિત ઠેરવી આજીવન કેદની સજા ફટકારી છે. ઘટનામાં કોર્ટે સરકારી વકીલની દલીલક તથા મૌખિક અને દસ્તાવેજી પુરાવાને આધારે આરોપીને સજા સાથે દંડ પણ ફટકાર્યો છે.

વાંકાનેરમાં પૈસાની લેતીદેતી મામલે મિત્રે જ મિત્રની છરી વડે કરેલી હત્યા કેસમાં મોરબીની બીજા એડિશનલ સેશન્સ કોર્ટે આરોપીને દોષિત ઠેરવી આજીવન કારાવાસની સજા ફટકારી છે. કેસની વિગતો મુજબ, આરોપી જીતેન્દ્રસિંહ ઉર્ફે જેકીભાઈ મંગળસિંહ રાજાવત રહે.હાલ રંગપર તા. વાંકાનેર મૂળ મધ્યપ્રદેશ વાળા અને મરણ જનાર રાજુકુમાર જીવલાલ પ્રજાપતી રહે.રાજકોટ વાળા બંને મિત્રો હતા અને સાથે કલરકામની મજૂરી કરતા હતા. ત્યારે ગત તા. ૨૧ માર્ચ



૨૦૨૩ના રોજ સવારે સાડા દસથી અગિયાર વાગ્યાના સમયગાળામાં વાંકાનેર બાઉન્ડ્રી નેશનલ હાઈવે રોડ પાસે ગોલાઈની ઝાડીઓમાં મરણ જનાર રાજુકુમાર ભાડા સહિતના ખર્ચા ચૂકવતો હતો અને તે પૈસા માંગતા બંને વચ્ચે બોલાચાલી થઈ હતી. જે બાદ ઝઘડો વધતા આરોપી જીતેન્દ્રસિંહે પોતાની પાસે રહેલી છરી વડે રાજુકુમારના ગળાના ભાગે ઘા મારી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી, જેના કારણે તેનું મોત નીપજ્યું હતું.

મોરબીની બીજા એડિશનલ સેશન્સ કોર્ટમાં ચાલી જતા, જેમાં સરકારી વકીલ સંજયભાઈ દવે દ્વારા કાયદાકીય દલીલો રજૂ કરવામાં આવી હતી. સાથે જ ૧૬ મૌખિક અને ૪૨ દસ્તાવેજી પુરાવાઓ કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા. ત્યારે તમામ પુરાવાઓ અને દલીલોને ધ્યાને લઈને બીજા એડિશનલ સેસન્સ કોર્ટના જજ આરોપી જીતેન્દ્રસિંહ રાજાવતને ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૨ હેઠળ દોષિત ઠેરવ્યો હતો. કોર્ટે આરોપીને આજીવન કેદની સજા સાથે રૂપિયા ૫ હજારનો દંડ ફટકાર્યો હતો.


# મોરબીમાં ઉઘરાણીના મામલે ઉદ્યોગપતિ અને તેના મિત્ર પર હુમલો

## મેટ્રોસિરામિક ગ્રુપના સંચાલક શેખરભાઈને ધોકા વડે માર મારનાર અજય લોરીયાની ધરપકડ

**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબીમાં ઉદ્યોગપતિ શેખરભાઈ આદ્રોજા પર રૂ.૨૫ લાખની ધંધાકીય લેતીદેતી મામલે બોલાવી હુમલો કરવાના કેસમાં આરોપી અજય લોરીયાની પોલીસે અટકાયત કરી છે. ઘટનામાં શેખરભાઈને બન્ને હાથમાં ફ્રેક્ચર અને તેમના મિત્રને માથામાં ઈજા પહોંચી હતી. હાલ સીટી એ ડિવિઝન પોલીસે હત્યાની કોશિશ સહિતની ગંભીર કલમો હેઠળ ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે.





મોરબી શહેરમાં ગત તા.૨૯/૦૩ના રોજ મોડી રાત્રે બનેલી ગંભીર હુમલાની ઘટનામાં પોલીસે મહત્વપૂર્ણ કાર્યવાહી કરતા આરોપી અજયભાઈ મનસુખભાઈ ઉર્ફે પોપટભાઈ લોરીયાની અટકાયત કરી છે. ફરિયાદ મુજબ રવાપર રોડ એવન્યુ પાર્કમાં રહેતા મેટ્રો સિરામિક ગ્રુપના ઉદ્યોગપતિ શેખરભાઈ રતીલાલભાઈ આદ્રોજા ઉવ.૪૬એ અજય લોરીયા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ આરોપી પાસેથી શેખરભાઈને લાંબા સમયથી ધંધાકીય લેતી દેતીના રૂ.૨૫ લાખ લેવાના હતા, પરંતુ આરોપી વારંવાર બહાના બતાવતો હતો. ઘટનાના દિવસે પૈસા પરત આપવા વાયદો કરીને પણ ચુકવણી ન કરતા, શેખરભાઈએ ફોન કરતા આરોપીએ તેમને રાત્રીના સમયે સરદારબાગ નજીક ભારત ટ્રાન્સપોર્ટના ગોડાઉન પાસે બોલાવ્યા હતા. ત્યારે શેખરભાઈ તેમના મિત્ર જયેશભાઈ ઉર્ફે મુન્નાભાઈ પાડલીયા સાથે ઈનોવા કારમાં ત્યાં પહોંચતા, આરોપી અજય લોરીયા પહેલેથી હાજર હતા.

ત્યારબાદ આરોપીએ પોતાની મર્સીડિઝ કારમાંથી ધોકો કાઢી શેખરભાઈ અને તેમના મિત્ર પર હુમલો કર્યો હતો. હુમલામાં શેખરભાઈના બંને હાથમાં ફ્રેક્ચર થયું હતું, જ્યારે જયેશભાઈના માથામાં ગંભીર ઈજાઓ પહોંચી હતી.

આ બનાવ અંગે મોરબી સીટી એ ડિવિઝન પોલીસે આરોપી સામે ભારતીય ન્યાય સંહિતા હેઠળ ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી હતી. ત્યારબાદ ગઈકાલ તા.૩૦/૦૩ના રોજ પોલીસે અજય લોરીયાની અટકાયત કરી વધુ પુછપરછ હાથ ધરી છે. પોલીસે સમગ્ર મામલે વધુ તપાસ ચલાવી છે.

# મોરબી જિલ્લા કોંગ્રેસ પ્રમુખને આવેલો હૃદયરોગનો હુમલો પ્રાણઘાતક નિવડ્યો

## વોર્ડ નં. ૪ માં કાર્યકરને મળવા ગયા હતા, વાતચિત દરમિયાન જ અચાનક હુમલો આવ્યો હતો

**અબતક, રૂષિ મહેતા, મોરબી**

મોરબી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ કિશોરભાઈ ચિખલીયાને આવેલો હૃદયરોગનો હુમલો પ્રાણઘાતક નિવડ્યો છે. કિશોરભાઈ ચિખલીયા ગત રાત્રે વોર્ડ નં. ૪ માં કાર્યકરને મળવા ગયા હતા અને ત્યારે વાતચિત દરમિયાન જ તેને હુમલો આવ્યો હતો. જિલ્લા કોંગ્રેસ પ્રમુખને હૃદયરોગનો હુમલો આવતા તેનું નિધન થવાથી તેમના પરિવાર અને પક્ષમાં ગમગીની વ્યાપી ગઈ છે.

કિશોરભાઈ ચિખલીયા હાઉસિંગ બોર્ડ વિસ્તારથી મહેન્દ્રનગર, વોર્ડ નંબર ૪ ખાતે એક કાર્યકરની મુલાકાતે ગયા હતા.



ત્યાં ચર્ચા દરમિયાન જ તેમને અચાનક ગંભીર હાર્ટ એટેક આવ્યો હતો. આકસ્મિક તબિયત બગડતા તેમને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી, પરંતુ હોસ્પિટલ પહોંચાડવામાં આવે તે પહેલાં જ તેમનું અવસાન થયું હતું. તેમના નિધનની ખબર મળતા જ કોંગ્રેસના કાર્યકરો અને આગેવાનોમાં શોકની લાગણી પ્રસરી ગઈ હતી અને મોટી સંખ્યામાં લોકો મોરબી સિવિલ હોસ્પિટલ ખાતે દોડી આવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે કિશોરભાઈ ચીખલીયાએ જીવનકાળ દરમિયાન ચક્ષુદાનનો સંકલ્પ કર્યો હતો, જેના અનુસંધાને તેમના પાર્થિવ દેહને મોરબી સિવિલ હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યો હતો. કિશોરભાઈ તેમના મિલનસાર સ્વભાવ, સક્રિય કાર્યશૈલી અને લડાયક નેતા તરીકે જાણીતા હતા. તેમના અચાનક નિધનથી ચીખલીયા પરિવાર સાથે સમગ્ર કોંગ્રેસ પરિવારમાં ઊંડો શોક વ્યાપી ગયો છે.

પાર્થિવ દેહના દર્શન માટે મોટી સંખ્યામાં કાર્યકરો, મિત્રો અને શુભેચ્છકો પહોંચ્યા હતા. ચિખલીયા પરિવારમાં ગમગીની છવાઈ છે.

# માળીયા(મી)ના મોટા દહીંસરામાં ખૂની હુમલાના આરોપીના ઘરમાંથી પિસ્તોલ અને કારતૂસ પકડાયા

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

માળીયા(મી) પોલીસ દ્વારા હત્યાની કોશિશના ગુનામાં રીમાન્ડ પર રહેલા આરોપીના ઘરમાં દરોડો પાડી દેશી બનાવટની પિસ્તોલ અને ૯ જીવતા કારતૂસ કબ્જે કરવામાં આવ્યા છે. પોલીસે આ મામલે અલગથી હથિયારધારા હેઠળ વધુ એક ગુનો નોંધ્યો છે.

માળીયા(મી) તાલુકાના મોટા દહીંસરા ગામે હત્યાની કોશિશના ગુનામાં પોલીસ રીમાન્ડ ઉપર રહેલા આરોપી કીશોરભાઈ દેવદાનભાઈ લોખીલ ઉવ.૩૭ રહે. મોટા દહીંસરા તા.માળીયા(મી) વાળાના રહેણાંક મકાનમાં પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન તેમના કબ્જામાંથી દેશી બનાવટની પિસ્તોલ નંગ-૧ કિ.રૂ.૫ હજાર તથા જીવતા કારતૂસ નંગ-૯ કિ.રૂ.૯૦૦/- એમ કુલ રૂ.૫,૯૦૦/-નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો હતો. પોલીસે હથિયાર અને કારતૂસ કબ્જે



કરીને આરોપી વિરુદ્ધ હથિયારધારા હેઠળ વધુ એક અલગથી ગુનો નોંધ્યો છે. હાલ પોલીસે સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી આગળની કાર્યવાહી શરૂ કરી છે.

# મોરબી-જેતપર હાઈવે પર ટ્રેલરની અડફેટે શ્રમિકનુ મોત

**અબતક, રૂષિ મહેતા, મોરબી**

મોરબી-જેતપર હાઈવે ઉપર માર્ગ પાવડીયાળી નજીક શાકભાજી લેવા ચાલીને જતા મૂળ ઝારખંડના વતની શ્રમિકનું ટ્રેલરની અડફેટે આવી જતા મૃત્યુ નીપજ્યું હતું.

મોરબીના રંગપર ગામની સીમમાં આવેલ વેન્ટો સિરામિક કારખાનાની લેબર કોલોનીમાં રહેતા શુકરમની દુર્ગા તુબિડે ઉવ.૨૯ મૂળ ઝારખંડના વતનીએ મોરબી તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી કે, મૃતક દુર્ગા તુબિડ (મૂળ ઝારખંડ) વેન્ટો કારખાનામાં મજૂરી કામ કરતો હતો. ત્યારે ગઈકાલ તા.૩૦/૦૩ના રોજ સાંજના સમયે તે શાકભાજી લેવા ગયેલો અને પાવડીયાળી કેનાલ તરફથી પગપાળા જઈ રહ્યો હતો. ત્યારે ટ્રેલર રજી.નં. જીજે-૦૩-બીડબ્લ્યુ-૪૪૩૩ના ચાલકે પોતાનું વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી અચાનક ટર્ન મારતા દુર્ગાને અડફેટે લીધો હતો.

સ્થાનિક લોકો દ્વારા એમ્બ્યુલન્સ બોલાવી તેને મોરબી સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો, જ્યાં ડોક્ટરે તેને મૃત જાહેર કર્યો હતો.

# મોરબી મહાપાલિકામાં બાકી મિલકત વેરો ભરવાની આજે અંતિમ મુદ્દત

## સમયમર્યાદા પછી વેરો ભરવાથી ૧૮% વ્યાજ લાગુ થશે

**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબી મહાનગરપાલિકાએ વર્ષ ૨૦૨૫-૨૬ના બાકી મિલકતવેરા ભરવા માટે ૩૧ માર્ચ એટલે કે માત્ર એક દિવસ બાકી હોવાનું જાહેર કરી નાગરિકોને તાત્કાલિક વેરો ભરવા અપીલ કરી છે. નિર્ધારિત સમયમર્યાદા બાદ બાકી રકમ પર ૧૮% વ્યાજ વસૂલવામાં આવશે તેવી તાકીદ કરી છે.મોરબી મહાનગરપાલિકાએ શહેરના તમામ મિલકતધારકોને સૂચના આપી છે કે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬નો પ્રોપર્ટી ટેક્સ ભરવા માટે હવે માત્ર એક દિવસનો સમય બાકી રહ્યો છે. જે નાગરિકોએ હજુ સુધી વેરો ભર્યો નથી, તેઓએ તરત જ પોતાની બાકી રકમ જમા કરાવવી જરૂરી છે. મહાનગરપાલિકા દ્વારા જણાવાયું છે કે નાગરિકો ટેક્સ મહાનગરપાલિકાની મુખ્ય કચેરી, કલસ્ટર ઓફિસો તેમજ ઓનલાઈન પોર્ટલ મારફતે પણ ભરી શકે છે. ખાસ કરીને તા.૩૧/૦૩/૨૦૨૬ સુધી રજાના દિવસોમાં પણ ટેક્સ ભરવાની સુવિધા ઉપલબ્ધ રાખવામાં આવી છે. ત્યારે અંતિમ દિવસોમાં ભીડ અને વિલંબને કારણે વધારાની મુશ્કેલી ટાળવા તથા ૧૮% વ્યાજની પેનલ્ટીથી બચવા માટે નાગરિકોને તાત્કાલિક વેરો ભરવા અપીલ કરવામાં આવી છે.

# બગસરામાં પૂ.મોરારિબાપુની રામકથા માટે જવા એસટીએ ડબલ ભાડુ વસુલતા કચવાટ

## ત્રણ કિલોમીટરથી ઓછા અંતરમાં મુસાફરોને અધધધ રૂ.૨૦ ચુકવવા પડયા

**અબતક, સમીર વિરાણી, બગસરા**

બગસરા મોરારીબાપુની રામકથામાં હજારો ભાવિકોની પરિવહન સુવિધા માટે સેવારત એસટીએ ત્રણ કિલોમટરથી ઓછા અંતરનાં કથા સ્થળ સુધીની ટીકીટ રૂ.૨૦ વસુલ્યાના મામલે નાગરીકોમાં ભારે કચવાટ ફેલાયો છે.

બગસરા થી અમરેલી જતા પાણીયા સુધીનું ટિકિટ ભાડું ગણીએ તો ૨૦ રૂપિયા જેવું ટિકિટ થતું હોય છે ત્યારે બગસરા થી જેઠીયાવદર અથવા તો માંડવડા જતા હોય તેનું ટિકિટ ભાડું માત્ર ૧૧ રૂપિયા થતું હોય છે જેને એક્સપ્રેસ ભાડુ ગણી બગસરા એસટી ડેપો મેનેજર દ્વારા ૨૭૫૦ પેસેન્જર પાસેથી ડબલ પૈસા લઈ પેસેન્જર ને છેતરીયા છે બગસરા ના



પેસેન્જરોમાં ઉગ્ર રોષ જોવા મળ્યો છે પેસેન્જર મનુભાઈ બગથળિયા એ આ બાબતે વિરોધ વ્યક્ત કર્યો હતો તેમણે મીડિયા ને જણાવ્યું હતું કે આ રામકથામાં એસ.ટી વિભાગને તો સેવાકીય પ્રવૃત્તિ કરવી જોઈએ ફ્રી બસ ન ચલાવી શકે તો કાંઈ વાંધો નહીં પરંતુ નજીવા દરે લોકોને સુવિધા પુરીપાડવી જોઈએ પરંતુ ડેપો મેનેજર રે એસટી લોકોને સરળ કરવાને બદલે તેની પાસેથી ટિકિટના પૈસા ડબલ વસૂલ્યા હતા

# મોરબીમાં ડો. બાબાસાહેબ આંબેડકરની ૧૩૫મી જન્મ જયંતિએ શોભાયાત્રાનું આયોજન

**અબતક, રૂષિ મહેતા, મોરબી**

મોરબી જીલ્લામાં ડો.બાબા સાહેબ આંબેડકરજીની ૧૩૫મી જન્મજયંતિ નિમિત્તે દર વર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ આયોજનને સફળ બનાવવા માટે બેઠક ગઈકાલે યોજાઈ હતી.




દર વર્ષે મુખ્ય રેલી રેલ્વે સ્ટેશન રોડ સમાજવાડી મોરબીથી શરૂ થતી હતી, પરંતુ હાલ રોડના કામને કારણે આ વખતે રેલીનો રૂટ બદલવામાં આવ્યો છે. નવા આયોજન મુજબ તા.૧૪/૦૪/૨૦૨૬ના રોજ સવારે ૯ વાગ્યે વીસી ફાટક વી.સી. હાઈસ્કૂલથી રેલી પ્રસ્થાન કરશે. ત્યારબાદ ગેસ્ટ હાઉસ રોડ, ત્રિકોણબાગ, નગર દરવાજા ચોક માર્ગે પસાર થઈને કોર્પોરેશન ચોક ગાંધી ચોકે ડો.બાબા સાહેબ આંબેડકરજીના સ્ટેચ્યુ ખાતે સમાપ્ત થશે. શોભાયાત્રા શાંતિપૂર્ણ અને શિસ્તબદ્ધ રીતે યોજાય તેમજ પર્યાવરણનું સંરક્ષણ થાય તે માટે સમાજ દ્વારા કેટલીક મહત્વપૂર્ણ સૂચનાઓ આપવામાં આવી છે.

# ગાંધીધામ : અકસ્માતે અવસાન પામેલા સભાસદના વારસદારને સરહદ ડેરી દ્વારા સહાય ચેકનું વિતરણ

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

કચ્છ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. સરહદ ડેરી સાથે સંકળાયેલ નિયમિત દૂધ ભરાવતા પશુપાલકોના ન્યુ ઈન્ડિયા ઇન્સ્યોરન્સ કંપની માથી આકસ્મિત વીમા લેવામાં આવેલ છે. જેમાં કોઈ પશુપાલકનું આકસ્મિક મૃત્યુ થાય છે તો તેમના વારસદારને ૧ લાખ રૂપિયાનું સહાય વીમા યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે. તાજેતરમાં મંડળીઓના દિવંગત સભાસદના વારસદારને ૧ લાખ રૂપિયા વીમા સહાયની ચુકવણી કરવામાં આવી.

મુન્દ્રા તાલુકાના ભુજપર કલસ્ટરની નવીનાળ વાડી-વિસ્તાર મંડળીમાં દૂધ ભરાવતા પશુપાલક



સ્વ.ગાગિયા સામરા માણેક નુ અકસ્માત મા અવસાન થયેલ જે પેટે તેમના વારસદાર કામશ્રીબેન સામરા ગાગિયા ને ૧ લાખ નો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો.

# કેશોદ: ઈનોવેશન ફેસ્ટિવલમાં હર્ષાબેન ભુવાની અંગ્રેજી શીખવવાની પધ્ધતિ બની આકર્ષણનું કેન્દ્ર

## અંગ્રેજીને પ્રયોગશીલ અને ક્રિયાત્મક પધ્ધતિઓથી સરળ બનાવનાર શિક્ષીકા હર્ષાબેનનું સન્માન

**અબતક,જય વિરાણી, કેશોદ**

માળિયા હાટીના તાલુકાની શિક્ષિકા હર્ષાબેન એમ. ભુવાએ રાજ્ય કક્ષાના ૧૧મા એજ્યુકેશનલ ઈનોવેશન ફેસ્ટિવલમાં પોતાની સર્જનાત્મકતા અને નવીન શૈક્ષણિક અભિગમ દ્વારા નોંધપાત્ર સિદ્ધિ મેળવી છે. જીસીઈઆરટી ગાંધીનગર પ્રેરિત આ પ્રતિષ્ઠિત ફેસ્ટિવલ બીએપીએસ સ્વામિનારાયણ મંદિર, યોગીફાર્મ ખાતે ભવ્ય આયોજન સાથે યોજાયો હતો, જેમાં રાજ્યભરના શિક્ષકો અને શિક્ષણવિદોએ ભાગ લીધો હતો. આ મહોત્સવમાં હર્ષાબેનની પ્રસ્તુતિ ખાસ આકર્ષણનું કેન્દ્ર બની રહી હતી અને તેમની કાર્યપદ્ધતિએ સૌનું



ધ્યાન ખેંચ્યું હતું.

હર્ષાબેન ભુવાએ અંગ્રેજી વિષયને સરળ, રસપ્રદ અને વિદ્યાર્થીઓ માટે સમજણસભર બનાવવા માટે અનોખું ઈનોવેશન તૈયાર કર્યું હતું. સામાન્ય રીતે વિદ્યાર્થીઓ માટે મુશ્કેલ ગણાતા અંગ્રેજી વિષયને તેમણે પ્રયોગશીલ અને ક્રિયાત્મક પદ્ધતિઓ દ્વારા સરળ બનાવી દીધો છે. તેમના આ પ્રોજેક્ટને રાજ્ય સ્તરે સ્થાન મળતા શિક્ષણવિદો, નિષ્ણાતો અને અધિકારીઓએ તેમની પ્રશંસા કરી હતી અને તેને શિક્ષણક્ષેત્ર માટે એક ઉત્તમ મોડેલ ગણાવ્યો હતો.

આ રીતે, માળિયા હાટીનાની શિક્ષિકા હર્ષાબેન ભુવાએ પોતાના અનોખા અને અસરકારક ઈનોવેશન દ્વારા માત્ર પોતાના તાલુકા કે જિલ્લાનું જ નહીં પરંતુ સમગ્ર ગુજરાતનું ગૌરવ વધાર્યું છે.


# અમરેલી: ગજેરા કેમ્પસના વિદ્યાર્થીનો રાજ્યકક્ષાની પ્રાથમિક સ્કોલરશીપ પરીક્ષામાં ડંકો

## ૧૨૦ ગુણમાંથી ૧૦૧ ગુણ મેળવી તાલુકા કક્ષાએ પ્રથમ

**અબતક, હર્ષ ઠાકર, અમરેલી**

અમરેલીમાં શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસની વિદ્યાસભા સ્કૂલના વિદ્યાર્થીએ પ્રાથમિક સ્કોલરશીપ પરીક્ષામાં ઉત્તમ સિદ્ધિ મેળવી પ્રથમ આવી સંસ્થા અને પરિવારનું નામ રોશન કર્યું છે.

ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવેલી પ્રાથમિક સ્કોલરશીપ પરીક્ષામાં સમગ્ર રાજ્યમાંથી પસંદ થયેલા ૧ હજાર વિદ્યાર્થીઓની મેરીટ યાદીમાં વિદ્યાસભા સ્કૂલના વિદ્યાર્થી દિવ્યાંસ ઉદયભાઈ આદ્રેજાએ સ્થાન મેળવ્યું છે. દિવ્યાંસ આદ્રેજા હાલ



ગુજરાતી માધ્યમ ધો.૬માં અભ્યાસ કરે છે. તેમણે પરીક્ષામાં ૧૨૦માંથી ૧૦૧ ગુણ મેળવી અમરેલી તાલુકામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. તેમની આ સિદ્ધિ પાછળ વિદ્યાર્થીની સતત મહેનત, શિક્ષકોનું માર્ગદર્શન અને પરિવારનો સહકાર મહત્વપૂર્ણ રહ્યો હોવાનું જણાવ્યું હતું.આ પ્રસંગે કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ જણાવ્યું હતું કે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરાના સર્વાંગી શિક્ષણના સ્વપનને સાકાર કરવા ગજેરા કેમ્પસ સતત ગુણવત્તાસભર શિક્ષણ અને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે પ્રયત્નશીલ છે. વિદ્યાર્થી દિવ્યાંસની આ સિદ્ધિ બદલ સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મેનેજિંગ ટ્રસ્ટી અશોકભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, મનસુખભાઈ ધાનાણી તેમજ કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ અભિનંદન પાઠવી તેમના ઉજ્જ્વળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી છે.

તંત્રી લેખ

# ગિફ્ટ સિટી નાણાકીય અને આઈટી હબ તરીકે ઉભરી આવ્યું

ગીફ્ટ સિટી ભારતના પ્રથમ સંપૂર્ણ કાર્યરત વૈશ્વિક નાણાકીય અને આઈટી હબ તરીકે ઉભરી આવ્યું છે.એક સમૃદ્ધ, નીતિ-સંચાલિત અને વૈશ્વિક સ્તરે સીમાચિહ્નરૂપ નાણાકીય કેન્દ્રમાં પરિવર્તિત થયું છે. ગિફ્ટ સિટીની પરિકલ્પના એક વિશ્વસ્તરીય ફાઈનાન્સ અને આઈટી ઝોન તરીકે કરવામાં આવી હતી. એક એવું નાણાકીય કેન્દ્ર જે ફક્ત ભારતને જ નહીં પરંતુ સમગ્ર વિશ્વને સેવા પ્રદાન કરશે. એક જ અધિકારક્ષેત્ર હેઠળ નાણાકીય સેવાઓ, ટેક્નોલોજી, નિયમનકારી સરળતા અને માળખાગત સુવિધાઓને જોડતી એક સંકલિત ઈકોસિસ્ટમનો પાયો નાખવામાં આવ્યો. તેમનું વિઝન હવે એક જીવંત કેન્દ્રમાં પરિવર્તિત થયું છે જે સ્થાપિત વૈશ્વિક નાણાકીય કેન્દ્રો સાથે સીધી સ્પર્ધા કરે છે.

ગિફ્ટ સિટીની ક્ષિતિજોને વિસ્તૃત કરવામાં આવી રહી છે અને તેઓ એ જ પ્રતિબદ્ધતા સાથે ગિફ્ટ સિટીના સાતત્ય, વિસ્તરણ અને ઝડપી વિકાસને સુનિશ્ચિત કરી રહ્યા છે. તેમના નેતૃત્વ હેઠળ, ગિફ્ટ સિટીએ ઊંચાઈના નવા શિખરો સર કર્યા છે, જે ભારતના આર્થિક વિકાસના ચાલકબળ તરીકે ગુજરાતની પ્રતિષ્ઠાને મજબૂત બનાવે છે.

ગિફ્ટ સિટીમાં આજે ૧,૧૫૦ થી વધૂ રજિસ્ટર્ડ સંસ્થાઓ કાર્યરત છે. ગિફ્ટ સિટી ખાતે બેંકિંગ ક્ષેત્રનો પણ નોંધપાત્ર વિકાસ થયો છે, જે ૧૦૬ બિલિયન ડોલર સુધી પહોંચ્યો છે. આ વર્ષ ૨૦૨૦ની સરખામણીએ લગભગ સાત ગણો વધારો છે. વધુમાં, કેપિટલ માર્કેટ એટલે કે મૂડીબજાર પણ ૮૦ બિલિયન ડોલર સુધી પહોંચ્યું છે, અને દર મહિને એક્સચેન્જ ટર્નઓવર સતત ૧૦૦ બિલિયન ડોલરનો આંકડો પાર કરી રહ્યું છે. ૮૦ બિલિયન ડોલરના લક્ષ્યાંક સાથે ૩૪૯ ફંડ્સ શરૂ કરવામાં આવ્યા છે.

ગિફ્ટ સિટીનો વિકાસ ફક્ત નાણાકીય પ્રવૃત્તિઓ પૂરતો જ સીમિત નથી. એવો અંદાજ છે કે, ગિફ્ટ સિટી ખાતે વર્ષ ૨૦૩૦ સુધીમાં ૧,૦૦,૦૦૦ થી વધુ રોજગારીઓનું સર્જન થવાની સંભાવના છે, જેમાં વ્યાપારી, રહેણાંક અને સંસ્થાકીય બાંધકામો માટે મોટા પાયા પર થનારા ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિસ્તરણનું મોટું યોગદાન રહેશે. આ સાથે જ, ગિફ્ટ સિટી ખાતે એક મજબૂત સામાજિક માળખાગત સુવિધાઓનું પણ નિર્માણ કરવામાં આવ્યું છે, જેમાં આંતરરાષ્ટ્રીય શાળાઓ, ડેસ્ટિનેશન મોલ્સ, સેન્ટ્રલ પાર્ક અને સ્પોર્ટ્સ એરેના વગેરેનો સમાવેશ થાય છે. ગિફ્ટ સિટીમાં વસતા રહેવાસીઓ અને કામ કરતા વ્યાવસાયિકો બંને માટે 'લીવ, વર્ક, થ્રાઈવ' એટલે કે જીવો, કામ કરો અને સમૃદ્ધ બનોના મંત્ર સાથે આ સોશિયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું નિર્માણ કરવામાં આવ્યું છે.

ગિફ્ટ સિટીમાં મૂડી બજારો, બેંકિંગ, વીમો, વિમાન અને જહાજ માટેની લીઝિંગ સેવાઓ, ફિનટેક, જીસીસી અને વૈશ્વિક યુનિવર્સિટીઓ સાથે ભાગીદારી સાથે વિવિધ નાણાકીય સેવાઓ એક છત નીચે મળી રહે છે. ૩૭થી વધુ બેંકો, ૬૫થી વધુ વીમા કંપનીઓ અને ૩૫થી વધુ એરક્રાફ્ટ લીઝિંગ કંપનીઓ સાથે, તે ઉચ્ચ-મૂલ્ય ધરાવતી નાણાકીય સેવાઓ માટે એક વિશ્વસનીય કેન્દ્ર તરીકે વિકસી રહ્યું છે અને વૈશ્વિક નાણાકીય ઈકોસિસ્ટમમાં ભારતની સ્થિતિને વધુ મજબૂત બનાવવામાં સહયોગ કરે છે.

[signature]

# ગાંધીધામ : ડીપીએ કાર્ગો હેન્ડલીંગ માટે ઉંચી ઉડાન ભરી, એક વર્ષમાં ૧૫૮.૬૦ મિલિયન મેટ્રીક ટનનો લક્ષ્યાંક પાર પાડ્યો

## પ્રતિકુળ પરિસ્થિતિમાં પણ વિશેષ સિદ્ધિ, પોર્ટ નવા કિર્તિમાન સ્થાપિત કર્યા

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

ગાંધીધામ ચેમ્બરે ડીપીએ ચેરમેન અને પોર્ટ પ્રસાશનને કાર્ગો હેન્ડલિંગનો નવો રેકોર્ડ સ્થાપવા બદલ પાઠવ્યા અભિનંદન

પ્રવર્તમાન ખાડી યુદ્ધના પરિણામે ઉદ્ભવેલી વૈશ્વિક સમુદ્રી પરિવહનની પ્રતિકૂળ પરિસ્થિતિ વચ્ચે પણ દેશના પ્રસ્થાન ક્રમાંકિત દિનદયાલ પોર્ટ દ્વારા કાર્ગો હેન્ડલિંગ ક્ષેત્રે ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૦૨૬ ના ૩૧.૩.૨૦૨૬ પહેલા શિપિંગ મંત્રાલયના નિર્ધારિત ૧૫૮.૬૦ મિલિયન મેટ્રીક ટનના લક્ષ્યાંકને પ્રાપ્ત કરી નવો કીર્તિમાન સ્થાપ્યો છે ત્યારે સંકુલની અગ્રણી વેપાર ઉદ્યોગ સંસ્થા ગાંધીધામ ચેમ્બરના પ્રમુખ તેજાભાઈ કાનગડની અધ્યક્ષતામાં ચેમ્બર પ્રતિનિધિમંડળે પોર્ટ ચેરમેન સુશીલ કુમાર સિંહને રૂબરૂ મળ્યા હતાં.

ચેમ્બર પ્રમુખ તેજાભાઈ કાનગડે આ પ્રસંગે જણાવ્યું હતું કે આ ઉત્કૃષ્ટ સિદ્ધિ ડીપીએ ચેરમેન ની ટ્રેડને પ્રોત્સાહિત કરતી અને માળખાકીય સુવિધાઓ પ્રદાન કરતી નીતિ, દુરંદેશી નેતૃત્વ, કાર્યક્ષમ કામગીરી અને



ભારતના મેરિટાઈમ ક્ષેત્રને મજબૂત બનાવવા માટેની અડગ પ્રતિબદ્ધતાનું પ્રતિબિંબ છે. તેઓના કુશળ અને સક્ષમ નેતૃત્વમાં પોર્ટ પ્રસાશન દ્વારા એક્ઝિમ ટ્રેડ વૃદ્ધિ માટેના તથા હેન્ડલિંગ પ્રક્રિયાઓમાં સુગમતા માટેના લેવામાં આવતા સતત પ્રયત્નો માત્ર પોર્ટ કામગીરીમાં નવા માપદંડો સ્થાપિત કરી રહ્યા નથી, પરંતુ દેશના આર્થિક વિકાસમાં પણ મહત્વપૂર્ણ યોગદાન આપી રહ્યા છે.

ચેમ્બરના મંત્રી મહેશભાઈ તિર્થાણીએ વધુમાં જણાવ્યું હતું કે ચેરમેન અને પોર્ટ પ્રસાશન પ્રોએક્ટીવ અને સકારાત્મક અભિગમના કારણે ડીપીએ દેશના પ્રથમ ક્રમાંકિત પોર્ટ તરીકે નવા ઉચ્ચ લક્ષ્યાંકો પ્રાપ્ત કરી રહ્યું છે. તેમને વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે દીનદયાલ પોર્ટ આગામી સમયમાં પણ વધુ ઊંચાઈઓ હાંસલ કરશે અને "વિકસિત ભારત"ના દ્રષ્ટિકોણને સાકાર કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. ગાંધીધામ ચેમ્બર હંમેશા પોર્ટના પ્રમોશન અને વિકાસ માટે પોર્ટ પ્રસાશન સાથે સંકલન સાધી રહી છે. ચેમ્બર પ્રતિનિધિમંડળમાં ચેમ્બર પ્રમુખ તેજાભાઈ કાનગડ, મંત્રી મહેશ તિર્થાણી, ચેમ્બરના સભ્ય એસ. બાલાજી નાયડુ અને રેન્કર્સ ઈન્ટરનેશનલના એન.ટી. રાયડુ ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલીના વ્યાજંકવાદ સામે પોલીસ આકરા પાણીએ : જનજાગૃતિ યોજાઈ બેઠક

## વ્યાજચક્ર્માં ફસાયેલા લોકોની વેદના સાંભળી પોલીસ આકરી કાર્યવાહીના આપ્યા નિર્દેશ



**અબતક, હર્ષ ઠાકર, અમરેલી**

અમરેલી શહેરમાં વ્યાજખોરોના વધતા ત્રાસને ધ્યાનમાં રાખીને પોલીસ તંત્ર દ્વારા જાગૃતિ અને માર્ગદર્શન માટે એક મહત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. અમરેલી હેડક્વાર્ટર ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં વ્યાજના ચુંગાલમાં ફસાયેલા અનેક લોકોએ હાજરી આપી પોતાની સમસ્યાઓ અને આપવીતી રજૂ કરી હતી.

વ્યાજખોરીના કારણે લોકો કેવી રીતે આર્થિક અને માનસિક મુશ્કેલીઓનો સામનો કરે છે તે અંગે પીડિતોએ ખુલ્લેઆમ વાત કરી હતી. પોલીસ અધિકારીઓએ લોકોની સમસ્યાઓ ધ્યાનપૂર્વક સાંભળી અને તેમને યોગ્ય માર્ગદર્શન આપ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન પોલીસ દ્વારા સમજાવવામાં આવ્યું હતું કે અતિઉંચા વ્યાજદરના કારણે ઘણા લોકો મુશ્કેલ પરિસ્થિતિમાં ફસાઈ જાય છે, તેથી આવા ગેરકાયદેસર વ્યાજચક્રથી દૂર રહેવું ખૂબ જરૂરી છે. અમરેલી સિટી પીઆઈ ડી.કે. વાઘેલાએ હાજર લોકોને સંબોધતા જણાવ્યું હતું કે જો કોઈ વ્યક્તિ વ્યાજખોરોના ત્રાસમાં ફસાયો હોય તો ડર્યા વગર તરત જ પોલીસનો સંપર્ક કરવો જોઈએ. પોલીસ તંત્ર આવા કેસોમાં કાયદેસર કાર્યવાહી કરવા સંપૂર્ણ પ્રતિબદ્ધ છે. ડી.કે. વાઘેલાનું પુષ્પગુચ્છ આપી અભિનંદન સાથે સન્માન કર્યું હતું.

# ચોટીલા પોલીસ સ્ટેશનમાં વર્ષોથી પેધી ગયેલા અમુક કર્મીઓ સામે ભભુકતો વિરોધ !!


**અબતક, રણજીતસિંહ ધાંધલ, ચોટીલા**

ચોટીલા પોલીસ સ્ટેશનમાં વર્ષોથી ફરજ બજાવતા અમુક કોન્સ્ટેબલો બૂમ ચોટીલા તથા તાલુકાના નાગરિકોમાં ઉઠી છે.

ચોટીલામાં જાણવા મળતી લોક હકીકત મુજબ ચોટીલા પોલીસ સ્ટેશનના કેટલાક કર્મચારીઓએ પોતાની ખાખી વરદીને જાણે કે કલંક લગાડતા હોય તેવી ફરજ બજાવી રહ્યા છે.

સુરેન્દ્રનગર જિલ્લા પોલીસ વડા ના માર્ગદર્શન નીચે ચોટીલા સહિત જીલ્લાના અન્ય ગામોમાં ગુનાહખોરી ઉપર અમુક અંશે કાબુ આવ્યો હોય તેવું ચિત્ર જોવા મળી રહ્યું છે ત્યારે પોતાની ખાખી વરદીને આવકનું સાધન હોય તેવી રીતે ચોટીલાના કેટલા પોલીસ કર્મીઓ સમજી રહ્યા છે.

ચોટીલા પોલીસમાં ફરજ બજાવતા અમુક પોલીસ કર્મીઓ વર્ષોથી ચોટીલામાં ફરજ બજાવી



રહ્યા છે. જ્યારે મળતી વિગતો મુજબ બે ચાર વર્ષ ચોટીલામાં ફરજ બજાવ્યા બાદ આવા પોલીસ કર્મીઓ ની અન્યત્ર બદલી થાય ત્યારે અમુક મહિનાઓ બાદ આવા પોલીસ કર્મીઓ તેમના ગોડ ફાધરોની સહાય લઈ ને એન કેન પ્રકારે ફરી પાછા ચોટીલામાં પાછા નિમણૂક પામતા હોય છે.

ચોટીલા શહેરમાં અત્યારે જાણેકે ટ્રાફીક સહિત અન્ય બાબતોનું જાણે કે અસ્તિત્વજ ના રહ્યુ હોઈ તેવી લાચારી અને પીડા નાગરીકો અનુભવી રહ્યા છે અને ઈચ્છી રહ્યા છે કે ચોટીલાના પોલીસ અધિકારીઓ શહેરી વિસ્તારોમા સવાર સાંજ પગપાળા નીકળે તો પણ ગુન્હા ખોરી ઉપર થોડા ઘણા અંશે કાબુ આવે તેમ છે.

# વિંછીયાઃ ચેક રિટર્ન કેસમાં આરોપીને છ માસની સજા

## ચેકની રકમ રૂ.૩ લાખનો ડબલ દંડ ચુકવવા હુકમ

**અબતક, જસદણ**

વિંછીયાની અદાલતે ચેક રિટર્ન કેસમાં ઐતિહાસીક ચુકાદો આપ્યો છે. જેમાં ચેકની રકમ રૂ.૩ લાખનો ડબલ દંડ અને આરોપીને છ માસની સજાના હુકમથી ડિફોલ્ટરમાં ફફડાટ મચી જવા પામ્યો છે.

વધુ વિગત મુજબ વિંછીયા તાલુકાના ઢેઢુકી ગામે રહેતા પથુભાઈ માનસંગભાઈ સાકળીયા નામના અરજદારે રૂ.૩ લાખના ચેક રિટર્ન કેસની ફરિયાદ નોંધાવી હતી જે કેસની સુનાવણી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષની રજૂઆત બાદ ફરિયાદ પક્ષના એડવોકેટ સંજયભાઈ રામાનુજ દ્વારા કરવામાં આવેલી લેખીત મૌખીક દલીલ અને દસ્તાવેજી પુરાવા તેમજ હાઈકોર્ટ સુપ્રીમ કોર્ટના ટાંકેલા ચુકાદા ધ્યાને લઈ



ન્યાયમૂર્તિ એસ.એમ. મોદીએ આરોપીને છ માસની સાદી કેદની સજા અને ચેકની રકમ રૂ.૩ લાખનો બમણો દંડ ચુકવવાનો હુકમ કર્યો છે.

આ કેસમાં ફરિયાદી વતી એડવોકેટ તરીકે સંજયભાઈ રામાનુજ રોકાયા હતા.

# સુરેન્દ્રનગર પેટ્રોલિયમ પેદાશો અને આવશ્યક ચીજ વસ્તુઓનો પુરવઠો જાળવી રાખવા કલેક્ટરની તાકીદ

## ચીજવસ્તુઓની ઉપલબ્ધતા અને સંગ્રહખોરી અટકાવવા મોનીટરીંગ કરવા આદેશ

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જીલ્લામાં જીવન જરૂરિયાતની આવશ્યક ચીજવસ્તુઓ, પેટ્રોલ, ડીઝલ અને ગેસનો પુરવઠો અવિરત મળી રહે તેવા હેતુથી જીલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં જીલ્લા સ્તરીય સમિતિની બેઠક કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે યોજવામાં આવી હતી.

આ બેઠકમાં જીલ્લામાં સપ્લાય ચેઈન જાળવી રાખવા અને બજારમાં કૃત્રિમ અછત ન સર્જાય તે માટે કલેક્ટર દ્વારા સભ્યોને જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યુ હતું.

આ બેઠક દરમિયાન પેટ્રોલ અને ડીઝલ તેમજ ગેસના પુરવઠાની સમીક્ષા કરતા કલેક્ટરે જીલ્લામાં પેટ્રોલ અને ડીઝલનો પૂરતો જથ્થો ઉપલબ્ધ હોવાનું જણાવ્યું હતું. તેમજ એલપીજી સિલિન્ડરના કિસ્સામાં પણ બિનજરૂરી 'પેનિક બુકિંગ' પર રોક લગાવવા માટે એજન્સીઓનું મોનિટરિંગ વધારવા સુચનાઓ આપી



હતી.

પ્રાંત અધિકારીઓ અને મામલતદારોને પણ કોઈપણ ચીજવસ્તુનું ડાયવર્ઝન કે કાળા બજારી ન થાય તે માટે ફિલ્ડમાં સતત ચેકિંગ હાથ ધરવા અને ઔદ્યોગિક વિસ્તારોમાં કામ કરતા પરપ્રાંતીય મજૂરોને પણ કોઈ મુશ્કેલી ન પડે તે માટે વહીવટી તંત્ર દ્વારા વિશેષ તકેદારી રાખવાની તાકીદ કરી હતી. આ બેઠકમાં પ્રાંત અધિકારીઓ, જીલ્લા સ્તરીય સમિતિના અધિકારીઓ તથા વિવિધ ઓઈલ માર્કેટિંગ કંપનીઓના નોડલ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## વેરાવળ-સોમનાથઃ યશસ્વી પ્રાંત અધિકારી વિનોદ જોશીની બનાસકાંઠામાં બદલી

**અબતક, જયેશ પરમાર, સોમનાથ**

સોમનાથ વેરાવળના કુશળ પ્રશાસક યશસ્વી અને કાર્યદક્ષ પ્રાંત અધિકારી વિનોદ જોશીની બનાસકાંઠાના વાવ જિલ્લાના થરાદ મુકામે બદલી થવા પામેલ છે. તારીખ ૫-૧૧-૯૧ ના રોજ બનાસકાંઠામાં જન્મેલા વિનોદ જોશીએ ચાર્જ સંભાળ્યા બાદ તંત્રને ગતિશીલ -લોકશાહીભિમુખ કાર્યશૈલીથી પ્રજા અને સરકારમાં સારી છાપ ધરાવતા હતા તેના અનુગામી તરીકે મોરબી જિલ્લા પુરવઠા અધિકારી જે.વી.કાકડીયા ની નિમણૂક ઓર્ડર કરાયો છે તેઓ નો જન્મ ૭-૧૨-૯૪ ના રોજ અમરેલી ખાતે થયેલ છે તેઓએ કુશળ પ્રશાસક તરીકે રાજકોટ, સુરેન્દ્રનગર, બોટાદ , ભાવનગર સહિત વિવિધ સ્થળોએ





પ્રશંસનીય ફરજો બજાવી છે જેઓ થોડા દિવસોમાં વેરાવળ પ્રાંત અધિકારી તરીકે ચાર્જ સંભાળશે.

# ગોંડલ નગરપાલિકાના ચીફ ઓફિસર વિવાદમાંઃ તાત્કાલીક બદલીની માંગઃ

## પાલીકા નાં પૂર્વ હોદ્દેદારો સાથે જમીન ખરીદ્યાનો આક્ષેપ; એડવોકેટ યતીશ દેસાઈની પુરાવા સાથે રજૂઆત

**અબતક,જીતેન્દ્ર આચાર્ય,ગોંડલ**

ગોંડલ નગરપાલિકાની આગામી ચૂંટણી પૂર્વે વહીવટી તંત્રમાં મોટો ખળભળાટ મચી ગયો છે. નગરપાલિકાના ચીફ ઓફિસર અશ્વિનભાઈ વ્યાસ સામે ગંભીર આક્ષેપો સાથે જીલ્લા કોંગ્રેસ ઉપાધ્યક્ષ એડવોકેટ યતીશ ગોવિંદભાઈ દેસાઈએ રાજ્ય ચૂંટણી પંચમાં લેખિત ફરિયાદ નોંધાવી છે. ચીફ ઓફિસરની તાત્કાલિક બદલી કરી તેમને ચૂંટણી પ્રક્રિયાથી દૂર રાખવાની માંગ કરવામાં આવી કરાયો છે.તેમણે અરજીમાં જણાવ્યું છે કે નગરપાલિકાના ચીફ ઓફિસરના પત્ની પૂર્વીબેન અશ્વિનભાઈ વ્યાસે ગત ૧૬ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ ભાજપના પૂર્વ પદાધિકારીઓ સાથે મળીને ખેતીની જમીન સંયુક્ત રીતે ખરીદી છે. શાસક પક્ષના હોદ્દેદારો સાથે અધિકારીના પરિવારના સીધા આર્થિક વ્યવહારો હોવાથી આગામી ચૂંટણીમાં નિષ્પક્ષતા જળવાશે કે કેમ? તેવો ગંભીર સવાલ ઉઠાવવામાં આવ્યો છે.ચીફ ઓફિસર અશ્વિનભાઈ વ્યાસ છેલ્લા ૩ વર્ષથી વધુ સમયથી એક જ સ્થાને ફરજ બજાવે છે. આ ઉપરાંત, તેમની સામે ભૂતકાળમાં હાઈકોર્ટમાં ખોટું સોગંદનામું કરવા બદલ રાજ્ય સરકાર દ્વારા કારણ દર્શક નોટિસ પણ અપાયેલી છે. સુરતના એક કોન્ટ્રાક્ટરને માર મારવાના કિસ્સામાં પણ તેમની સામે પોલીસ ફરિયાદ નોંધાયેલી હોવાનો ઉલ્લેખ ફરિયાદમાં કરાયો છે. અધિકારીની તાત્કાલિક બદલી કરી તેમના નાણાકીય સ્ત્રોતની તપાસ કરવામાં આવે. આ અરજીની નકલ કમિશનર (મ્યુનિસિપાલિટી એડમિનિસ્ટ્રેશન), પ્રાદેશિક કમિશનર અને જિલ્લા કલેક્ટરને પણ પુરાવાઓ સાથે રવાના કરવામાં આવી છે.

# બજાણા નજીક ડમ્પર અને એસ.ટી. બસ વચ્ચે અકસ્માત

## વડાપ્રધાનના કાર્યક્રમમાં ફાળવેલી એસ.ટી. બસને નડ્યો અકસ્માતઃ બંને ચાલકો ઘવાયા

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

દસાડા તાલુકાના બજાણા રેલ્વે ફાટક પાસે ડમ્પર અને એસ.ટી.બસ વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં બન્ને વાહનના ચાલકને ઈજાઓ પહોંચતા સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

આ અંગે મળતી માહિતી મુજબ દસાડા તાલુકાના બજાણા રેલ્વે ફાટક પાસે ડમ્પર અને એસ.ટી.બસ વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં બન્ને વાહનો સામ સામે અથડાતા વાહનોને મોટા પ્રમાણમાં નુકશાન પહોંચ્યું હતું તેમજ બન્ને વાહનના ચાલકને ઈજાઓ પહોંચતા સારવાર અર્થે સુરેન્દ્રનગર હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા તેમજ અકસ્માતને પગલે રસ્તા પર ટ્રાફિક જામના



દ્રશ્યો પણ સર્જાયા હતા અને લોકોના ટોળેટોળા સ્થળ પર ઉમટી પડ્યા હતા. જ્યારે પ્રાથમિક તપાસમાં એસ.ટી.બસને વડાપ્રધાન મોદીના ૩૧ માર્ચના કાર્યક્રમ માટે ફાળવવામાં આવી હોવાથી કાર્યક્રમ સ્થળે પૂર્વ દિવસે જઈ રહી હતી તે દરમિયાન અકસ્માત સર્જાયો હોવાનું બહાર આવ્યું હતું. જો કે સદનસીબે એસ.ટી.બસમાં એક પણ મુસાફર સવાર નહી હોવાથી મોટી જાનહાનિ ટળી હતી. આ બનાવની જાણ થતા પોલીસ કાફલો ઘટના સ્થળે આવી પહોંચ્યો હતો અને વધુ તપાસ હાથ ધરી હતી.

# ગોંડલનાં ચોરડી ગામે બિમારીથી કંટાળી પરિણીતાનો આપઘાત

## મહિલાએ ભરેલા પગલાથી બે પુત્રોએ માતાની છત્રછાયા ગુમાવી

**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

ગોંડલનાં ચોરડી ગામે સાંજનાં સુમારે પરિણીતાએ પોતાનાં ઘરે ગળા ફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. માનશીક બિમારીથી કંટાળી પગલુ ભર્યાનું બહાર આવ્યું છે.

પ્રાપ્ત વિગત મુજબ ચોરડી રહેતા અને મજુરીકામ કરી જીવન નિર્વાહ ચલાવતાં મહેશભાઈ ધીરુભાઈ મકવાણાનાં પત્નિ કિરણબેન ઉ.૩૫ સાંજે ચાર કલાકે પોતાનાં ઘરે ગળાફાંસો ખાઈ જીવનનો અંત આણ્યો હતો. બનાવ વખતે મહેશભાઈ બાજુનાં રૂમમાં સુતા હતાં. થોડી કલાકો બાદ જાગીને બાજુની રૂમમાં નજર કરતા પત્નિ કિરણબેન ગળાફાંસો ખાધેલી હાલતમાં જોવા મળતા હતપ્રત બન્યા હતાં. બાદમાં પરીવારને જાણ કરતા ભાઈ સહીતનો પરીવાર એકઠો થઈ ગયો હતો.

બનાવ અંગે પોલીસ ને જાણ કરાતા તાલુકા પોલીસ નાં કિશનભાઈ આહીર દોડી આવી કિરણબેન નાં મૃતદેહ ને ગોંડલ સરકારી હોસ્પિટલે ખસેડ્યો હતો.

પોલીસ સુત્રોનાં જણાવ્યાં મુજબ કિરણબેન છેલ્લા દોઢ વર્ષ થી માનશીક બિમારી થી પીડાતા હતાં.તેમની દવા પણ ચાલુ હતી.પરંતુ બીમારી થી કંટાળી 'મારે મરી જવુ છે'નું રટણ કર્યા કરતા હતાં.

મૃતકને સંતાનમાં બે દિકરા એક અગીયાર વર્ષનો અને બીજો છ વર્ષનો છે. બનાવનાં પગલે પરીવાર શોકમગ્ન બન્યુ હતું.

# ઉનાના નાઠેજ ગામે કારમાં દારૂની હેરાફેરી પકડાઈ

## એલ.સી.બી.એ દરોડો પાડી ૧૩૦ બોટલ દારૂ અને વાહન મળી રૂ. ૨ લાખનો મુદામાલ કબ્જે

**અબતક,ઉના**

ઊના તાલુકાના નાઠેજ ગામ પાસે જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચ પોલીસ એ મોટર કાર સાથે બે લોકો ને ૧૩૦ બોટલ વિદેશી દારૂ અને કાર સહિત રૂપિયા બે લાખ નવસો નો મુદામાલ કબજે કર્યો છે.

ગીર સોમનાથ જિલ્લા ની લોકલ ક્રાઈમ બ્રાન્ચનો સ્ટાફ ઊના વિસ્તાર મા પેટ્રોલિંગ માં હતા ત્યારે ઊના ભાવનગર નેશનલ હાઈવે રોડ ઉપર નાઠેજ ગામ ના પાટિયા પાસે આવતી સફેદ રંગ ની મારૂતિ કાર નંબર GJ 12 CG 3127 રોકાવી ચાલક ચિરાગ ધીરુભાઈ મકવાણા અને અક્ષય ભીખાભાઈ બાંભણિયા રે. બન્ને અંજાર તા. ઊના ની તપાસ કરતા મોટર માં છુપાવેલા પર પ્રાંત ની




ઈંગ્લીશ દારૂ ની જુદી જુદી બ્રાન્ડ ની બોટલો નંગ ૧૩૦ રૂપિયા ૮૧૯૦૦/ અને એક લાખ રૂપિયા ની મોટર કાર અને બે મોબાઈલ ફોન મળી કુલ રૂપિયા ૨,૦૧૯૦૦/ ના મુદામાલ સાથે પકડી ઊના પોલીસ સ્ટેશન પર લાવી ગુનો દાખલ કર્યો હતો. આ દારૂ કોની પાસે થી લઈ કોને આપવાનો હતો તેની તપાસ શરૂ કરી છે.

# ઠગાઈના ગુનામાં બે દાયકાથી ફરાર શખ્સને દબોચી લેતી રાજકોટ રેન્જ પોલિસ

## જામનગર અને મહેસાણાના કડી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા છેતરપિંડીના ગુનામાં અંકલેશ્વરનો શખસ ૨૦ વર્ષથી ભૂગર્ભમાં ઉતરી ગયો'તો

**અબતક, રાજુ રામોલીયા, કાલાવડ**

રાજકોટ રેન્જની ટીમે છેતરપિંડીના ગુનામાં છેલ્લા ૨૦ વર્ષથી નાસતા ફરતા અંકલેશ્વરના શખસને ઝડપી લીધો હતો. આરોપી સામે જામનગર અને મહેસાણાના કડી પોલીસ સ્ટેશનમાં છેતરપિંડીનો ગુના નોંધાયા બાદ તે છેલ્લા બે દાયકાથી પોલીસને થાપ આપી નાસતો ફરતો હતો.

રાજકોટ રેન્જ આઈજી નિર્લિપ્ત રાય દ્વારા રાજકોટ રેન્જ હસ્તકના જિલ્લાઓમાં ગુન્હો કર્યા બાદ નાસતા-ફરતા આરોપીઓને શોધી કાઢવા સુચના આપી હોય જેને લઈ રાજકોટ રેન્જના પીઆઈ આર.એચ.બારના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ પી.એન.મોરી, બી.સી.મીયાત્રા તથા સ્ટાફ દ્વારા નાસતા ફરતા ગુનેગારોને શોધી કાઢવા તપાસમાં હતાં.

દરમિયાન સંદિપસિંહ ઝાલા, મિતેશભાઈ પટેલ તથા કમલેશભાઈ રબારીને મળેલી બાતમી મુજબ જામનગર સીટી બી ડિવિઝન પોલીસ સ્ટેશનના તથા મહેસાણા કડી પોલીસ સ્ટેશનના આઈ.પી.સી. કલમ-૪૦૬, ૪૨૦ મુજબના ગુનામાં છેલ્લા ૨૦ વર્ષથી નાસતા-ફરતા આરોપી ઈમ્તયાઝ ઉર્ફે ભોલો નુરમામદ દરજાદા (રહે. હવા મહેલ, ઓપેરા બાજુમાં અંકલેશ્વર, ભરૂચ) ને અંકલેશ્વર ભરૂચ ખાતેથી પકડી પાડી જામનગર સીટી બી ડિવિઝન પોલીસ સ્ટેશનના હવાલે કર્યો હતો.

આ કામગીરીમાં પીઆઈ આર.એચ.બાર, પીએસઆઈ પી.એન.મોરી, બી.સી.મીયાત્રા, એ.એસ.આઈ. સંદિપસિંહ ઝાલા,કોન્સ. મીતેશભાઈ પટેલ તથા કમલેશભાઈ રબારી સાથે રહ્યા હતાં.

# ધુવાવ ગામ નજીક અકસ્માતના ગુનામાં આરોપી ઝડપાયો



**અબતક, જામનગર**

જામનગર રાજકોટ ધોરી માર્ગ પર ધુવાવ ગામની ગોલાઈ પાસે ફેટલ અકસ્માતના બનાવ અંગેની તપાસ હાથ ધરાઈ હતી. જે અકસ્માત કરનાર વાહન અને આરોપી અજાણ્યા હોવાથી ગુનો અનડિટેક્ટ હતો. તપાસ દરમ્યાન પોલીસ સબ ઈન્સ્પેક્ટર એ.આર. પરમાર અને સ્ટાફે હ્યુમન સોર્સ તેમજ ટેક્નિકલ સોર્સની મદદથી માહિતી મેળવી. જામનગર કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરના વિવિધ સી.સી.ટી.વી. ફૂટેજ ચકાસતાં શંકાસ્પદ અર્ટિગા કાર (નં. જી.જી.- ૧૦ ડી.જે. ૬૫૪૫) સામે આવી હતી. પોકેટકોપ મોબાઈલ એપ્લિકેશનના આધારે વાહન માલિકની માહિતી મેળવી વધુ તપાસ કરતાં ખુલ્યું કે આ વાહનના ચાલકે અકસ્માત સર્જી વ્યક્તિને હડફેટે લઈને મોત નિપજાવ્યું હતું. આ આધારે આરોપી કામરાન જુમાભાઈ હાલાણી (રહે. ગુલાબનગર, રંગમતી પાર્ક-૦૩, જામનગર) ને ઝડપી પાડવામાં આવ્યો છે અને અનડિટેક્ટ ફેટલ અકસ્માતનો ગુનો ડિટેક્ટ કરવામાં આવ્યો છે.

## ભગવાન મહાવીર જન્મ કલ્યાણકના પાવન પર્વે

# ગોંડલ સંપ્રદાયના સ્વાધ્યાય પ્રેમી સાધ્વીરત્ના પૂ.શાંતાબાઈ મ.સ. કાળધર્મ પામ્યાં

## ૯૫ વર્ષની વય અને ૬૭ વર્ષના અખંડ સંયમ પર્યાય સાથે રાજકોટ ખાતે સમાધિભાવે દેવલોકગમનઃ જૈન શાસનમાં શોકની લાગણી

**અબતક, રાજકોટ**

ભગવાન મહાવીર સ્વામીના જન્મ કલ્યાણક મહોત્સવના પવિત્ર દિવસે જૈન શાસનનો એક તેજસ્વી તારો આથમી ગયો છે. ગોંડલ સંપ્રદાયના આચાર્ય ભગવંત પૂ. પુરુષોત્તમજી મ.સા. એવમ્ સૂર્ય-વિજય પરિવારના પરમ પૂજ્ય શાંતાબાઈ મહાસતિજી ૯૫ વર્ષની વયે રાજકોટની જન કલ્યાણ સોસાયટી ખાતે સમાધિભાવે કાળધર્મ પામ્યા છે. સાડા છ દાયકાથી વધુ સમય સુધી જિનાજ્ઞા મુજબ કઠિન સંયમ માર્ગનું પાલન કરનાર પૂજ્ય મહાસતિજીના દેવલોકગમનથી ગોંડલ સંપ્રદાય સહિત સમગ્ર જૈન સમાજમાં શોકની લહેર વ્યાપી ગઈ છે.

મનોજ ડેલીવાળાના જણાવ્યા અનુસાર, પૂ. શાંતાબાઈ મ.સ.નો સંયમ માર્ગનો પ્રારંભ વિ.સં. ૨૦૧૫માં માદરે વતન વેરાવળ ખાતે થયો હતો. ૨૮ વર્ષની યુવાન વયે પૂ. સવિતાબાઈ મ.સ.ના મુખેથી દીક્ષા અંગીકાર કરી તેમણે સંસારનો ત્યાગ કર્યો હતો. ત્યારબાદ ગોંડલ સંપ્રદાયના સપ્તમ આચાર્ય પૂ. પુરુષોત્તમજી મ.સા.ની પાવન નિશ્રામાં ગોંડલ મુકામે સંવત્સરીના પવિત્ર દિવસે તેમની વડી દીક્ષા સંપન્ન થઈ હતી.

પૂજ્ય મહાસતિજી અજોડ સ્વાધ્યાય પ્રેમી હતા. ૯૫ વર્ષની જૈફ વયે પણ તેઓ નિત્ય હજારો આગમ ગાથાઓનું મુખપાઠ અને સ્વાધ્યાય કરતા હતા. તેમનો સ્વભાવ અત્યંત સૌમ્ય, સરળ અને શાંત હતો. ગોંડલ સંપ્રદાયની ઐક્યતાના પ્રતીક સમાન પૂજ્ય મહાસતિજીએ ૬૭ વર્ષના દીર્ઘ સંયમ જીવનમાં અનેક આત્માઓને ધર્મ માર્ગે વાળ્યા હતા. તેમના દેવલોકગમનથી એક આદર્શ સાધ્વીરત્નાની ખોટ પડી છે. શાસન પ્રેમીઓ દ્વારા તેમના પવિત્ર આત્માની સદ્ગતિ માટે પ્રાર્થના કરવામાં આવી રહી છે.

# ચોટીલાની જે.યુ.કોઠારી શાળામાં વાલીઓ માટે માર્ગદર્શક સેમિનાર યોજાયો



**અબતક, રણજીતસિંહ ધાંધલ, ચોટીલા**

ચોટીલા શહેરમાં રામચોક ખાતે આવેલી જે.યુ. કોઠારી પ્રાથમિક શાળામાં બાળકોના સ્માર્ટ દુશ્મન મોબાઈલ, ટીવી જેવા ઉપકરણોથી બાળમાનસ ઉપર કેટલી હાની પહોંચે છે તે અંતર્ગત બી.એ.પી.એસ સ્વામિનારાયણ સંસ્થાની બાળ પ્રવૃત્તિ દ્વારા યોજાય ગયો આ કાર્યક્રમમાં બાળકોના આ સ્માર્ટ દુશ્મન બાળકોના અભ્યાસ અને સમયનો કેટલો બગાડ કરે છે અને તેના થકી બાળકોમાં સંસ્કારોનો નાશ થાય છે અને આવતી પેઢી આ ઉપકરણોના અતિશય ઉપયોગથી ડિપ્રેશન મોટાપા-હિંસક પ્રવૃત્તિ ક્રુરતા આત્મહત્યા જેવી હિંસક પ્રવૃત્તિઓ તરફ વળે છે

વિજ્ઞાન અને ટેકનોલોજીથી ધમધમતી આ ૨૧મી સદીમાં ઈલેક્ટ્રોનિક ગેજેટનો ઉપયોગ અનિવાર્ય બની ગયો છે ત્યારે તેનો ઉપયોગ જો વિવેકપૂર્વક નહીં કરે તો આપણી આવનારી ભવિષ્યની પેઢી વિકાસને બદલે વિનાશ તરફ ધકેલાઈ છે. આપણી આ ભવિષ્યની પેઢીને અત્યારની આધુનિક ટેકનોલોજીના વિવેક પૂર્વકના ઉપયોગનું યોગ્ય માર્ગદર્શન આપી સુશિક્ષિતની સાથે સુચરિત સંતતિ સંર્વધન માટે ચોટીલા શહેરમાં આવેલી જે.યુ કોઠારી શાળામાં ચોટીલાના તમામ વાલીગણ માટે ''સ્ક્રીન સે સાવધાન'' પ્રેરક કાર્યક્રમ યોજાઈ ગયો સાથે સાથે હરિભક્ત દ્વારા વ્યાખ્યાન આપતા જણાવ્યું કે સંત વિભૂતિ પ્રમુખ મહારાજના વચનો હતા કે જો તમે તમારા બાળકોને સંસ્કાર નહીં આપો તો તમારી સંપત્તિ અને સંતતિ બંને ગુમાવવાનો વારો આવશે. આધુનિકતા જો વિવેક જ વાપરશો તો જ આશિષ નહીં તો અભિશાપ હોય છે. આ કાર્યક્રમમાં ચોટીલા શહેરમાંથી બહોળી સંખ્યામાં વાલીગણ અને બાળકો ઉપસ્થિત રહીને કાર્યક્રમને એકીટશે નિહાળ્યો હતો.

# કચ્છ-બિદડામાં પૂ.સુવિધિબાઈ મ.સ.નો સંથારો સીજી ગયો

**અબતક, રાજકોટ**

મુંબઈના અમરસન્સ પરિવારના અનશન આરાધક ડુંગરશી ટોકરશી વોરાના પત્ની ઝવેરબેન અને કચ્છ મોટી પક્ષના આચાર્ય પૂ.નવીનચંદ્રજી મ.સા. તથા પૂ. તારામતી બાઈ મ.સ.ના સુશિષ્યા પૂ. સુવિધિબાઈ મ.સ.એ ૧૨ માર્ચે આજીવન સંથારો કચ્છ-બિદડા ખાતે પૂ. તારાચંદજી મ.સા.ના શ્રીમુખે અંગીકાર કરેલ હતો તા. ૩૦ના ૧૯માં ઉપવાસે સંથારો સીજી ગયો છે.



પૂ. મહાસતીજીની ઉંમર ૮૩ વર્ષ અને દીક્ષા પર્યાય ૫ વર્ષનો હતો આજે મહાવીર જયંતી તા. ૩૧-૩ના બપોરે ૨ કલાકે તારામતી યોગા હોલ, બિદડા સર્વોદય હોસ્પિટલ ખાતેથી પાલખી યાત્રા અને સાંજે ૫થી ૬ કલાકે ગુણાનુવાદ સભા યોજાયેલ.

ખંડાલા-લોનાવાલા ખાતે પૂ.શ્રી ધીરગુરુદેવની નિશ્રામાં ગુણાંજલિ અર્પણ કરવામાં આવેલ.

# સાયલાના ઢેઢુકીમાં 'ગાડી સામે કેમ નાખી' કહી યુવાન પર હુમલો

## યુવાનને રસ્તામાં આંતરી પીકઅપ ચાલકે માર માર્યો, પોલીસે તપાસ હાથ ધરી

**અબતક, રાજકોટ**

સાયલા તાલુકાના ઢેઢુકી ગામમાં વાહન સામે આવવા જેવી સામાન્ય બાબતે થયેલા ઝઘડાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. મોટરસાયકલ લઈને ઘરે જઈ રહેલા ૨૪ વર્ષીય યુવાન પર પીકઅપ કાર ચાલકે પાઈપ અને રબરના પટ્ટા વડે હુમલો કરતા ચકચાર મચી ગઈ છે. ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા યુવાનને સારવાર અર્થે રાજકોટની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.પ્રાપ્ત વિગતો મુજબ, સાયલા તાલુકાના ઢેઢુકી ગામમાં રહેતા અશોકભાઈ કલાભાઈ કોશિયાણી (ઉં.વ. ૨૪) ગત રાત્રે આશરે ૯:૦૦ વાગ્યાની આસપાસ પોતાનું કામ પતાવીને મોટરસાયકલ પર ઘરે પરત ફરી રહ્યા હતા. આ દરમિયાન જ્યારે તેમણે પોતાની મોટરસાયકલ રોડ પર ચડાવી, ત્યારે સામેથી આવી રહેલા પીકઅપ ચાલક સાથે બોલાચાલી થઈ હતી. ફોરવીલ ચાલકે કહ્યું કે તેં મારી સામે ગાડી કેમ નાખી?' તેમ કહી ગાળાગાળી શરૂ કરી હતી. ત્યારબાદ ઉશ્કેરાયેલા ચાલકે પાઈપ અને રબરના પટ્ટા વડે મને આડેધડ માર માર્યો હતો. હુમલામાં ગંભીર ઈજાઓ થતા અશોકભાઈને સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલ લાવવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે, અશોકભાઈ બે ભાઈ અને બે બહેનોમાં સૌથી નાના અને અપરિણીત છે. ડ્રાઈવિંગ કરીને તેઓ પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. આ બનાવ અંગેની જાણ થતા જ પોલીસે હોસ્પિટલ પહોંચી ઈજાગ્રસ્તનું નિવેદન નોંધવાની તજવીજ હાથ ધરી છે.

# શાપર અને ચોરડીના યુવાનનો આપઘાતનો પ્રયાસ

## શાપરના શિવમે ઘરે ઉંદર મારવાનું બિસ્કિટ ખાધું જયારે ચોરડીના ફતેહસિંહે કારખાનામાં ઝેરી દવા પીધી, બંનેને સિવિલ ખસેડાયા

**અબતક, રાજકોટ**

રાજકોટ જિલ્લાના શાપર અને ગોંડલના ચોરડી ગામે બે અલગ-અલગ ઘટનાઓમાં બે યુવાનોએ ઝેરી દવા પીને જીવન ટૂંકાવવાનો પ્રયાસ કરતા ચકચાર મચી જવા પામી છે, બંને યુવાનોને સારવાર અર્થે રાજકોટની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

શાપરના શીતળા મંદિર પાસે રુદ્ર એન્જિનિયરિંગ નજીક રહેતા શિવમભાઈ અજયભાઈ ચૌહાણ (ઉં.વ. ૨૫)એ ગઈકાલે રાત્રે આશરે ૮:૦૦ વાગ્યાની આસપાસ પોતાના ઘરે કોઈ અગમ્ય કારણોસર ઉંદર મારવાનું બિસ્કિટ ખાઈ લીધું હતું. તબિયત લથડતા પરિવારજનો દ્વારા તેને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. બીજા બનાવમાં, મૂળ દાહોદના અને હાલ ગોંડલ તાલુકાના ચોરડી ગામમાં રહેતા ફતેહસિંહ બાબુભાઈ રાઠોડ (ઉં.વ. ૨૧) નામના યુવકે કારખાનામાં કામ દરમિયાન ઉંદર મારવાની દવા પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. જેને સારવાર અર્થે તાત્કાલિક રાજકોટની સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે ફતેહસિંહ પાંચ ભાઈ અને એક બહેનમાં ત્રીજા નંબરનો સંતાન છે. હાલ ફતેહસિંહની હાલત નાજુક હોવાનું જણાયું છે અને રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે તેની સારવાર ચાલી રહી છે. શાપર અને ગોંડલ પોલીસે આ મામલે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

(પહેલા પાનાનું ચાલું)

## આફ્રિકાના રસ્તે ઈંધણ...

ગેસનો વપરાશ ૧૯૧ એમએમએસસીએમડી છે, જેમાં ૫૧ ટકા આયાત થાય છે અને તેમાંથી ૬૦ ટકા આયાત પશ્ચિમ એશિયામાંથી કરવામાં આવે છે.

અન્ય એક અધિકારીએ જણાવ્યું હતું કે ભારત એલપીજી માટે અમેરિકા, રશિયા, કેનેડા, નોર્વે અને નાઈજીરીયા, અલ્જેરિયા તથા અંગોલા જેવા પશ્ચિમ આફ્રિકન દેશોનો સંપર્ક કરી રહ્યું છે. જ્યારે એલએનજી માટે કેમરૂન, ઈક્વેટોરિયલ ગિની અને મોઝામ્બિક જેવા દેશો પાસેથી સપ્લાય મેળવવામાં આવી રહી છે. કેટલાક સ્ત્રોતો પાસેથી પહેલેથી જ કાર્ગો ખરીદવામાં આવ્યા છે અને અન્ય દેશો સાથે વાતચીત અંતિમ તબક્કામાં છે.

પશ્ચિમ એશિયાનું પ્રભુત્વ હોવા છતાં આફ્રિકાથી આયાત સતત વધી રહી હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું. ભારતે એક દાયકામાં ૨૭ થી ૪૧ દેશોમાંથી ક્રૂડ સોર્સિંગમાં વિવિધતા લાવી છે. જેના પરિણામે સ્ટ્રેટ પરની નિર્ભરતા ૪૫ ટકાથી ઘટાડીને ૩૦ ટકાની આસપાસ કરવામાં સફળતા મળી છે.

સુજાતા શર્માના જણાવ્યા અનુસાર, દેશમાં પેટ્રો ઉત્પાદનો અને એલએનજી નો પૂરતો સ્ટોક ઉપલબ્ધ છે. પેનિક બુકિંગના કારણે ઘરેલું સિલિન્ડર માટે ડિલિવરીનો સમય વધીને ૪-૫ દિવસ થઈ ગયો છે, પરંતુ ક્યાંય પણ સિલિન્ડર ખતમ થયા હોવાના અહેવાલ નથી અને ટૂંક સમયમાં સ્થિતિ સામાન્ય થવાની અપેક્ષા છે.

## ખાલીસ્તાન...

કરવામાં આવી હતી. ન્યુઝીલેન્ડની કોર્ટે હવે સત્તાવાર રીતે તેની ઓળખ જાહેર કરી છે, અને આ કેસની ફાઈલો ખુલતા ઘણા મોટા ખુલાસા થયા છે. એક વ્યક્તિ દ્વારા કથિત દારૂ પીધા પછી થયેલા મોત બાદ આ સમગ્ર તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો હતો.

તપાસ બાદ, ૪૦ વર્ષીય બલતેજ સિંઘની ધરપકડ કરીને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. પોલીસે જણાવ્યું કે બલતેજ સિંઘ દ્વારા આયાત કરવામાં આવી રહેલા શિપમેન્ટના એક ભાગમાં પ્રવાહી મેથ (ડ્રગ્સ) હતું જ્યારે બાકીના ભાગમાં બીયર હતું. ધરપકડ બાદ, તેના પરિવારે ધમકીઓ મળવાનું કારણ આપીને તેનું નામ અને ખાલિસ્તાની લિંક્સ છુપાવવા માટે સખત પ્રયાસ કર્યા હતા, પરંતુ ન્યુઝીલેન્ડની કોર્ટ ઓફ અપીલ દ્વારા તાજેતરમાં જાહેર હિતમાં તેના નામ પરનો પ્રતિબંધ ઉઠાવી લેવામાં આવ્યો હતો.

ડ્રગ્સના બહુવિધ ગુનાઓ બદલ બલતેજ સિંઘને ૨૨ વર્ષની જેલની સજા ફટકારવામાં આવી છે, જેમાં ઓછામાં ઓછા ૧૦ વર્ષ સુધી તેને ફરજિયાત જેલમાં રહેવું પડશે. આ ઉપરાંત તેના સાથીદાર હિમ્મતજીત સિંહ કાહલોનને પણ કોર્ટે ૨૧ વર્ષની જેલની સજા ફટકારી છે.

## આતંકવાદી પનાહ પાકિસ્તાન...

વિશેષ કરીને ભારત વિરોધી સંગઠનો અંગે રિપોર્ટમાં ગંભીર ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. કાશ્મીરમાં અસ્થિરતા ફેલાવવા માંગતા હિઝબુલ મુજાહિદ્દીન પાસે અંદાજે ૧,૫૦૦ અને જૈશ-એ-મોહમ્મદ પાસે ૫૦૦ જેટલા સશસ્ત્ર આતંકીઓનું સક્રિય કેડર છે. આ ઉપરાંત, ૨૦૦૮ના મુંબઈ હુમલા માટે જવાબદાર લશ્કર-એ-તૈયબા જેવા સંગઠનો પણ પાકિસ્તાની ધરતી પરથી ખુલ્લેઆમ પોતાની ગતિવિધિઓ ચલાવી રહ્યા છે.

અમેરિકી અધિકારીઓએ આ અહેવાલમાં પાકિસ્તાની ગુપ્તચર એજન્સીઓના હક્કાની નેટવર્ક સાથેના સંબંધો પર પણ આંગળી ચીંધી છે. પાકિસ્તાન ભલે ૨૦૨૨માં ૠઅઝૠની 'ગ્રે લિસ્ટ'માંથી બહાર નીકળી ગયું હોય, પરંતુ ધાર્મિક સ્વતંત્રતાના અભાવ અને મદ્રેસાઓમાં ભણાવવામાં આવતી કટ્ટરપંથી વિચારધારાને કારણે અમેરિકાએ તેને હજુ પણ 'ખાસ ચિંતાજનક દેશ'ની યાદીમાં રાખ્યું છે.

આતંકવાદની આ પનાહ પાકિસ્તાન માટે પણ આત્મઘાતી સાબિત થઈ રહી છે. રિપોર્ટ મુજબ, ૨૦૨૫માં પાકિસ્તાનમાં આતંકવાદને કારણે મૃત્યુઆંક ૪,૦૦૧ સુધી પહોંચી ગયો છે, જે છેલ્લા ૧૧ વર્ષમાં સૌથી વધુ છે. ખાસ કરીને 'તેહરીક-એ-તાલિબાન પાકિસ્તાન' અત્યારે પાકિસ્તાન માટે સૌથી મોટો ઘરેલું ખતરો બનીને ઉભરી રહ્યું છે. આમ, આ રિપોર્ટ સ્પષ્ટ કરે છે કે પાકિસ્તાનની આતંકવાદને પોષવાની નીતિ દક્ષિણ એશિયાની શાંતિ માટે સતત જોખમ ઊભું કરી રહી છે.

(૧૧માં પાનાનું ચાલુ)

## નરેન્દ્રભાઈ

કરવામાં આવશે, જેના કારણે હરિત ઊર્જાનો વ્યાપ વધશે અને ઊર્જા સુરક્ષા મજબૂત બનશે.

આ ઉપરાંત, ભારત સરકારના માર્ગ, પરિવહન અને હાઈવે મંત્રાલય હેઠળ ઈડર-બડોલી બાયપાસ ફોર લેન રોડ (₹૭૦૫ કરોડના ખર્ચે) અને ધોળાવીરા-મૌવાણા-વોવા-સાંતલપુર સેક્શનનું (₹૫૭૫ કરોડના ખર્ચે) ખાતમુહૂર્ત તેમજ અમદાવાદ-ધોલેરા પેકેજ ૧ (₹૧૨૯૮ કરોડના ખર્ચે), પેકેજ ૨ (₹૧૪૧૫ કરોડના ખર્ચે), પેકેજ ૩ (₹૧૦૩૪ કરોડના ખર્ચે) અને પેકેજ ૪નું (₹૧૩૫૮ કરોડના ખર્ચે) લોકાર્પણ કરવામાં આવશે. ભારત સરકારના રેલવે મંત્રાલયના ₹૮૯૧ કરોડના પ્રોજેક્ટ્સનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જેમાં હિંમતનગર-ખેડબ્રહ્મા બ્રોડગેજ લાઈન, ગાંધીધામ-આદિપુર વચ્ચે ક્વોડ્રુપલિંગ અને રાજકોટ-કાનાલુસ ડબલિંગ પ્રોજેક્ટના ભાગરૂપે કાનાલુસ-જામનગર ડબલિંગ જેવા પ્રોજેક્ટ્સનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, ખેડબ્રહ્મા-હિંમતનગર-અસારવા ટ્રેનને ખેડબ્રહ્મા ખાતેથી લીલી ઝંડી આપવામાં આવી હતી. આમ, કુલ મળીને આ ભારત સરકારના આ ત્રણ મંત્રાલયો હેઠળ ₹૧૦,૯૨૧ કરોડના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યા હતાં.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાત સરકારના વિવિધ વિભાગો હેઠળ કુલ ₹૮૮૮૬ કરોડના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યુ હતું. તેમાં શહેરી વિકાસ વિભાગ હેઠળ સૌથી વધુ ₹૫૨૯૫.૫ કરોડના પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યા હતાં. શહેરી વિકાસ વિભાગના આ પ્રોજેક્ટ્સમાં મુખ્યત્વે અમદાવાદ અને ગાંધીનગર ખાતેના વિકાસકાર્યોનો સમાવેશ થાય છે, જેમાં અમદાવાદ ખાતે ખારીકટ કેનાલનો વિકાસ, અમદાવાદ મહાનગરપાલિકાની બીઆરટીએસ અને એમટીએસ બસ સર્વિસનું મોડર્નાઈઝેશન, હાલના સુભાષબ્રિજને તોડી નાંખીને નવા ફોર લેન બ્રિજનું કન્સ્ટ્રક્શન, આર્થિક રીતે પછાત વર્ગો માટે રહેણાંક ઘરોનું નિર્માણ, સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, ઓડિટોરિયમ વગેરે જેવા પ્રોજેક્ટ્સના લોકાર્પણ અને ખાતમુહૂર્તનો સમાવેશ થાય છે.

ગાંધીનગર ખાતે આર્થિક રીતે પછાત વર્ગો માટે રહેણાંક ઘરોનું નિર્માણ, ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન માટે રાષ્ટ્રીય ધોરીમાર્ગથી અડાલજ ટીએસપીએસ સુધી ખુલ્લા ખોદકામ (લંબાઈ = ૨૪૨૦ મીટર) અને માઈક્રોટનલિંગ (લંબાઈ = ૩૧૮૦ મીટર) દ્વારા ૧૮૦૦ મીમી ગટર ટ્રંક નાખવી, પેથાપુર ખાતે ૧૫ એમએલડી સુવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટનું કન્સ્ટ્રક્શન, રાંધેજા ખાતે ૪ તળાવોનું ઈન્ટરલિંકિંગ અને સ્ટોર્મ વોટર લાઈન નાખવાનું કામ વગેરે જેવા પ્રોજેક્ટ્સના લોકાર્પણ અને ખાતમુહૂર્તનો સમાવેશ થાય છે.

શહેરી વિકાસ વિભાગ ઉપરાંત, ગુજરાત સરકારના જળ સંસાધન, પાણી પુરવઠા, માર્ગ અને મકાન, જીઆઈડીસી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ, પ્રવાસન, આદિજાતિ વિકાસ તેમજ ગ્રામીણ વિકાસ વિભાગના પણ વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવશે. વધુમાં, વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) અંતર્ગત ગુજરાતના ૩૪ જિલ્લાઓમાં ૩૮,૯૪૯ આવાસોમાં નાગરિકોનો ગૃહપ્રવેશ કરાવશે, જેનાથી રાજ્યના ગ્રામીણ વિસ્તારના નાગરિકો માટે પોતાના ઘરનું સ્વપ્ન સાકાર થશે.

### ઈ-પ્રસ્થાન

લાઈન પર પ્રથમ ટ્રેનનું ઈ-લોકાર્પણ કરવામાં આવશે.

આ ઐતિહાસિક અવસર પર પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દ્વારા ખેડબ્રહ્મા-હિંમતનગર-અમદાવાદ (અસારવા) વચ્ચે નવી ટ્રેન સેવાનો વિધિવત પ્રારંભ કરાવવામાં આવશે. ખેડબ્રહ્મા અને હિંમતનગર વચ્ચેની રેલ લાઈનના બ્રોડગેજમાં રૂપાંતરણ બાદ આ પ્રથમ ટ્રેન સેવા શરૂ થવાથી સ્થાનિક મુસાફરો અને વેપારીઓ માટે પરિવહનના નવા દ્વાર ખુલશે. આ પ્રોજેક્ટના પૂર્ણ થવાથી ઉત્તર ગુજરાત અને રાજ્યના કેન્દ્રિય ભાગ વચ્ચે ઝડપી, સુલભ અને વિશ્વસનીય પરિવહન વ્યવસ્થા સ્થાપિત થશે.

વડાપ્રધાન દ્વારા માત્ર ખેડબ્રહ્મા-હિંમતનગર લાઈન જ નહીં પરંતુ રાજ્યના અન્ય મહત્વના રેલવે પ્રોજેક્ટ્સ પણ રાષ્ટ્રને અર્પણ કરવામાં આવશે જેમાં ગાંધીધામ- આદિપુર રેલ લાઈનના મલ્ટી-ટ્રેકિંગ કાર્ય અને કાનાલૂસ-જામનગર રેલ લાઈનના દોહરીકરણના પ્રકલ્પોનો સમાવેશ થાય છે આ આધુનિકીકરણ પ્રોજેક્ટ્સથી માલસામાન અને મુસાફરોની અવરજવર વધુ સરળ બનશે અને રેલવેની કાર્યક્ષમતામાં મોટો વધારો થશે. આ તમામ પ્રકલ્પો ગુજરાતના ઔદ્યોગિક અને સામાજિક વિકાસમાં મહત્વની ભૂમિકા ભજવશે.

કેન્દ્ર સરકારના રેલવે વિકાસના વિઝન હેઠળ હાથ ધરાયેલા આ રૂ.૮૯૧ કરોડના પ્રોજેક્ટ્સથી અંતરિયાળ વિસ્તારોની મુખ્ય શહેરો સાથેની કનેક્ટિવિટી મજબૂત બનશે. આ નવી સુવિધાઓથી રાજ્યના આર્થિક વિકાસને વેગ મળશે અને મુસાફરોને સમય તેમજ નાણાંની બચત સાથે આધુનિક રેલવે સેવાનો લાભ પ્રાપ્ત થશે.

### 'મહા પ્રસાદ'

વિજયબાપુના જણાવ્યા મુજબ, અમે સંપુર્ણ રસોઈ બનાવવા માટે સંપુર્ણપણે આત્મનિર્ભર છીએ અને રસોઈ માટે માત્ર બાયોગેસનો જ ઉપયોગ કરીએ છીએ. આ ઉપરાંત, બાયોગેસમાંથી નીકળતી સ્લરીનો ઉપયોગ સંસ્થાની ખેતીમાં કરવામાં આવે છે,''. સંસ્થાનાં વ્યવસ્થાપકોના જણાવી રહ્યા છે કે, જ્યારે બાયોગેસ નહોતો ત્યારે રસોઈ બનાવવા માટે લાકડાનો ઉપયોગ કરવામાં આવતો હતો. જેમાં રોજનું ૮૦૦ થી ૯૦૦ કિલો લાકડુ વપરાતુ હતું. જ્યારે સિલિન્ડરનો ઉપયોગ કરતા ત્યારે રોજ સરેરાશ ૧૦ થી ૧૫ જેટલા સિલિન્ડરનો ઉપયોગ થતો હતો.

(છેલ્લા પાનાનું ચાલુ)

## પીએમ મોદી...

ફાઉન્ડેશનના સહયોગથી આ મ્યુઝિયમમાં અત્યાધુનિક ઓડિયો-વિઝ્યુઅલ ટેકનોલોજીનો ઉપયોગ થયો છે. મુલાકાતીઓને આધ્યાત્મિક સંગીત અને ઈમર્સિવ પ્રેઝન્ટેશન્સ દ્વારા પ્રાચીન યુગનો જીવંત અનુભવ કરાવવાનો પ્રયાસ કરાયો છે. યુ.એન.એમ. ફાઉન્ડેશને આ પ્રોજેકટની જાળવણીની જવાબદારી સ્વીકારી છે, જે આવનારી પેઢીઓ માટે ભારતીય સંસ્કૃતિની જાણકારી મેળવવાની દીવાદાંડી સમાન બની રહેશે.

## સેન્સ પ્રક્રિયા...

લડવા ઈચ્છુકોને સાભળવામાં આવે છે તેઓના નામો મેળવવામાં આવે છે. પ્રદેશ ભાજપ દ્વારા અલગ અલગ મહાનગરો અને જિલ્લા નિરીક્ષકોની નિયુકતી કરી દેવામાં આવી છે. આજથી નિરીક્ષકો પોતાને ફાળવવામાં આવેલા શહેર કે જિલ્લામાં પહોચી ગયા છે. સામાન્ય રીતે સેન્સ લેવા જનારા નિરીક્ષકોનાં નામોની યાદી જાહેર કરવામાં આવતી હોય છે. પરંતુ આ વખતે તમામ નિરીક્ષકોને ટેલીફોનીક જાણ કરવામાં આવી છે કે તમારે આ શહેર કે જિલ્લામાં સેન્સ માટે જવાનું છે.

આજે સવારથી સેન્સ પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. રાજકોટ શહેરના ૧૮ વોર્ડ માટે દાવેદારોને સાંભળવા માટે આવતીકાલે ૯ નિરીક્ષકો આવશે અલગઅલગ ત્રણેય ઝોનમાં સેન્સ લેવામાં આવશે કાલે સવારથી આ પ્રક્રિયા શરૂ થશે જે સાંજ સુધી ચાલે તેવું દેખાય રહ્યું છે. જો કાલે ૧૮ વોર્ડમાં પ્રક્રિયા પૂર્ણ ન થાય તો ગુરૂવારે પણ સેન્સ પ્રક્રિયા ચાલુ રાખવામાં આવશે. શહેરના ૧૮ વોર્ડની ૭૨ બેઠકો માટે ૫૦૦થી પણ વધુ દાવેદારો ચૂંટણી લડવાની ઈચ્છા વ્યકત કરે તેવી શકયતા દેખાય રહી છે.

સ્થાનીક સ્વરાજયની ચૂંટણીમાં ૧૨૦૦૦ જેટલી બેઠકો માટે મતદાન થવાનું હોય અંદાજે ૬૦,૦૦૦થી વધુ દાવેદારો ચૂંટણી લડવાની ઈચ્છા વ્યકત કરે તેવું લાગી રહ્યું છે. લોકસભા અને વિધાનસભાની ચૂંટણીમાં નાની જ્ઞાતિને ટિકિટ મળવી મુશ્કેલ છે. આવામાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણક્ષમાં નાનામાં નાની જ્ઞાતિ કે સમાજને ટિકિટ આપવાની દિશામાં ભાજપ આગળ વધી રહ્યું છે. બીજી તરફ આગામી ચૂંટણીમાં ૨૭ ટકા ઓબીસી અનામતની અમલવારી થવાની હોય ઓબીસી કેટેગરીમાં આવતી ૧૪૬ જ્ઞાતિને તેઓની વસ્તીના પ્રમાણમાં ટિકિટ પ્રાધાન્ય આપવામાં આવશે.

સેન્સ પ્રક્રિયા દરમિયાન જે નામો પોતાની સમક્ષ આવો તે તમામ નામો નિરીક્ષકો દ્વારા ચૂંટણી સમિતિ સમક્ષ રજૂ કરી દેવામા આવશે. ત્યારબાદ પાર્લામેન્ટરી બોર્ડ બેઠક પૂર્વ બેઠક વાઈઝ નામોની પેનલ બનાવાશે અથવા અગ્રતા ક્રમ આપવામાં આવશે. અલગઅલગ ત્રણ ઝોનમાં યોજાયેલી ચૂંટણી લક્ષી બેઠકમાં પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માએ એવી સ્પષ્ટ તાકીદ કરી હતી કે, સાંસદ, ધારાસભ્યો અને નેતાઓએ ટિકિટ માટે ભલામણ કરવી નહીં, સંગઠનને મજબુત બનાવવા માટે કાળી મજુરી કરનારોની આ ચૂંટણી છે. જો કોઈ નેતા ટિકિટ અપાવવા માટે હઠાગ્રહ કરે તો તેવા નામોનું અલગથી લીસ્ટ બનાવવા માટે પણ નિરીક્ષકોને સુચના આપવામાં આવી છે.

ટિકિટ ફાળવણી માટે ૨૦૨૧માં જે ગાઈડલાઈન જાહેર કરવામાં આવી હતી તેમાં કોઈ મોટોફેરફાર કરવામાં નહી આવે તેવા સંકેતો આપ્યા છે. બે ટર્મ ચૂંટાયેલા નેતાને ટિકિટ નહી આપવાનો પણ કોઈ જ નિર્ણય લેવાયો નથી તેવું પણ તેઓએ જણાવ્યું હતુ. સતાધારી પક્ષ ભાજપ દ્વારા સેન્સ પ્રક્રિયા પૂર્ણ થયાબાદ આઠથી દશ દિવસમાં ઉમેદવારોના નામ પણ જાહેર કરી દેવામાં આવશે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# મનુષ્યના વાસ્તવિક સુખ અને શાંતિનો મુખ્ય સ્ત્રોત યોગ-સાધના જ છે

## સનાતનનો અદ્વૈતવાદએ આધુનિક વિજ્ઞાન-મનોવિજ્ઞાન વિગેરેના સિધ્ધાંતોને લગભગ સમાંતર ચાલે છે

### સાધનાના રહસ્ય

વિશ્વમાં દરેક ધર્મ અને દરેક સંપ્રદાય ને પોતાની આગવી સાધના પધ્ધતિ હોય છે. જેમાં સનાતન ધર્મ અને તેના પેટા સંપ્રદાયોની મુખ્ય ઈશ્વર ઉપાસના (સાધના) જોઈએ તો ઘણી છે.પરંતુ દરેક સાધનાની ગંગોત્રી 'યોગ' છે. જેથી સમગ્ર વિશ્વ વર્ષમાં એક દિવસ 'યોગ' દિવસ મનાવે છે.

સનાતનમાં મુખ્ય બે વિભાગ દ્વૈતવાદ અને અદ્વૈતવાદ છે. યોગ સાધના (અષ્ટાંગયોગ) અદ્વૈતવાદ સાથે સંકળાયેલી છે. બીજા સંપ્રદાયો જે દ્વૈતવાદ સાથે સંકળાયેલા છે તેઓ ભગવાન અને ભકત (સાધક) એમ બે અલગ છે તેવી માન્યતા છે. અને આ દ્વૈતવાદમાં લગભગ તમામ સંપ્રદાયોમાં ભકિતયોગ સામાન્ય હોય છે. અને તે શ્રધ્ધા અને ભાવનામય હોય છે.

સનાતન ધર્મનો અદ્વૈતવાદ આદ્વિતિય તો છે પરંતુ ગુઢ પણ છે. અને વિજ્ઞાનની રીતે તે પાર પણ ઉતરે છે.એટલે કે ગતિ, અણુ,પરમાણુ અને મેડીકલ સાયન્સ અને આધુનિક મનોવિજ્ઞાન સાથે અષ્ટાંગ યોગ (આધ્યાત્મ વિદ્યા)ની જે પધ્ધતિ છે તે ઘણી રીતે પાર ઉતરે છે.

આપણી આજુબાજુ જે ભૌતિક વિશ્વ છે તેની આપણે જુદી જુદી જ્ઞાનેન્દ્રીયો વડે અનુભુતિ કરી શકી એ છીએ. પરંતુ વાસ્તવમાં આ જે દેખાય છે તે વિશ્વમાં જ સમગ્ર અસ્તિત્વ આવી જતુ નથી પરંતુ આ ભૌતિક વિશ્વ ઉપર પણ ચેતનાના અનેક સ્તરો સુધી તે વિસ્તાર પામેલું છે. ચેતનાના તમામ સ્તરોથી પર અને તમામ સ્તરોમાં પણ ચૈતન્ય તત્વ ઓતપ્રોત છે. આ ચૈતન્યની અનુભુતિ અને તેની સાથે તાદામ્ય અને તેની પ્રાપ્તિમાંજ જીવનથી સફળતા છે. સનાતન ધર્મ મુજબ આ પરમ સત્યની પ્રાપ્તી ને જ ભગવતપ્રાપ્તી, આત્મપ્રાપ્તિ, બ્રહ્મનિષ્ઠા જીવનમુકિત, નિર્વાણ કે મોક્ષ એવા શબ્દો દ્વારા સુચવવામાં આવે છે.

જે પ્રમાણે ભૌતિક જગતના અભ્યાસ માટે વિજ્ઞાનની વિવિધ શાખાઓ છે તેમ આ પરમ ચૈતન્યના અનુભવની પ્રાપ્તી માટે જે સાધના પથ છે.તે જ 'યોગ' છે. આ યોગ જ પરમ પ્રાપ્તી માટેનું સાધન છે અને આ યોગ એજ આધ્યાત્મનું વિજ્ઞાન છે.

સનાતન ધર્મમાં જુદાજુદા ધાર્મિક ગ્રંથોમાં 'યોગ'ની વ્યાખ્યાઓ ઋષિઓ કે વૈજ્ઞાનિકો કે અવતારો કે સિધ્ધો દ્વારા આપવામા આવેલી છે. તે પૈકી કેટલીક નીચે પ્રમાણે છે.

(૧) યોગઃ કર્મસુ કૌશલમ્ '(શ્રીમદ ભગવદ ગીતા) એટલેકે યોગ એ કર્મોમાં કુશળતા છે. અહિં કુશળતા (હોંશિયારી) સાથે તેમાં બ્રાહ્મ કૌશલ્ય ઉપરાંત 'નિષ્કામભાવ'નો પણ સમાવેશ છે.

(૨) સમત્વં યોગ ઉચ્ચતેઃ (શ્રીમદ્ ભગવદ ગીતા) અહિં સમત્વને યોગ કહેવામાં આવેલ છે. પણ તેમાં ચિતની 'સમતા ભાવના'નો મુખ્ય સમાવેશ છે.

(૩) યોગઃ ચિત્તવૃત્તિ નિરોધઃ (યોગસૂત્ર)

એટલે કે ચિતની વૃત્તિમાંથી સંકલ્પ વિકલ્પ દૂર કરી તેને સ્થિર કરવી તે છે. ઋષિ પતંજલીના રાજયોગ (અષ્ટાંગયોગ)નો મુળ આધાર જ આ છે.

(૪) દુઃખ સંયોગવિયોગં યોગ સંજ્ઞિતમ્ : (ગીતા)

દુઃખ ના સંયોગથી મુકિત ને પણ યોગ કહેવાય છે. અર્થાંત દુઃખની આત્યંતિક મુકિત (પુનઃ અપિજનનમ્ઃ પુનઃ અપિમરણમ્)ને ગીતામાં યોગ કહેલ છે.

આથી જ યોગ પરમ સત્યની પ્રાપ્તી માટેની સાધના પધ્ધતિ અને આધ્યાત્મનું દર્શન, વિજ્ઞાન અને કલા પણ છે.

યોગના જુદા જુદા સ્વરૂપો

આ યોગ વિદ્યાએજ આધ્યાત્મક વિદ્યા છે માનવ સામાન્ય રીતે સુખ અને શાંતિ માટે પ્રયત્નશીલ હોય છે. પરંતુ વાસ્તવિક પરમ સુખ શાંતિ ભૌતિક જગત (વસ્તુ)માં નહિ પણ આ યોગ સાધનામાં રહેલી છે. આ પરમ પ્રાપ્તીના આઠ કેન્દ્રો, શાંતિ, જ્ઞાન, શકિત, પ્રેમ, આનંદ, સૌદર્ય, અમરત્વ અને સ્વતંત્રતા છે. અને આ બધા કેન્દ્રોનું પણ કેન્દ્ર જે તે વ્યકિતનો આત્મા છે. જો આ આત્માની પ્રાપ્તી થઈ શકે તો આ તમામ તત્વો આપોઆપ પ્રાપ્ત થઈ જતા હોય છે.




આમ આત્મા તરફ ગતિ કરવી એજ અધ્યાત્મ છે અને અધ્યાત્મ એટલે જ ઈશ્વર પ્રાપ્તી કે ભગવત પ્રાપ્તી તરફ ગતિ અને એજ પરમ ચૈતન્ય અને અનંત છે. જેને પામી શકાય પણ માપી શકાય નહી આ અધ્યાત્મ વિદ્યા ઉપર હજારો વર્ષ સુધી જુદાજુદા ઋષિમુનિઓ જેઓ અલગ અલગ વ્યકિતત્વ ધરાવતા હતા તેમણે તપ સાધના કરી વિવિધ અધ્યાત્મ સાધનાના માર્ગો બનાવ્યા છે જે ખરેખર તો આ પરમ ચૈતન્યને પ્રાપ્ત કરવાના જ પંથો છે આ રીતે પરમ ચૈતન્ય આત્મા (બ્રહ્મ)ને પામવાના જુદા જુદા સાધના પથ નીચે પ્રમાણે છે.

(૧) જ્ઞાન યોગઃ

જગદ્‌ગુરૂ શંકરાચાર્યજીએ એક ટૂંકુ સુત્ર સાધનાના અંતે તારવ્યું 'બ્રહ્મ સત્ય જગત મિથ્યા ।। ' એટલે કે પરમ ચૈતન્ય બ્રહ્મ જ સત્ય છે. અને જે વિશ્વ દેખાય છે તે માયાને કારણે દેખાય છે. જે ખરેખર મિથ્યા છે. (વિવર્તને કારણે), આ દ્રશ્યમાન અનુભવાતા વિશ્વનો 'નેતિનેતિ'ની રીતે ઈન્કાર કરતા કરતા સાધક પરમ ચૈતન્ય બ્રહ્મ સ્વરૂપને પ્રાપ્ત થાય છે.


આ પધ્ધતિમાં આત્મ સ્વરૂપ ચિંતન અને આત્મસ્વરૂપથી ભિન્ન વૈશ્વીક માયા રૂપ આત્માનો ઈન્કાર તે જ્ઞાનયોગની આરાધના પધ્ધતિ છે. જેમાં સાધન ચતુષ્ટય પ્રાપ્ત કરેલ (૧) વિવેક (૨) વૈરાગ્ય (૩) શમ સહિત ષટસંપતિ શમ-દમ,શ્રધ્ધા, સમાધાન, ઉપરામ અને તિતિક્ષા (૪) મુમુક્ષતા. આ સાધનો રૂપ સંપતિ કહેવાય છે.

આ સાધન-ચતુષ્ટ્ય-સંપન્ન સાધક, શ્રવણ મનન અને નિદિધ્યાસન ને માર્ગે જો બ્રહ્માકાર વૃત્તિનો અભ્યાસ કરે તો તે બ્રહ્મનિષ્ઠ બની શકે છે. જ્ઞાનયોગ અનુસાર કૈવલ્યમુકિત જ પરમ પુરૂષાર્થ છે અને લાંબા સમયના અભ્યાસ અને વિશુધ્ધજ્ઞાનથી તે પ્રાપ્ત થાય છે. આમ સાધકની વિશુધ્ધબુધ્ધિ એ જ્ઞાનયોગનું મુખ્ય સાધન છે.

(૨) ભકિત યોગઃ

ઈશ્વર ફકત નિર્ગુણ અને નિરાકાર જ નથી પરંતુ તે સગુણ અને સાકાર પણ છે. ઈશ્વરનું આ સગુણસાકાર સ્વરૂપ પણ નિર્ગુણ નિરાકારથી જરા પણ ઉતરતુ નથી.

ઈશ્વરના આ સગુણ સાકાર સ્વરૂપને જ નિઃશેષ સમર્પિત થવામાં ભકત પોતાના જીવનની કૃતાર્થતા માને છે. ભકિતમાર્ગમાં ભકત મોક્ષને નહિ પરંતુ ઈશ્વરપ્રણિધાનને જ પરમ પુરૂષાર્થ માને છે. તેઓ ઈશ્વરના સગુણ સાકાર સ્વરૂપના દર્શન, તેને સમર્પણ, તેમના પ્રેમની પ્રાપ્તી અને તેમના દિવ્ય લોકમાં પ્રવેશએ ભકિતયોગના અનુયાયીઓ પોતાના જીવનનું પરમ પ્રાપ્તીનું અને તેમના દિવ્ય લોકમાંપ્રવેશ એ ભકિતયોગના અનુયાયીઓ પોતાના જીવનનું પરમ પ્રાપ્તીનું ધ્યેય માને છે. જેમાં ઈશ્વરના નામ સ્મરણઃ સ્વરૂપચિંતન, ગુણચિંતન, લીલા ચિંતન, સેવા પૂજાના બાહ્ય સાધનો અને આંતરિક સાધનોમાં શ્રધ્ધા, પ્રેમ, વિશ્વાસ અને સમર્પણ ભાવ છે. આ રીતે ભકિતયોગમાં બુધ્ધિ નહિ પરંતુ 'ભાવપ્રધાન' મુખ્ય સાધન કહી શકાય.



લેખક
એસ. બી. ગોહિલ
પૂર્વ આસિ. પોલીસ કમિશનર
મો.૯૯૨૫૫૦૦૦૬૭

(૩) મંત્ર યોગઃ

મંત્રનો નિર્લેપભાવે જપ કરવો એ પણ પ્રભુપ્રાપ્તીનો જ માર્ગ છે. મહામૃત્યુંજય મંત્ર પ્રણવ (ૐ) ગાયત્રી મંત્ર, રામનામ વિગેરે અનેક મંત્રો સનાતનમાં છે. આ મંત્રોના તેમની વિધિ પ્રમાણે જાપ કરવાથી ઈષ્ટદેવની પ્રાપ્તી થાય છે. અજપા જપમાં મુખપાઠ, કંઠમાંથી નહિ પરંતુ મંત્રજાપ નાભિમાંથી આંતરિક ચેતનામાં ચાલે છે. જે પોતાની રીતે ચાલુ જ રહે છે.

(૪) કર્મ યોગઃ

મનના તમામ સંકલ્પ વિકલ્પનો ત્યાગ કરીને શ્રીમદ્ ભાગવત સંકલ્પ અનુસાર જીવવું એ કર્મયોગનું ધ્યેય છે.

શાસ્ત્રોકત પૌરાણિક કર્મો નિષ્કામ ભાવે કરવા તે કર્મયોગનો આરંભ છે. અને સહજ ઉપલબ્ધ કર્મો પ્રભુને સમર્પિત ભાવે કરવા એ દ્વિતિય અવસ્થા છે. અને ઈશ્વર સ્મરણમાં જીવતા જીવતા તેમના અર્થે કર્મો કરવા તે કર્મયોગની આખરી અવસ્થા છે. આમ નિષ્કામ ભાવે, પ્રભુ અર્થે અને ભગવાનમય ભાવે જીવન જીવવામાં આવે તોજ કર્મયોગ છે.

(૫) લય યોગઃ

લયયોગીઓની એવી શ્રધ્ધા છે કે, સમગ્ર વિશ્વ નાદમાંથી ઉત્પન્ન થયેલ છે.

લયયોગીઓ લયયોગની શરૂઆતમાં ઓમકાર વિગેરે નાદની સાધનાથી પ્રારંભ કરતા હોય છે અને આપ મેળે તેમની ચેતનામાં આંતરિક નાદ થવ લાગે વિકસિત અવસ્થા છે. આમ આખરે વિવિધ પગથીયા પાર કરતા કરતા સાધક મહાદેવને પ્રાપ્ત કરે છે.

(૬) હઠયોગઃ

વિજ્ઞાન મુજબ અને વાસ્તવમાં પણ મનુષ્યનું શરીર અતિશય રહસ્યમય તો છે જ ઉપરાંત તે પરમ ચૈતન્ય સુધી પહોચાડવાનું સાધન પણ થઈ શકે તેમ છે. હઠયોગએ આ શરીરની રહસ્યમય અવસ્થા અંગેનું વિશિષ્ટ જ્ઞાન છે. બોંતેરહજાર નાડીઓ, પંચપ્રાણ, પાંચ ઉપપ્રાણ, સાત ચક્રો, કુંડલીની અને કુંડલીનીનું ઉત્થાન એ પ્રાચિન હઠયોગનું વિજ્ઞાન છે. તેમાં આસન, પ્રાણયામ, અને વિવિધ મુદ્રાઓનો અભ્યાસ એ હઠયોગની સાધના પધ્ધતિ છે. તેના અભ્યાસથી મુલાધાર ચક્રમાં રહેલી સુષુપ્ત કુંડલી જાગ્રત થાય છે. અને ત્યારબાદ એક પછી એક ચક્રોમાંથી પસાર થતી સહસ્ત્રારચક્રમાં પહોચીને સાધકને સમાધી અવસ્થામાં પહોચાડે છે. ટૂંકમાં 'પ્રાણોઅસ્મી પ્રજ્ઞાત્મા'એ સિધ્ધાંત મુજબ પ્રાણજય દ્વારા ચિતનો જય પ્રાપ્ત કરવાનો આ એક સુંદર માર્ગ છે.

રાજયોગઃ આપણે ત્યાં પ્રચલિત 'યોગ' શબ્દનો અર્થ સામાન્ય રીતે ધ્યાન-સમાધીના સુચિતાર્થમાં જ કરવામા આવે છે. પરંતુ યોગના ઉપર જોયા મુજબ અનેક પ્રકારો છે.

આપણે જે અર્થમાં યોગ શબ્દનો ઉપયોગ કરીએ છીએ તે ખરેખર રાજયોગ છે જેના આઠ અંગો યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા ધ્યાન અને સમાધી આ સાધનાક્રમને જ અષ્ટાંગયોગ કહેવામાં આવે છે. અને તેજ રાજયોગ છે. આ સાધના કરવા માટે ઋષિ પતંજલીનું પુસ્તક 'યોગસુત્ર'એ રાજયોગનો આધારભૂત ગ્રંથ કહેવાય છે.જેમાં ચિત્ત વૃત્તિઓનો નિરોધ કરી (મનને વશમાં કરી) ધ્યાન અભ્યાસ દ્વારા સમાધિ-અવસ્થામાં પહોચવાનો આ મુખ્ય માર્ગ છે. જેમાં સમાધિની પણ વિવિધ અવસ્થાઓ છે જે તમામને અંતે સાધક કેવલ્યની પ્રાપ્ત કરી શકે છે.

પ્રથમ અંગ 'યમ'ના પાંચ પગથિયા છે. અહિંસા, સત્ય; અસ્તેય, બ્રહ્મચર્ય, અને અપરિગ્રહ દ્વિતિય અંગ 'નિયમ'ના પણ પાંચ પગથિયા જે શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય, અને ઈશ્વર પ્રણિધાન છે.

આ બે યોગના અંગો યમ-નિયમના પાલન સિવાય ગમે તેટલા આસન-પ્રાણાયામ કરો પણ 'યોગ'માં પ્રગતિ થતી નથી. ફકત યમ-નિયમના પાલનથી જ મનની સ્થિરતા, એકાગ્રતા, ચિત્ત શુધ્ધિની પ્રાપ્તિ થતા યોગમાં પ્રગતિ થઈ શકે છે.

તૃતીય અંગ આસનઃ

યોગાસન એ લાંબા સમય સુધી નિરંતર અભ્યાસ કરવા માટેનું આવશ્યક અંગ છે.

ચતુર્થ અંગઃ

પ્રાણાયામનો પણ નિર્ધકાળ સુધી નિયમિત અભ્યાસ કરવામાં આવે તો મનનાદોષો બળીને ભષ્મ થાય છે.સાથે સાથે શરીરના દોષો (અમુક રોગો) પણ બળીને ભસ્મ થાય છે. પ્રાણાયામ એ અગ્નિ છે. મન અને શરીરને જોડતી કડી એ પ્રાણ છે આથી પ્રાણજય કરવો જરૂરી છે.

પાંચમુ અંગઃ

પ્રત્યાહાર, જયારે ઈન્દ્રિયોને વિષયો અને તેના સુખમાંથી પાછી વાળીને આત્મામાંજ એકાગ્ર કરવામાં આવે તેને પ્રત્યાહાર કહેવાય છે.

છઠ્ઠુ અંગઃ ધારણા એ વ્યકિતના ચિત્તનું કોઈ એક દેશ વિશેષ કે અંગ ઉપર (ધ્યેય) સ્થિર રાખવામાંઆવે તેને ધારણા કહે છે.

સાતમુ અંગઃ ધ્યાનઃ ધારણા મુજબ લાંબો સમય સુધી ચિતને કોઈ એક દેશ વિશેષ કે અંગ (ધ્યેય) ઉપર સ્થિર રાખવામા આવતા તે જગ્યા ઉપર ચિંત્તની ધારા એકધારી વહ્યા કરે તે અવસ્થા ને ધ્યાન કહે છે.

આઠમુ સમાધિઃ

ખુબજ લાંબા સમય સુધીના અભ્યાસના અંતે ધ્યાનમાં જયારે ધ્યેયનો માત્ર ભાસ જ થાય અને પોતાનું સ્વરૂપ અદ્રશ્ય (અલોપ) થઈ જાય ત્યારે તે અવસ્થાને સમાધિ કહે છે. આ સમાધિ એજ પરમ પ્રાપ્તીનું મહાદ્વાર છે.


ધ્યાન માટેની અનેક વિધિઓ છે પરંતુ આચાર્ય રજનિશજીએ તેમના ધ્યાનના પુસ્તક અનુસાર ૬૦ ધ્યાનવિધિઓનું વર્ણન કરેલ છે. પરંતુ જરૂર છે. ફકત અમન થવાની એટલે કે નિર્વિચાર અવસ્થા પ્રાપ્ત કરવાની !

**વિશ્વરસઃ યોગએ સનાતન ધર્મની સમગ્ર વિશ્વ અને માનવ જાતીને અમૂલ્ય ભેટ છે.**

# ગાંધીધામમાં ૧૦૦૮ કુંડી વૈદિક મહાયજ્ઞ યોજાયોઃ સંતો-મહંતો અને આગેવાનોની હાજરી

## સંતો-મહંતોએ યજ્ઞથી થતા ફાયદા લોકોને જણાવ્યા

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**



યજ્ઞ એ ઋષિ પરંપરામાં ભૌતિક નહીં પણ આધ્યાત્મિક વિધિ હતી. ઋષિઓના આશ્રમોમાં સવાર-સાંજ યજ્ઞ થતા હતા. યજ્ઞથી સાધકના શાંતિ અને સચેત અવસ્થાનું નિર્માણ થતું હોવાનું સદ્ગુરુ સદાફલદેવ વિહંગન યોગ સંસ્થાન તથા અગ્રવાલ સમાજ આયોજીત ૧૦૦૮ કુંડીય યજ્ઞમાં સંત પ્રવર વિજ્ઞાનદેવ મહારાજે સ્વવેદ કથામાં જણાવ્યું હતું. તેમણે આ વેળાએ કહ્યું હતું કે, આપણી સંસ્કૃતિ ઋષિઓની સંસ્કૃતિ છે. યજ્ઞ વૈદિક કાળથી ચાલ્યો આવે છે ત્યારે તે દિનચર્યામાં સામેલ હતો. વિશ્વ શાંતિ, લોકોના કલ્યાણ, સુખાકારી માટે યજ્ઞ આવશ્યક, અનિવાર્ય બની ગયું છે. તેનાથી માનવીમાં રહેલા આંતરિક પ્રદૂષણ, મનોરોગ ઘટે છે અને તે આનંદિત બને છે. અગ્નિને પાણીથી ઓલવી શકાય છે પણ તેને નમાવી શકાતી નથી. અગ્નિ હંમેશાં ઉપરની તરફ જાય છે. સૌના કલ્યાણ અર્થે યોજાયેલા આ ૧૦૦૮ કુંડીય યજ્ઞ પહેલા સદ્ગુરુએ ઉપસ્થિત સૌ સાધકોને ધ્યાન કરાવ્યું હતું. તેમજ ગાયત્રી મહામંત્રથી નમન ગૂંજી ઊઠયું હતું. આ ધ્યાનનો પ્રયોગ દરરોજ પોતે કરવો અને અન્યોને પણ કરાવવા સંત પ્રવરે જણાવ્યું હતું. સાધનાના અભ્યાસથી મસ્તિષ્કમાં આલ્ફા તરંગો વધતા હોવાનું તેમણે ઉમેર્યું હતું. કાશીથી પધારેલા સદ્ગુરુ આચાર્ય સ્વતંત્ર મહારાજે યજ્ઞથી તણાવ વગેરે દૂર થાય છે.

આ વેળાએ બંને સદ્ગુરુ તથા પૂર્વ ગૃહમંત્રી ગોરધન ઝડફિયા, આયોજન ધવલભાઈ આચાર્ય, સુરેશભાઈ ગુપ્તા, સમીરભાઈ ગર્ગ વગેરે દ્વારા દીપ પ્રાગટય કરી પ્રારંભ કરાયો હતો. આ પ્રસંગે રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગા, ધારાસભ્ય માલતીબેન મહેશ્વરી, માંડવી-મુંદરાના ધારાસભ્ય અનિરુદ્ધભાઈ દવે, પંચમુખી હનુમાન મંદિરના મહંત પ્રકાશ આનંદ મહારાજ, રામકરણ મહારાજ, સરહદ ડેરીના વલમજીભાઈ હુંબલ, જિલ્લા ભાજપ અદયક્ષ દેવજીભાઈ વરચંદ, સંઘના પદાધિકારી સવજીભાઈ ખેતાણી વગેરે ઉપસ્થિત રહી સદ્ગુરુઓના આશિર્વાદ મેળવ્યા હતા. ધવલ આચાર્ય, સમીર ગર્ગ, સુરેશ ગુપ્તા, નંદલાલ ગોયલ, સંતોષ ગોયલ, ભીખુભાઈ અગ્રવાલ, મહેશ પોદાર, સ્નેહીલાલ ગોયલ, જતીન અગ્રવાલ,પૂજાબેન ઠક્કર, સંજય ગર્ગ, ભગવાનદાસ ભાર્ગવ, ડો. ભૂપેન્દ્ર, ગોપાલ જાંગીડ,વીરેન્દ્ર આર્યવ્રત, શ્યામસુંદર અગ્રવાલ વગેરેએ આયોજનને સફળ બનાવવા સહકાર આપ્યો હતો. સંચાલન મોમાયાભા ગઢવીએ કર્યું હતું.

# પોરબંદર - દાદર દૈનિક સૌરાષ્ટ્ર એકસપ્રેસ ટ્રેનમાં સેકન્ડ - થર્ડ એસી કોચ લગાવાશે

## ૧૦ જુનથી વધારાના કોચ જોડતા મુસાફરોની સુવિધા વધશે, ચેમ્બર ઓફ કોમર્સની રજુઆત ફળી

**અબતક, પુજા થાનકી, પોરબંદર**

પોરબંદર-દાદર દૈનિક સૌરાષ્ટ્ર એકસપ્રેસ ટ્રેઈનના કોચનું વિસ્તરણ કરવા માટે અગાઉ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા અનેકવાર રજુઆત કરવામાં આવી હતી. જેથી રેલ્વે વિભાગે સેકન્ડ એસી કમ થર્ડ એસી કોચના બદલે હવે એક સેકન્ડ એસી અને એક થર્ડ એસી કોચ ૧૦ જુનથી લગાવવા નિર્ણય કર્યો છે. આથી મુસાફરોની સુવિધામાં વધારો થશે. ચેમ્બરની રજુઆતને સફળતા મળી છે.

પોરબંદરના રેલ્વે સ્ટેશનથી ઉપડતી પોરબંદર-દાદર દૈનિક સૌરાષ્ટ્ર એકસપ્રેસ ટ્રેઈનમાં રેલ્વે વિભાગ દ્વારા યાત્રિયોની વધતી માંગ ને ધ્યાનમાં રાખી સુવિધામાં વધારો કરાયો છે જેમાં પશ્ચિમ રેલવે દ્વારા પોરબંદર-દાદર-પોરબંદર દૈનિક સૌરાષ્ટ્ર એકસપ્રેસની કોચ રચનામાં ફેરફાર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ ટ્રેઈનમાં સેકન્ડ એસી કમ થર્ડ એસી કોચના બદલે હવે અલગ-અલગ એક સેકન્ડ એસી અને એક થર્ડ એસી કોચ લગાવવામાં આવશે.

તારીખ ૧૦ જુન થી આ ફેરફાર લાગુ કરાશે આ ટ્રેઈન છેલ્લા ૪ વર્ષથી એક જ કોચમાં સેકન્ડ એસી કમ થર્ડ એસી કોચ ઉપલબ્ધ હતો જે બાબતે ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા અગાઉ તેમજ તાજેતરમાં યોજાયેલ બેઠકમાં રજુઆત કરવામાં આવી હતી

# મુંદ્રા બંદરેથી અદાણી ગ્રુપ દ્વારા ૧૨ જયોર્તિલીંગ, ચારધામ, નેપાલ, પશુપતિનાથની દર્શન યાત્રાનો પ્રારંભ

## શ્રીમદ ભાગવત કથાનો ધર્મ સામે પર્યાવરણ જતનનો સંદેશ ફેલાવાનો મહાસંકલ્પ



**અબતક, રાજકોટ**

કચ્છની ધરતીથી આધ્યાત્મિકતા અને પર્યાવરણ જાગૃતિનો અનોખો સંદેશ લઈને એક ભવ્ય મહાયાત્રા અદાણી પોર્ટ્સ, મુંદ્રા ખાતેથી ૨૮ માર્ચ ૨૦૨૬, શનિવારના રોજ ભારતના ૧૨ જયોતિર્લિંગ, ૪ ધામ તથા નેપાળના વિશ્વવિખ્યાત પશુપતિનાથ મહાદેવના દર્શનાર્થે મહાયાત્રાનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

યાત્રાનો શુભારંભ મુંદ્રા કસ્ટમ્સ કમિશનર નીતિન સૈનીના હસ્તે ફ્લેગ-ઓફ કરી કરવામાં આવ્યું હતું. આ અવસરે અદાણી પોર્ટ્સના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર રક્ષિત શાહ અને અદાણી મુંદ્રા-તુણા પોર્ટના સીઈઓ સુજલ શાહ હાજર રહ્યા હતા.

આ મહાયાત્રા મુંદ્રા કચ્છના ચાર સેવાભાવી વ્યક્તિઓ - કપિલ ગોર, હરિનાથ નાથબાવા, મુકુંદનાથ નાથબાવા અને સાવનગિરી ગોસ્વામી - દ્વારા હાથ ધરવામાં આવી છે.

યાત્રાના ભારતના બાર જ્યોતિર્લિંગો અને ચાર ધામોના દર્શન સાથે નેપાળમાં આવેલ પશુપતિનાથ મંદિરના દર્શનનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આ મહાયાત્રા માત્ર આધ્યાત્મિક નથી, પરંતુ પર્યાવરણ સુરક્ષાનો પણ મજબૂત સંદેશ લઈને જઈ રહી છે. યાત્રા દરમિયાન નો પ્લાસ્ટીક - સેવ નેચર અભિયાન હેઠળ સમગ્ર ભારતમાં પ્લાસ્ટિકના વપરાશને ઘટાડવા, સ્વચ્છતા અને પર્યાવરણ સંરક્ષણ અંગે વ્યાપક જાગૃતિ ફેલાવવામાં આવશે.

આ ભારત-નેપાળ યાત્રા અદાણી ગ્રુપ દ્વારા તાજેતરમાં યોજાયેલી શ્રીમદ ભાગવત કથાથી પ્રેરિત છે. તે કથા સંપૂર્ણપણે પ્લાસ્ટિક મુક્ત હતી, જેમાં ૧ લાખથી વધુ ભક્તોએ ભાગ લીધો હતો. પ્લાસ્ટિકનો વપરાશ ન થાય તે માટે કથા દરમિયાન પ્રસાદી માટે પરંપરાગત સ્ટીલના વાસણો, છાસ અને પાણી માટે માટીના કુલ્લડનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. વોકલ ફોર લોકલને પ્રોત્સાહન આપતા આ આયોજનને કચ્છમાં ભારે પ્રતિસાદ મળ્યો હતો.

# કોટડાસાંગાણીના સાંઢવાયા ગામે ૩ કરોડના ખર્ચે નિર્માણ પામેલા બ્રિજનું લોકાર્પણ



**અબતક, સલીમ પતાણી, કોટડા સાંગાણી**

કોટડાસાંગાણી તાલુકાના સાંઢવાયા ગામના પાદર સમાન અને પંથકની વર્ષો જૂની પરિવહનની સમસ્યાનો કાયમી ઉકેલ લાવતા, રૂ. ૩ કરોડના ખર્ચે તૈયાર થયેલા નવનિર્મિત બ્રિજનું ભવ્ય લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ નવો બ્રિજ ખુલ્લો મુકાતા ગ્રામજનો અને આસપાસના વિસ્તારોમાં ભારે ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.

રામનવમીના શુભ દિવસે બ્રિજને ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. ભારતીય સંસ્કૃતિ મુજબ ગામની દીકરીઓ દ્વારા કુમકુમ તિલક અને શાસ્ત્રોક્ત વિધિથી મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આયોજિત કાર્યક્રમ સાંઢવાયા ગામના સરપંચ મુનાબાપુ (મુન્નાભાઈ રાયજાદા) ના અધ્યક્ષસ્થાને સંપન્ન થયો હતો. કેશુભાઈ વસાણી (માજી પ્રમુખ, તાલુકા પંચાયત), પરસોતમભાઈ પણસારા (માજી સરપંચ), પ્રવિણસિંહ ઝાલા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ બ્રિજ માત્ર સાંઢવાયા જ નહીં, પરંતુ આસપાસના ૫ થી ૭ ગામો માટે પરિવહનનું મુખ્ય કેન્દ્ર (હાર્દ) સાબિત થશે. વર્ષોથી આ બ્રિજનો પ્રશ્ન જટિલ હતો, જેનો સરકારશ્રીના સહયોગથી હવે સુખદ અંત આવ્યો છે. બ્રિજની ગુણવત્તાયુક્ત કામગીરી બદલ જૂનાગઢની 'જે.બી. કન્સ્ટ્રક્શન' અને ભરતભાઈ આહીર ની ટીમને ગ્રામજનોએ અંતઃપૂર્વક બિરદાવી હતી. સરપંચનો સંદેશલોકાર્પણ પ્રસંગે સરપંચ મુન્નાભાઈ રાયજાદાએ જણાવ્યું હતું કે, ''આ બ્રિજ ગામની જીવાદોરી સમાન છે. વર્ષો જૂની સમસ્યા ઉકેલાતા હવે ચોમાસા દરમિયાન કે સામાન્ય દિવસોમાં લોકોને પડતી હાડમારીઓ દૂર થશે. આ ભગીરથ કાર્ય માટે અમે સરકાર અને કોન્ટ્રાકટર એજન્સીનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.''

# ગીરગઢડા તાલુકામાં ભાજપની ટિફિન બેઠક યોજાઈ



**અબતક, મનુ કવાડ, ગીરગઢડા**

ગીર ગઢડા તાલુકાના ઉગલા ગામે આવેલ દુધીબા ફાર્મ હાઉસ ખાતે પ્રધાનમંત્રી મન કી બાત કાર્યક્રમમાં પ્રદેશ ચૂંટણી ઈનચાર્જ ગીર સોમનાથ મહેન્દ્રભાઈ પીઠડીયા, જિલ્લા ભાજપ ઉપપ્રમુખ કાળુભાઈ રૂપાલા, તાલુકા ભાજપ પ્રમુખ ધર્મેશભાઈ રાખોલિયા, કે.સી. રાજપૂત (મહામંત્રી), મનીષભાઈ જાલૌધરા, પ્રવિણભાઈ ચાખટ, લક્ષ્મણભાઈ વાઘ.દ્વારકાદાસ દોમડીયા ગીરધરભાઈ બરવાળીયા.તેમજ બક્ષી પંચ મોરચાના મહામંત્રી ગોબરભાઈ ચાવડા સહિત જિલ્લા અને તાલુકા સ્તરના અનેક હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

# ગાંધીધામની જર્જરીત ગાંધી માર્કેટને ખાલી કરવા મનપાની નોટિસ



**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

ગાંધીધામ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરની જાણીતી ગાંધી માર્કેટ બિલ્ડિંગને અત્યંત ભયજનક અને જર્જરિત જાહેર કરવામાં આવી છે.મનપા દ્વારા જીપીએમસી એક્ટ ૧૯૪૯ની કલમ-૨૬૮ મુજબ નોટિસ જારી કરી તમામ વેપારીઓને ૧૦ દિવસમાં પોતાના કબજા ભોગવટાની મિલકત ખાલી કરવા લેખિત જાણ કરવામાં આવી છે. તંત્રના મતે બિલ્ડિંગ ગમે ત્યારે પડી શકે તેમ હોવાથી જાનહાનિ ટાળવા તેને દૂર કરવી અનિવાર્ય છે.



# સૂર્યવંશીનો "વૈભવ": ચેન્નાઈ સામે રોયલ્સનો આસાન વિજય

## ચેન્નાઈ સુપર કિંગ્સ માત્ર ૧૨૭માં આઉટ, સૂર્યવંશીએ રોયલ્સ માટે ૧૫ બોલમાં અડધી સદી ફટકારી: રવિન્દ્ર જાડેજાએ ચેન્નાઈ સુપર કિંગ્સને એક જ ઓવરમાં ૨ ઝટકા આપ્યા

**અબતક, રાજકોટ**

ઓપનર વૈભવ સૂર્યવંશીએ માત્ર ૧૫ બોલમાં પાંચ સિક્સર સાથે અડધી સદી ફટકારતાં રાજસ્થાન રોયલ્સે આઈપીએલની ૨૦૨૬ની ટી૨૦ ક્રિકેટ સિઝનનો ઝઝાવાતી પ્રારંભ કરતાં ચેન્નાઈ સુપર કિંગ્સને આઠ વિકેટથી આસાનીથી હરાવ્યું હતું. આમ રિયાન પરાગની ટીમે વિજય સાથે સિઝનનો પ્રારંભ કર્યો હતો. આ વિજય બાદ રાજસ્થાન રોયલ્સ હવે ચોથીએ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ગુજરાત ટાઈટન્સ સામે રમશે. અહીં રમાયેલી મેચમાં રાજસ્થાન રોયલ્સના બોલર્સે શરૂઆતમાં કમાલ કરી હતી અને ત્યાર બાદ વૈભવ સૂર્યવંશી છવાઈ ગયો હતો. ચેન્નાઈ સુપર કિંગ્સ ૧૯.૪ ઓવરમાં માત્ર ૧૨૭ રન કરી શક્યું હતું. જેના જવાબમાં રાજસ્થાન રોયલ્સે ૧૨.૧ ઓવરમાં બે વિકેટ ગુમાવીને ટારગેટ વટાવી દીધો હતો.૧૨૮ રનના આસાન લક્ષ્યાંક સામે રમતાં રોયલ્સ માટે સૂર્યવંશી અને યશસ્વી જયસ્વાલે ધમાકેદાર પ્રારંભ કર્યો હતો. ખાસ કરીને ૧૫ વર્ષીય સૂર્યવંશી વધારે આક્રમક રહ્યો હતો. તેણે માત્ર ૧૫ બોલમાં અડધી સદી પૂરી કરી હતી. જોકે ત્યાર બાદ તે ટકી શક્યો ન હતો અને ૧૭ બોલમાં બાવન રન ફટકારીને આઉટ થયો હતો જેમાં પાંચ સિક્સર ઉપરાંત ચાર ચોગ્ગા સામેલ હતા.બીજે છેડે યશસ્વી જયસ્વાલ ટકી ગયો હતો અને ટી૨૦ ક્રિકેટની અનિશ્ચિતતાની ટીમના પરિણામ પર અસર થવા દીધી ન હતી. તેણે ૩૬ બોલમાં ત્રણ ચોગ્ગા અને એક સિક્સર સાથે અણનમ ૩૮ રન ફટકાર્યા હતા. અગાઉ રાજસ્થાને ટોસ જીતીને ચેન્નાઈને બેટિંગ આપી હતી. ધોની વિનાની સુપર કિંગ્સનો ધબડકો થયો હતો. રાજસ્થાન રોયલ્સના બોલરોના તરખાટ સામે ચેન્નાઈ સુપર કિંગ્સ માત્ર ૧૨૭ રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું. રાજસ્થાન રોયલ્સના બોલરોએ વાદળછાયા વાતાવરણ અને પિચની સ્થિતિનો ભરપૂર ફાયદો ઉઠાવીને ચેન્નાઈની બેટિંગને વિખેરી નાખી હતી. વરસાદને કારણે પિચ લાંબો સમય કવર હેઠળ રહી હોવાથી રાજસ્થાનના કેપ્ટન રિયાન પરાગે પહેલા બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો, જે યોગ્ય સાબિત થયો હતો.સિઝન અગાઉ બંને ટીમે પોતાના દિગ્ગજ ખેલાડીઓની અદલાબદલી કરી હતી. રવીન્દ્ર જાડેજા રાજસ્થાન રોયલ્સમાં પરત ફર્યો હતો, જ્યારે સંજુ સેમસન ચેન્નાઈ સુપર કિંગ્સ તરફથી રમવા મેદાનમાં ઉતર્યો હતો. પોતાની જૂની ટીમ રાજસ્થાન માટે રમતા જાડેજાએ શાનદાર પ્રદર્શન કર્યું હતું. તેણે પોતાની પ્રથમ જ ઓવરમાં બે વિકેટ ઝડપીને ચેન્નાઈની કમર તોડી નાખી હતી. ચેન્નાઈ માટે આ બેટિંગ પ્રદર્શન ખાસ યાદગાર રહ્યું ન હતું. પાવરપ્લેમાં જ રાજસ્થાનના ઝડપી બોલરોએ કેર વર્તાવ્યો હતો. ટી૨૦ વર્લ્ડ કપ હીરો સંજુ સેમસન ચેન્નાઈ માટેની પોતાની પહેલી જ મેચમાં નિષ્ફળ રહ્યો હતો. નાન્દ્રે બર્ગરના એક શાર્પ બોલ પર મોટો શોટ મારવાના પ્રયાસમાં તે બોલ્ડ થયો હતો. કેપ્ટન ઋતુરાજ પણ જોફ્રા આર્ચરે ફેંકેલા સચોટ બોલ પર બોલ્ડ થઈને પેવેલિયન ભેગો થયો હતો. નાન્દ્રે બર્ગરે આયૂષ મ્હાત્રેને બાઉન્સર પર આઉટ કરીને હેટ્રિકની તક ઊભી કરી હતી. ત્યાર બાદ રવીન્દ્ર જાડેજાએ આઠમી ઓવરમાં સરફરાઝ ખાન (૧૭) અને શિવમ દૂબે (૦૬)ને આઉટ કરીને આઠ ઓવરમાં ચેન્નાઈનો સ્કોર છ વિકેટે ૫૭ કરી નાખ્યો હતો. ચેન્નાઈ તરફથી માત્ર જેમી ઓવર્ટને ૩૬ બોલમાં ૪૩ રન ફટકારીને થોડી લડત આપી હતી, જેને કારણે ટીમ ૧૨૦નો આંક પાર કરી શકી હતી. રાજસ્થાન માટે જોફ્રા આર્ચર, નાન્દ્રે બર્ગર અને રવીન્દ્ર જાડેજાએ બે બે વિકેટ ઝડપી હતી.

## ગુલાબી કલર મને ખુબ જ અનુકૂળ છે: રવિન્દ્ર જાડેજા



પહેલી ઈનિંગ બાદ રવિન્દ્ર જાડેજાએ તેની બોલિંગ વિશે વાત કરી. તેને કહ્યું કે પિંક કલર તેને ખૂબ જ અનુકૂળ આવે છે. હું શિવમ દુબેને ઘણા સમયથી ઓળખું છું. હું તેને નેટમાં બોલિંગ કરતો હતો, તેથી મને ખબર હતી કે તે શું કરશે. મેં ઓફ-સ્ટમ્પની બહાર બોલિંગ કરી કારણ કે મને ખબર હતી કે તે મોટા શોટ રમવાનો પ્રયાસ કરશે. વિકેટ પર બેટિંગ કરવી મુશ્કેલ હતી અને બોલ ક્યારેક ટર્ન થઈ રહ્યો હતો. મારું કામ ફક્ત યોગ્ય વિસ્તારમાં બોલિંગ કરવાનું હતું. ક્રિકેટમાં તમે કંઈપણ હળવાશથી લઈ શકતા નથી. લક્ષ્ય ગમે તે હોય, તમારે સારા શોટ રમવા પડે છે.



## ભારતમાં ક્રિકેટ રમત જ નહિ પરંતુ ધર્મ: વૈભવના ધોનીને પગ સ્પર્શ કરવાની હૃદયસ્પર્શી ક્ષણ ફરી વાયરલ

ક્રિકેટ ભારતમાં માત્ર એક રમત નથી, પરંતુ તે એક ધર્મ છે. અને આ ધર્મના દેવતા તરીકે મહેન્દ્ર સિંહ ધોનીને લાખો ક્રિકેટ પ્રેમીઓ પૂજે છે.

આઈપીએલ ૨૦૨૬ની ચાલુ સીઝન વચ્ચે, આપણે ફરી એક વાર ૨૦૨૫ની તે હૃદયસ્પર્શી ક્ષણને યાદ કરીએ છીએ, જ્યારે બિહારના ૧૫ વર્ષના યુવા પ્રતિભાશાળી વૈભવ સૂર્યવંશીએ તેમના આદર્શ ધોનીના પગને સ્પર્શ કરીને આશીર્વાદ લીધા હતા. આ ક્ષણે સમગ્ર દેશના ક્રિકેટ પ્રેમીઓના હૃદયને સ્પર્શી લીધું અને સોશિયલ મીડિયા પર વાયરલ બની ગઈ.

આઈપીએલ ૨૦૨૫માં રાજસ્થાન રોયલ્સ અને ચેન્નાઈ સુપર કિંગ્સ વચ્ચેની મેચ અરુણ જેટલી સ્ટેડિયમ, દિલ્હીમાં રમાઈ હતી. આ મેચમાં વૈભવ સૂર્યવંશીએ રાજસ્થાન રોયલ્સ તરફથી બેટિંગ કરતાં એક અદ્ભુત અર્ધસેન્ચુરી ફટકારી હતી. મેચ પછી, જ્યારે બંને ટીમોના ખેલાડીઓ એકબીજાને હાથ મિલાવી રહ્યા હતા, ત્યારે વૈભવની વારી આવી.

ધોનીએ હાથ આગળ વધાર્યો, પરંતુ ૧૫ વર્ષના આ યુવાને સામાન્ય હેન્ડશેક કરવાને બદલે નમીને ધોનીના પગને સ્પર્શ કર્યા. એક હાથથી ધોનીના પગને અને બીજા હાથથી ધોનીનો હાથ પકડીને તેણે પરંપરાગત રીતે આશીર્વાદ માંગ્યા.

ધોનીએ આ જોઈને મુદ્દાસર સ્મિત કર્યું અને યુવાનને આશીર્વાદ આપ્યા. આ ક્ષણ વીડિયોમાં કેદ થઈ અને તરત જ વાયરલ બની ગઈ.

## વૈભવ રાજસ્થાન માટે અડધી સદી ફટકારનાર બીજો સૌથી ઝડપી બેટ્સમેન બન્યો

છેલ્લા કેટલાક વર્ષોમાં અનેક બેટ્સમેનોએ તોફાની ઈનિંગ રમીને આ લિસ્ટમાં પોતાનું સ્થાન બનાવ્યું છે.પાંચમા નંબરે વૈભવ સૂર્યવંશીનું નામ આવે છે, જેને ૨૦૨૬માં એટલે કે આ સિઝનમાં જ ચેન્નાઈ સુપર કિંગ્સ સામે ૧૫ બોલમાં અડધી સદી ધમાકેદાર છે. તે રાજસ્થાન રોયલ્સ માટે અડધી સદી ફટકારનાર બીજો સૌથી ઝડપી બેટ્સમેન બન્યો. આ ખેલાડીઓની તોફાની બેટિંગ આઈપીએલને વધુ રોમાંચક બનાવે છે અને યુવા ક્રિકેટરો માટે પ્રેરણારૂપ બની રહી છે.

### પડયા ઉપર પાટુ

# ગતવર્ષના પ્રમાણમાં જીરાની નિકાસ ૧૨.૫% ઘટી

## આંતરરાષ્ટ્રીય તણાવને કારણે ઓર્ડર રદ થયા , સમુદ્રી રસ્તે માલ મોકલવાનું ભાડું ખૂબ વધતા નિકાસ કરવી મોંઘી પડી



**અબતક અમદાવાદ**

વર્ષ ૨૦૨૫ ગુજરાતના જીરાના વેપાર માટે નબળું સાબિત થયું છે. ચીન તરફથી ઓછી માંગ અને પશ્ચિમ એશિયામાં યુદ્ધ જેવી સ્થિતિને કારણે ભારતની જીરાની નિકાસમાં ૧૨.૫% નો ઘટાડો નોંધાયો છે. ૨૦૨૪ માં નિકાસ: ૨.૩૭ લાખ મેટ્રિક ટન, ૨૦૨૫ માં નિકાસ: ૨.૦૭ લાખ મેટ્રિક ટન, સૌથી મોટો ઘટાડો માર્ચમાં (-૪૩%) અને એપ્રિલ (-૪૭%) મહિનામાં જોવા મળ્યો.

ચીનમાં આ વખતે જીરાનો પાક સારો થતા તેમણે ભારત પાસેથી ખરીદી ઘટાડી દીધી છે. ઈઝરાયેલ-હમાસ કે અન્ય આંતરરાષ્ટ્રીય તણાવને કારણે દુબઈ અને અન્ય દેશોમાં ઓર્ડર રદ થયા છે. સમુદ્રી રસ્તે માલ મોકલવાનું ભાડું (ફ્રેઈટ) ખૂબ વધી ગયું છે, જેના કારણે નિકાસ કરવી મોંઘી પડી રહી છે. બાંગ્લાદેશમાં રાજકીય અસ્થિરતા અને પેમેન્ટના જોખમને લીધે વેપારીઓ માલ મોકલતા ડરી રહ્યા છે.

ગુજરાતનું ઊંઝા એ જીરાનું સૌથી મોટું હબ છે, અને જ્યારે નિકાસ ઘટે ત્યારે તેની અસર છેક ખેડૂતના ખેતર સુધી પહોંચે છે. ગુજરાત ભારતનું જીરાનું પાવરહાઉસ છે, તેથી આ ક્ષેત્રમાં આવતા બદલાવની સીધી અસર રાજ્યના અર્થતંત્ર પર પડે છે.

# રાજકોટ ડેરી દ્વારા દુધના ખરીદભાવમાં કરાયો વધારો: ૫૦ હજાર પશુપાલકોને ફાયદો

## આવતીકાલથી એક કિલો ફેટના રૂ. ૮૩૦ ચૂકવાશે

**અબતક,રાજકોટ**

રાજકોટ ડેરી દ્વારા ૫૦ હજારથી વધુ પશુ પાલકોનાં હિતમાં મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. દૂધની ખરીદ કિંમતમાં રૂ.૧૦નો વધારો કરવામાં આવ્યો છે. આવતીકાલથી પ્રતિ એક કિલો ફેટના રૂ. ૮૩૦ ચૂકવવામાં આવશે.

રાજકોટ દૂધ સંઘનાં અધ્યક્ષ ગોરધનભાઈ ધામેલીયા અને નિયામક મંડળના સભ્યો દ્વારા સંઘ સાથે જોડાયેલા હજારો દૂધ ઉત્પાદકોના આર્થિક અને સામાજિક હિતોને ધ્યાનમાં રાખીને નિર્ણયો લેવામાં આવે છે. હાલની ઉનાળાની પરીસ્થીતી અને કમોસમી વાતાવરણમાં ફેરફાર ને ધ્યાનમાં રાખીને દૂધ ઉત્પાદકોને આર્થિક રીતે મદદ થવાનાં ઉદેશથી સંઘનાં નિયામક મંડળે પ્રતિ કિલો ફેટે રૂા.૨૦ નો ભાવ વધારો કરીને પ્રતિ કિલો ફેટનો ભાવ રૂા.૮૩૦ કરવા નિર્ણય નક્કી કર્યો છે. અત્યારે દૂધ મંડળીઓને પ્રતિ કિલો ફેટનો ભાવ રૂા.૮૧૦ ચુકવવામાં આવી રહયો છે.

દૂધ સંઘ દ્વારા આવતીકાલ થી દૂધ મંડળીઓને પ્રતિકિલો ફેટે રૂા.૮૩૦/-ચુકવવામાં આવશે અને દૂધ મંડળીઓ તેના દૂધ ઉત્પાદકોને પ્રતિ કિલો ફેટનો ભાવ રૂા.૮૨૫/-ચુકવશે. આ નિર્ણયથી દૂધ સંઘ સાથે જોડાયેલ ૫૦ હજારથી વધારે દૂધ ઉત્પાદકોને આર્થિક ફાયદો થશે. આ જાહેરાત દૂધ સંઘના અધ્યક્ષ ગોરધનભાઈ ધામેલીયા તરફથી કરવામાં આવેલ છે.

# હવાની સાથે સાથે પાણીમાંથી ડ્રોન હુમલા થઈ શકે

## અમેરિકાએ ઈરાન સામેની તેની 'ઓપરેશન એપિક ફ્યુરી'માં પહેલીવાર આવી હાઈટેક ડ્રોન બોટ ઉતારી છે

**અબતક દિલ્હી**

અત્યાર સુધી આપણે આકાશમાં ઉડતા ડ્રોન વિશે સાંભળ્યું હતું, પણ હવે દરિયામાં 'સી-ડ્રોન' અથવા 'ગાર્ક' જેવી માનવરહિત બોટ દ્વારા યુદ્ધ લડાઈ રહ્યું છે. અમેરિકાએ ઈરાન સામેની તેની 'ઓપરેશન એપિક ફ્યુરી'માં પહેલીવાર આવી હાઈટેક ડ્રોન બોટ ઉતારી છે. હવે સમુદ્રમાં મોંઘા જહાજો સામે સસ્તા અને સ્માર્ટ ડ્રોનનું જોખમ વધી ગયું છે.



આ ટેકનોલોજી નવી હોવાથી અમેરિકાને અનેક મુશ્કેલીઓ પડી રહી છે. ક્યારેક ડ્રોન બોટ એકબીજા સાથે અથડાઈ જાય છે તો ક્યારેક ટેકનિકલ ખામીને લીધે બંધ પડી જાય છે. ચીને 'ઓરકા' નામનું મોટું ડ્રોન જહાજ બનાવ્યું છે, જે જાસૂસીની સાથે સાથે મિસાઈલ અને રોકેટ પણ છોડી શકે છે.અમેરિકા, ચીન અને ઈરાન વચ્ચે ચાલી રહેલી આ ટેકનોલોજીકલ વોર ભવિષ્યના યુદ્ધો કેવા હશે તેનો સંકેત આપે છે. ભારત માટે પણ હિંદ મહાસાગરની સુરક્ષા માટે આ સમજવું જરૂરી છે.અમેરિકાએ તેની જીએઆરસી નામની ડ્રોન બોટ તૈનાત કરી છે, જેણે અત્યાર સુધીમાં હજારો કિલોમીટરનું અંતર કાપી પેટ્રોલિંગ કર્યું છે. સામે પક્ષે, ઈરાન સસ્તી અને નાની બોટનો ઉપયોગ કરે છે જે દેખાવમાં સામાન્ય માછીમારની બોટ જેવી લાગે છે, એટલે તેને ઓળખવી મુશ્કેલ બને છે.

### શું છે આ ડ્રોન બોટ?

આ એવી બોટ છે જેમાં કોઈ માણસ હોતો નથી. તેને રિમોટથી અથવા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ દ્વારા કિનારે બેસીને ચલાવી શકાય છે. તે જાસૂસી કરવા, દરિયાઈ સુરંગો શોધવા કે વિસ્ફોટકો ભરીને દુશ્મનના જહાજ સાથે અથડાઈ તેને તોડી પાડવા માટે વપરાય છે. તેમાં અત્યાધુનિક સેન્સર્સ, કેમેરા અને રડાર લાગેલા હોય છે. તે જીપીએસ અને સેટેલાઈટ દ્વારા દુનિયાના ખૂણે ખૂણેથી ઓપરેટ કરી શકાય છે. આ બોટ ખાસ પ્રકારના રિન્યુએબલ એનર્જી સોર્સથી ચાલે છે, જેથી લાંબો સમય સમુદ્રમાં રહી શકે.

# રાજ્યના ૬ સેન્ટર ઓફ એક્સેલન્સની એમઈ-એમ.ટેકની ૩૫૮ બેઠક માટે પ્રવેશ કાર્યવાહી શરૂ

## રાષ્ટ્રીય કક્ષાની પરીક્ષા આપી હોય તેવા વિદ્યાર્થીઓ આગામી ૯મી એપ્રિલ સુધી રજિસ્ટ્રેશન કરી શકશે

**અબતક, રાજકોટ**

રાજ્યની ૬ સેન્ટર ઓફ એક્સેલન્સ યુનિવર્સિટીઓમાં ચાલતાં એમ.ઈ. અને એમ.ટેક કોર્સની ૨૫ ટકા લેખે કુલ ૩૫૮ બેઠકો ગેટના આધારે પ્રવેશ સમિતિ દ્વારા ભરવામાં આવતી હોય છે. આ ૨૫ ટકા બેઠકો પર પ્રવેશ ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે તા.૩૦થી આગામી તા. ૯મી એપ્રિલ સુધી રજિસ્ટ્રેશનની કાર્યવાહી કરવામાં આવશે. રાજ્ય સરકાર દ્વારા જુદી જુદી સંસ્થાઓને સેન્ટર ઓફ એક્સેલન્સનો દરજ્જો આપવામાં આવ્યો છે. આ સંસ્થાઓની ૨૫ ટકા બેઠકો એડમિશન કમિટી દ્વારા ભરવામાં આવતી હોય છે. માસ્ટર ઓફ ઈજનેરી એટલે કે એમ.ઈ અને માસ્ટર ઓફ ટેકનોલોજી એટલે કે એમ.ટેકના કોર્સની કુલ ૩૫૮ બેઠકો માટે કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. ચાલુ વર્ષે વર્ષ ૨૦૨૬માં જે વિદ્યાર્થીઓ બી.ઈ. કે બી.ટેક પાસ થયા હોય અથવા તો છેલ્લા સેમેસ્ટરમાં અભ્યાસ કરતાં હોય અને આગામી પરીક્ષામાં બેસવાના હોય અને ગેટ આપી હોય તેવા વિદ્યાર્થીઓ આ બેઠકો માટે દરખાસ્ત કરી શકશે. પ્રવેશ સમિતિ દ્વારા માત્ર સેન્ટર ઓફ એક્સેલન્સની ૨૫ ટકા બેઠકો માટે જ કાર્યવાહી કરવામાં આવશે. આ સિવાયની ૭૫ ટકા બેઠકો જે તે સંસ્થાઓ જાતે અથવા તો ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી સાથે જોડાયેલી સંસ્થાઓમાં પ્રવેશ સમિતિના માધ્યમથી પીજીસેટ કે ગેટના મેરિટના આધારે પ્રવેશ ફાળવવામાં આવશે. મહત્વની વાત એ કે, હાલમાં જે કાર્યવાહી થઈ રહી છે તે ગેટના આધારે થવાની છે. ગેટ આપી ન હોય તેવા વિદ્યાર્થીઓ માટે આગામી દિવસોમાં પોસ્ટ ગ્રેજ્યુએટ કોમન એન્ટ્રન્સ ટેસ્ટ એટલે કે પીજીસીઈટી લેવામાં આવતી હોય છે. પરીક્ષાના આધારે મે-જૂન માસમાં પ્રવેશ સમિતિ દ્વારા સેન્ટર ઓફ એક્સેલન્સ સિવાયની કોલેજોમાં ચાલતાં એમ.ઈ.કોર્સ માં પ્રવેશ માટેની કાર્યવાહી શરૂ કરવામાં આવશે. નોંધનીય છે કે, મોટાભાગના વિદ્યાર્થીઓ ગેટ આપવા કરતાં સ્થાનિક પરીક્ષા આપવાનું વધારે પસંદ કરતાં હોવાથી મોટાભાગની બેઠકો પીજીસેટના આધારે જ ભરવામાં આવશે.

# ધો.૧૨ સાયન્સનું પરિણામ જાહેર થાય તે પહેલાં વિદ્યાર્થીઓને ૪ ગુણની લ્હાણી

## શિક્ષણ બોર્ડ દ્વારા ધો.૧૨ સાયન્સના મુખ્ય ચાર વિષયોની પ્રોવિઝનલ આન્સર કી જાહેર: ફિઝિક્સ અને કેમિસ્ટ્રીના પ્રશ્નપત્રમાં ભૂલ હોવાથી ગુણ આપવાનો નિર્ણય

**અબતક, રાજકોટ**

ધો.૧૨ સાયન્સનું પરિણામ જાહેર થાય તે પહેલા ગુજરાતી- અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓને ૪ અને હિન્દી માધ્યમના વિદ્યાર્થીઓને ૩ ગુણની લ્હાણી થઈ ગઈ છે. શિક્ષણ બોર્ડ દ્વારા ધો.૧૨ સાયન્સની પરીક્ષા લેવામાં આવ્યા બાદ મુખ્ય ચાર વિષયની પ્રોવિઝનલ આન્સર કી જાહેર કરી છે. જેમાં કેમિસ્ટ્રી અને ફિઝિક્સ વિષયના પ્રશ્નપત્રોમાં કેટલાક પ્રશ્નોમાં ભૂલ હોવાનું જણાતા તે પ્રશ્નો માટે વિદ્યાર્થીઓને ગુણ આપવાનું નક્કી કરાયું છે. શિક્ષણ બોર્ડ દ્વારા જાહેર કરેલી પ્રોવિઝનલ આન્સર કીને લઈને ઉમેદવારોને રજૂઆત હોય તો ૪ એપ્રિલ સુધી કરી શકે તેવી વ્યવસ્થા પણ કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો.૧૨ સાયન્સની પરીક્ષા ૨૬ ફેબ્રુઆરીથી ૧૬ માર્ચ દરમિયાન લેવામાં આવી હતી. પરીક્ષા પૂર્ણ થયા બાદ હાલમાં ઉત્તરવહી મૂલ્યાંકનની કામગીરી ચાલી રહી છે. દરમિયાન, શિક્ષણ બોર્ડ દ્વારા ધો.૧૨ સાયન્સના મુખ્ય ચાર વિષયોની પ્રોવિઝનલ આન્સર કી જાહેર કરી છે. જેમાં કેમિસ્ટ્રી, ફિઝિક્સ, મેથ્સ અને બાયોલોજી વિષયની ગુજરાતી, અંગ્રેજી અને હિન્દી માધ્યમની પ્રોવિઝનલ આન્સર કી જાહેર કરવામાં આવી છે. આન્સર કીને લઈને કોઈ રજૂઆત હોય તો ૪ એપ્રિલ સુધીમાં બોર્ડને ઈ-મેઈલ દ્વારા રજૂઆત મોકલવાની રહેશે. શિક્ષણ બોર્ડ સમક્ષ રજૂઆત માટે પ્રશ્નદીઠ રૂ. ૫૦૦નું ચલણ ભરી જમા કરાવવાનું રહેશે. ઈ-મેઈલ સાથે ચલણની કોપી જોડવાની રહેશે, તે વગરની રજૂઆતો ધ્યાને લેવાશે નહીં. રજૂઆતોની નિષ્ણાતો પાસે ચકાસણી કરાવવામાં આવશે. જેમાં જો રજૂઆત સાચી ઠરશે તો ઉમેદવારોને પ્રશ્ન દીઠ ભરેલા પૈસા પરત કરવામાં આવશે. શિક્ષણ બોર્ડ દ્વારા જાહેર કરવામાં આવેલી પ્રોવિઝનલ આન્સર કીની વિગતો જોઈએ તો, ધો.૧૨ સાયન્સમાં ગણિત અને બાયોલોજીના પેપરમાં કોઈ પણ પ્રકારની ભૂલ ન હોવાનું જણાયું હતું. જ્યારે ફિઝિક્સ અને કેમિસ્ટ્રીના પ્રશ્નપત્રોમાં ભૂલ હોવાનું જણાતા તે ભૂલ બદલ ગુણ આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. કેમિસ્ટ્રીના પ્રશ્નપત્રમાં ગુજરાતી અને હિન્દી માધ્યમના પ્રશ્નપત્રમાં એક-એક પ્રશ્નમાં ભૂલ હોવાનું જણાયું હતું. જેથી આ પ્રશ્નો માટે તમામ વિદ્યાર્થીઓને ૧-૧ ગુણ આપવાનો નિર્ણય લેવાયો છે. જ્યારે અંગ્રેજી માધ્યમના પ્રશ્નપત્રમાં બે પ્રશ્નોમાં ભૂલ હોવાનું જણાતા અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓને ૨ ગુણ આપવામાં આવશે. ઉપરાંત ફિઝિક્સના પ્રશ્નપત્રમાં ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓને ૩ ગુણની જ્યારે હિન્દી અને અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓને ૨ ગુણની લ્હાણી થશે. કેમિસ્ટ્રીના પ્રશ્નપત્રમાં ત્રણેય માધ્યમના પ્રશ્નપત્રમાં ભૂલ હોવાનું જણાયું હતું. જેથી તેમને પ્રોવિઝનલ આન્સર કીમાં ગુણ આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આમ, બોર્ડ દ્વારા જાહેર કરાયેલી ધો.૧૨ સાયન્સના મુખ્ય ચાર વિષયોની પ્રોવિઝનલ આન્સર કી અનુસાર, ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓને કેમિસ્ટ્રીમાં ૧ અને ફિઝિક્સમાં ૩ ગુણ મળી કુલ ૪ ગુણ મળશે. અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓને કેમિસ્ટ્રીમાં ૨ અને ફિઝિક્સમાં ૨ મળી કુલ ૪ ગુણ મળશે.

# ધ્રોલના મોટા વાગુદડના આંગણે શુક્રવારથી શ્રીમદ દેવી પૂરાણ કથા

## પોથીયાત્રા, દેવી પૂરાણ મહાત્મ્ય, નવાર્ણમંત્ર મહાત્મ્ય સહિત કાર્યક્રમ

**અબતક, સંજય ડાંગર, ધ્રોલ**

જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકાના મોટા વાગુદડ ગામ ખાતે સમસ્ત ગ્રામજનો દ્વારા આવનાર તા ૩/૪/૨૦૨૬ ને શુક્રવાર થી 'શ્રીમદ્ દેવી પુરાણ કથા'નું આયોજન કરવામાં આવ્યું છે. કુળદેવી આશાપુરા માતાજી તથા જગત જનની ઉમિયા માતાજીની અસીમ કૃપાથી યોજાનારા આ મહોત્સવમાં આંતરરાષ્ટ્રીય પ્રવકતા માઈભક્ત સરિતાદેવીજી ઉપાધ્યાયના શ્રીમુખેથી ભકતો 'હેમવતીગીતા રસદર્શન'નો લ્હાવો લેશે.




આ ધાર્મિક મહોત્સવના મુખ્ય નિમંત્રક અને જામનગર જિલ્લા ભાજપના ઉપપ્રમુખ ડો. રાજેન્દ્રસિંહ સી. જાડેજા તથા સમસ્ત મોટા વાગુદડ ગ્રામજનો દ્વારા આ દિવ્ય આયોજનને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. કથાનો મંગલ પ્રારંભ સંવત ૨૦૮૨, ચૈત્ર વદ-૧ ને શુક્રવાર, તા. ૦૩-૦૪-૨૦૨૬ના રોજ ભવ્ય પોથી યાત્રા સાથે થશે, જ્યારે કથાનું સમાપન તા. ૧૧-૦૪-૨૦૨૬ ને શનિવારના રોજ થશે. આ નવ દિવસીય જ્ઞાનયજ્ઞ મોટા વાગુદડ સ્થળ સ્વ. સતુભા વેલુભા જાડેજા ક્રિકેટ સ્ટેડિયમ ખાતે દરરોજ બપોરે ૨:૦૦ થી ૬:૦૦ કલાક દરમિયાન યોજાશે.

આ ભવ્ય પ્રસંગે વિવિધ ક્ષેત્રના મહાનુભાવો, રાજકીય આગેવાનો, સામાજિક અગ્રણીઓ તેમજ વિવિધ સંસ્થાઓના હોદ્દેદારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી માતાજીના આશીર્વાદ પ્રાપ્ત કરશે. શક્તિની આ ઉપાસનામાં જામનગર જિલ્લા સહિત સમગ્ર હાલાર સહિતના પંથકમાંથી ભકતજનો ઉમટી પડશે.

કથા દરમિયાન વિવિધ પાવન પ્રસંગોની ધામધૂમથી ઉજવણી કરવામાં આવશે. જેમાં ૩ એપ્રિલે પોથી યાત્રા, ૪ એપ્રિલે દેવી પુરાણ માહાત્મ્ય, ૫ એપ્રિલે નવાર્ણ મંત્ર માહાત્મ્ય, ૭ એપ્રિલે શ્રી અંબા માતા પ્રાગટ્ય, ૮ એપ્રિલે ચામુંડા માતા પ્રાગટ્ય, ૯ એપ્રિલે શ્રી અન્નપૂર્ણા માતા તથા શ્રી સતીમાતા પ્રાગટ્ય, ૧૦ એપ્રિલે શ્રી તુલસી વિવાહ-શાલીગ્રામ ભગવાન વિવાહ અને ૧૧ એપ્રિલે શ્રી ગાયત્રી માતા માહાત્મ્ય સાથે કથાની પૂર્ણાહુતિ થશે.

### રાજકોટના યુનિવર્સિટી રોડ પર સમન્વય સુલભ એપાર્ટમેન્ટની ઘટના

# સર્વિસ રિવોલ્વરથી આશ્ચર્યજનક રીતે ફાયર થતાં પીએસઆઈ અને સ્ત્રી મિત્ર ઘવાયા

## સાફ કરતી વેળાએ આકસ્મિક રીતે ભડાકો થઈ ગયાનું પોલીસનું રટણ : ભૂલ ભૂલમાં હથિયાર લોડ થઈ જાય અને ટ્રીગર પણ દબાઈ જાય તે વાત ગળે કેમ ઉતરે?

### પીએસઆઈ પંડ્યા અને મહિલા મિત્ર પૂજાબેનને સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા

### બનાવને પગલે ડીસીપી રાકેશ દેસાઈ, પીઆઈ એમ એલ ડામોર સહિતનો કાફલો દોડી ગયો


**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરના યુનિવર્સીટી રોડ પર આવેલા સમનવ્ય સુલભ એપાર્ટમેન્ટમાં ગત રાત્રિના એક આશ્ચર્યજનક બનાવ બનવા પામ્યો હતો. જેમાં એપાર્ટમેન્ટના ફ્લેટમાં હાજર સાયબર ક્રાઈમ પોલિસ મથકના પીએસઆઈ એન કે પંડ્યાની સર્વિસ રિવોલ્વરથી આકસ્મિક રીતે ફાયર થઈ જતાં ફોજદાર અને તેમની સાથે ફ્લેટમાં હાજર મહિલા મિત્રને ગોળી વાગી ગઈ હતી. જે બાદ બંનેને ઈજાગ્રસ્ત હાલતમાં સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. બીજી બાજુ બનાવને પગલે ડીસીપી સહીતનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો.

સમગ્ર ઘટના અંગે પોલિસમાંથી મળતી માહિતી અનુસાર ગત રાત્રિના ૧૦:૩૦ વાગ્યે અગાઉ યુનિવર્સીટી પોલિસ મથકમાં ફરજ બજાવતા અને હાલ સાયબર ક્રાઈમ પોલિસ મથકે નોકરી ધરાવતા પીએસઆઈ નીતિન કે. પંડ્યા પોતાના યુનિવર્સીટી રોડ પર જે કે ચોક નજીક આવેલા સમનવ્ય સુલભ એપાર્ટમેન્ટ સ્થિત ફ્લેટ નં. એ-૪૦૪ માં હાજર હતા. અહીં તેમની સાથે તેમના મહિલા મિત્ર પૂજાબેન પણ હાજર હતા. પીએસઆઈ એન કે પંડ્યા પોતાની સર્વિસ રિવોલ્વર(પિસ્ટલ) સાફ કરી રહ્યા હતા. દરમિયાન આકસ્મિક રીતે હથિયાર લોડ થઈ ગયું હતું અને બાદમાં ટ્રીગર પણ આકસ્મિક રીતે જ દબાઈ જતાં એક રાઉન્ડ ફાયર હતું. જેમાં પીએસઆઈ પંડ્યાને જમણા હાથે બાવડાના ભાગે જયારે મહિલા મિત્ર પૂજાબેનને ડાબા પડખાના ભાગે ઈજા પહોંચી હતી.

### એક જ રાઉન્ડ ફાયર થયું પણ પીએસઆઈને હાથમાં જયારે મહિલા મિત્રને ડાબા પડખામાં ગોળી વાગી ગઈ

બનાવને પગલે એપાર્ટમેન્ટના રહીશ પૈકી બંને ઈજાગ્રસ્તોને સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જયારે બીજી બાજુ સ્થાનિકો અને હોસ્પિટલ તંત્ર દ્વારા જાણ કરવામાં આવતા યુનિવર્સીટી પોલિસ મથકના ઈન્ચાર્જ પીઆઈ એમ એલ ડામોર અને પીએસઆઈ વી જી ડોડીયા સહીતની ટીમો બનાવસ્થળે અને હોસ્પિટલ ખાતે દોડી ગઈ હતી. થોડી જ વારમાં ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખી ડીસીપી ઝોન-૨ રાકેશ દેસાઈ પણ આવી પહોંચ્યા હતા. હવે આખેઆખી ઘટનામાં અનેક મુદ્દા શંકા ઉપજાવનાર છે. જેમાં તમામ પોલિસમેનોને હથિયાર સાફ કરવા અંગેની પુરેપુરી ટ્રેનિંગ આપવામાં આવતી હોય છે તો શું પીએસઆઈ પંડ્યાને આ ટ્રેનિંગ નથી મળી? સાફ કરતી વેળાએ સર્વિસ રિવોલ્વર આકસ્મિક રીતે લોડ થઈ જવી અને એટલું જ નહિ ટ્રીગર પર આંગળી મુકાઈ જવી અને ફાયર થઈ જવું? આ બંને બાબતો એક સાથે આકસ્મિક રીતે બનવી થોડી ગળે ઉતરે એવી નથી. વધુમાં રાત્રિના સમયે મહિલા મિત્ર પીએસઆઈના ફ્લેટમાં શું કરી રહ્યા હતા? તે પણ મોટો સવાલ છે.







### અગાઉ બસ સ્ટેન્ડ ચોકીમાં પીએસઆઈ ચાવડા દ્વારા થયેલા ફાયરિંગમાં સ્પા સંચાલકનું મોત થયું'તું

#### ફોજદાર વિરૂદ્ધ સાપરાધ મનુષ્ય વધનો ગુનો નોંધી ધરપકડ પણ કરાઈ'તી

રાજકોટ શહેરમાં વર્ષ ૨૦૨૦ માં હંગામી ધોરણે શાસ્ત્રી મેદાનમાં ઉભું કરવામાં આવેલા બસ સ્ટેશનની પોલીસ ચોકીમાં પીએસઆઈ પ્રદીપસિંહ ચાવડાની સર્વિસ રિવોલ્વરની ગોળી વાગતાં હિમાંશુ ગોહેલ નામના સ્પા સંચાલકનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. મૃતક અને પી.એસ.આઇ ચાવડા છેલ્લા ઘણા સમયથી સંપર્કમાં હોવાનું પણ ખૂલ્યું હતું. સાથે જ બનાવનાર બે દિવસ પૂર્વે પીએસઆઇ ચાવડા હિમાંશુના સ્પા સેન્ટર બહાર મળ્યા હોવાના સીસીટીવી ફૂટેજ પણ બહાર આવ્યા હતા. આ મામલે પોલીસે સાપરાધ મનુષ્યવધની કલમો હેઠળ ગુનો નોંધી પીએસઆઈ ચાડવાની ધરપકડ કરી હતી.

# ધ્રોલના લતીપર ગામે ગાળો બોલવાની ના પાડતા વૃદ્ધ પર હુમલો

### વેપારી પર પાઈપ વડે મારમારનાર શખ્સ સામે નોંધાતો ગુનો

**અબતક,સંજય ડાંગર, ધ્રોલ**

ધ્રોલ તાલુકાના લતીપર ગામે ગાળો બોલવાની ના પાડવા જેવી નજીવી બાબતે વૃદ્ધ ખેડૂત પર લોખંડના પાઈપ વડે હુમલો થતા ચકચાર મચી જવા પામી છે. આ હિંસક હુમલામાં ૬૫ વર્ષીય વૃદ્ધને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેમને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે.

ઘટનાની વિગતો મુજબ, લતીપર ગામે સ્કૂલની બાજુમાં રહેતા અને ખેતીકામ કરતા ૬૫ વર્ષીય લક્ષ્મણભાઇ ધરમશીભાઇ મેદપરા ગઇકાલે સાંજે પોતાના પરિવાર સાથે ઘરની બહાર બેઠા હતા. તે સમયે ગામનો જ રહેવાસી ચેતનભાઇ વસંતભાઇ ધોરેચા ત્યાં આવીને ગાળો બોલતો હતો. આથી લક્ષ્મણભાઇના પત્નીએ તેને ગાળો બોલવાની ના પાડી ત્યાંથી જતું રહેવા જણાવ્યું હતું. આ વાતનો ખાર રાખી આરોપી ચેતનભાઈએ હુમલો કર્યો હતો.લક્ષ્મણભાઇ પોતાની 'ભારત પાન' નામની દુકાન પર સાફ-સફાઈ કરી રહ્યા હતા, ત્યારે આરોપી ચેતન લોખંડનો પાઇપ લઇને ત્યાં ધસી આવ્યો હતો. આરોપીએ ગાળો આપી એકદમ ઉશ્કેરાઇ જઈને પાઇપ વડે લક્ષ્મણભાઈ પર હુમલો કરી દીધો હતો. પાઈપના ઘા ડાબા હાથમાં વાગતા તેમને ફ્રેક્ચર જેવી ઈજા થઈ હતી, જ્યારે માથાના ભાગે ત્રણ જેટલા આડેધડ ઘા ઝીંકતા તેમને 'માઈનોર હેમરેજ' જેવી ગંભીર ઈજા પહોંચી હતી.

આ બનાવ અંગે ભોગ બનનાર લક્ષ્મણભાઈએ ધ્રોલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે આરોપી ચેતનભાઈ વસંતભાઈ ધોરેચા વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની તપાસ હાથ ધરી છે.

# જેતપુરમાં યુવક પર જીવલેણ હુમલો, કાર તળે કચડી નાખવાની કોશિશ

### એક્ટિવામાં જઈ રહેલા યુવાનને અજાણ્યા કાર ચાલકોએ અડફેટે લીધાં બાદ દાદાગીરી કરી, લોખંડના પાઈપથી હુમલો કરી કાર માથે ચડાવી દેવાનો પ્રયાસ કર્યો, યુવાન દૂર ખસી જતાં માંડ જીવ બચ્યો

### ઉદ્યોગનગર પોલીસે કારમાં આવેલ બે શખ્સો સામે હત્યાના પ્રયાસની કલમ હેઠળ ગુનો નોંધી શોધખોળ આદરી

**અબતક, રાજકોટ**

જેતપુરમાં યુવાન પર જીવલેણ હુમલો કરી કાર નીચે કચડી નાંખવાનો પ્રયાસ થતાં ચકચાર મચી ગઈ હતી. એકટીવામાં જઈ રહેલા યુવાનને અજાણ્યા કાર ચાલકે હડફેટે લીધાં બાદ દાદાગીરી કરીને લોખંડના પાઈપથી હુમલો કરી કાર માથે ચડાવી દેવાનો પ્રયાસ કર્યો હતો. યુવાન દૂર ખસી જતાં માંડ જીવ બચ્યો હતો. બનાવ અંગે ઉદ્યોગનગર પોલીસે કારમાં આવેલ બે શખ્સો સામે હત્યાના પ્રયાસની કલમ હેઠળ ગુનો નોંધી શોધખોળ આદરી હતી.

બનાવ અંગે જેતપુરના ખોડપરા ગોપાલ વાડી, હનુમાનજીના મંદિર પાસે રહેતાં જનેશપરી ઉર્ફે જલો બટુકપરી ગોસાઈ (ઉ.વ ૪૦) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે આઈ-૧૦ કાર નં. ડીએલ-૦૩-સીબીઝેડ-૨૩૦૯ નો ચાલક અને એક અજાણ્યા શખ્સનું નામ આપતાં ઉદ્યોગનગર પોલીસે હત્યાનો પ્રયાસ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ આદરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓ આઈસર ટ્રકનું ડ્રાઈવિંગ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. તેઓને સંતાનમાં ૧૬ વર્ષીય એક દીકરો દિશાંત હતો જે આશરે પંદરેક દિવસ પહેલા અકસ્માતમાં મરણ ગયેલ છે. ગઈ કાલે સાંજના આશરે સાડા સાતેક વાગ્યે તેઓ પોતાની એકટીવા લઈ સબંધી રાજુભાઈ બાવાજીને મળવા માટે તત્કાલ ચોકડી ખોડીયાર ભજીયાની દુકાનની પાછળ એપાર્ટમેન્ટમાં ચોથા માળે તેમના ઘરે ગયેલ હતો. રાજુભાઈને મળીને એકટીવા લઈ એપાર્ટમેન્ટની બહાર નીકળતા સામેથી એક આઈ ૧૦ કાર નં. ડીએલ-૩-સીબીઝેડ-૨૩૦૯ ના ચાલકે ફૂલ સ્પીડમાં બેદરકારી ભરી રીતે બીજાની માનવ જીંદગી જોખમાય તે રીતે ચલાવી એકટીવા સાથે ભટકાડતા એકટીવા સાથે નીચે પડી ગયેલ અને તેઓ ઉભો થઈ કારના ચાલકને ધીમે ચલાવવાનું કહેતા તેમાંથી બે હિન્દીમાં ગાળો બોલતા અજાણ્યા માણસો નીચે ઉતરી ગાડીમાંથી લોખંડનો પાઈપ લઈ હાથમાં અને પગમાં મારવા લાગેલ હતાં. જેથી ફરીયાદીને હાથમાં તથા પગમાં ઈજા થયેલ હતી.

દરમિયાન ફરીયાદીએ કહેલ કે, મને મારશો નહીં હું પોલીસ બોલાવું છું, તેમ કહી એકટીવા ઊભું કરતો હતો તે દરમિયાન આ બંને શખ્સોએ કહેલ કે, તેરે કો આજ છોડેગે નહીં, જાન સે માર ડાલેંગે તેમ કહી ગાડીમાં બેસી ગાડી થોડી રિવર્સ લઈને તેઓ ઉપર ગાડી નાખતા બાજુમાં કૂદી ગયેલ જેથી એ ગાડી આગળ નીકળી ગયેલ અને તેઓ એકટીવા ઉભી કરી જીવ બચાવવા ત્યાંથી ભાગી ગયેલ હતાં. તેઓને હાથમાં તથા પગમાં દુખાવો થતાં જેતપુર સરકારી દવાખાને સારવારમાં દાખલ થયેલ છે.બનાવ અંગેની ફરીયાદ પરથી જેતપુર ઉદ્યોગનગર પોલીસે ગુનો નોંધી પીઆઈ ડો. એમ.એમ.ઠાકોર અને ટીમે હત્યાનો પ્રયાસ કરી નાસી છૂટેલા શખ્સોને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# મહિલાની ત્રણ શખ્સો દ્વારા છેડતી, બે સ્ત્રીઓના કપડાં ફાડી નખાયા, માર મારી બેભાન કરી દેવાઈ

### ધોરાજીમાં બે પરિવારો વચ્ચે જૂની અદાવતમાં ધીંગાણું: પાંચ મહિલા સહિત ૧૭ સામે નિર્લજ્જ હુમલો, રાયોટ સહિતની કલમો હેઠળ ગુનો

**અબતક, રાજકોટ**

ધોરાજીમાં બે પરિવારો વચ્ચે જૂથ અથડામણ થઈ હતી. મહિલાની છેડતી પ્રશ્ને શરૂ થયેલા ડખ્ખાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતી. જૂની અદાવતમાં થયેલી માથાકૂટમાં બે મહિલાઓના કપડાં ફાંડી નાખી માર મારી નિર્લજ્જ હુમલો કરવામાં આવ્યો હતો. જે બનાવમાં ધોરાજી પોલિસેં નિર્લજ્જ હુમલો, રાયોટ સહીતની કલમો હેઠળ સામસામે બંને પક્ષે પાંચ મહિલા સહીત ૧૭ સામે ગુનો નોંધી કાર્યવાહી આદરી હતી.

બનાવ અંગે ધોરાજી પોસ્ટ ઓફિસ નજીક રહેતી ૩૦ વર્ષીય પરિણીતાએ આરોપી તરીકે એક મહિલા સહીત પાંચ શખ્સોનું નામ આપતાં જણાવ્યું હતું કે, મારા પરિવારમાં મારા પતિ, સસરા, સાસુ, બે નણંદ તથા મારા બે દીકરા છે. પરિણીતાએ જણાવ્યું હતું કે, ગત તા. ૨૯/૦૩/૨૦૨૬ ના બપોરના આશરે બારેક વાગ્યાના અરસામાં હું મારા ઘરની સામે ફળિયું વાળતી હતી. ત્યારે અમારા વિસ્તારમાં રહેતો શખ્સ ત્રીપલ સવારીમાં ધસી આવ્યો હતો. ત્રણેય શખ્સો બાદમાં મારી સાથે છેડછાડ કરવા લાગેલ હતા. દરમિયાન નજીકમાં રહેતા શખ્સના માતા અને પિતા પણ ધસી આવેલ હતા. બાદમાં તેના પિતાએ મને કહેલ કે, તું શું મારા છોકરા સામે બોલે છે? જેથી મેં કહેલ કે તમારા છોકરા મારી સાથે ગેરવર્તન કરે છે. આટલું કહેતા ત્રણેય શખ્સોએ ધક્કામૂકી કરી મારા કપડાં ફાડી નાખેલ હતા. દરમિયાન મેં તમામ લોકોને કહેલ કે તમે આવું ના કરો. બાદમાં મને ચક્કર આવી જતાં શું થયું તેં મને ખબર નથી. બાદમાં મારા પરિજનો મને સારવાર અર્થે ધોરાજી સરકારી હોસ્પિટલ ખાતે લઈ આવેલ હતા.

જયારે સામાપક્ષે ત્યાં નજીકમાં રહેતી અન્ય એક પરિણીતાએ ચાર મહિલા સહીત ૧૨ આરોપીઓના નામ આપી વળતી ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, મારા પરિવારમાં મારા પતિ, સાસુ- સસરા અને ત્રણ દીકરીઓ છે. ગત તા.૨૯/૦૩/૨૦૨૬ ના બપોરના આશરે બાર વાગ્યાના અરસામાં મેં મારા પતિને શાકભાજી લેવા જવાનું કહ્યું હતું. જેથી મારા પતિ મોટરસાયકલ લઈને અમારા ઘરેથી નીકળેલ હતા. થોડી જ વારમાં મારી દેરાણીએ મને ઘરે આવી કહેલ કે, બહાર તમારા પતિને માથાકૂટ થઈ છે. જેથી હું તુરંત જ બહાર નીકળી શેરીમાં જોતા અમારં વિસ્તારમાં રહેતી ચાર મહિલા સહીત ૧૩ શખ્સોએ એક સંપ કરી મારા પતિને બધાએ ઘેરી લઈને ઝપાઝપી અને મારજુડ કરતા હતા. દરમિયાન મારા પતિને મારથી બચાવવા હું વચ્ચે પડતા એક શખ્સેં દાતરડા જેવા લોખંડના હથિયાર વડે મને માથાના ભાગે કપાળમાં ઘા મારી દીધેલ હતો. દરમિયાન બે મહિલાઓએ મને પકડી માર માર્યો હતો. જ્યારે અન્ય લોકોએ ધક્કામુક્કી કરતા હું નીચે પડી ગયેલ હતી જેના લીધે મને ખંભા તથા હાંસળીના ભાગે અસહ્ય દુખાવો થવા લાગેલ હતો. બાદ સામાવાળા કહેતા હતા કે, આને વચ્ચે લઈ લો અને બધા મારા શરીરના દરેક અંગ ઉપર સ્પર્શ કરતા હતા. દરમિયાન મારા કપાળના ભાગેથી લોહી નીકળતું હતું. ઝપાઝપી દરમિયાન સામાવાળાએ મારા કપડાં ફાડી નાખેલ હતા અને કોઈએ મને ઝાપટ મારેલ હતી. આ સમય દરમિયાન મારા સસરા આવી જતાં તેમને પણ માર મરાયો હતો. બાદ મને સામાવાળા જતાં રહેલ હતા અને પતિ મને સારવાર અર્થે મોટરસાયકલમાં બેસાડી ધોરાજી દવાખાને સારવારમાં લઈ ગયેલ હતા.

વધુમાં પરિણીતાએ જણાવ્યું હતું કે, અગાઉ અમારા બંને પરિવારો વચ્ચે માથાકૂટ થયેલ હતી. જો કે, બાદમાં સમાધાન પણ થઈ ગયેલ હતું. જે બાબતનો ખાર રાખી આ હુમલો કરવામાં આવ્યો હતો.

બનાવને પગલે ધોરાજી પોલિસની ટીમે સામસામે બંને પક્ષે બીએનએસની કલમ ૭૪,૧૮૯ (૨), ૧૯૦, ૧૯૧(૨), ૧૧૫ (૨૦,૧૧૮(૧), ૩૫૨, ૫૪ હેઠળ પાંચ મહિલા સહીત કુલ ૧૭ શખ્સો વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# જૂનાગઢ: પીસ્ટલ સાથે શબીર ઉર્ફે બાબા શેખ ઝડપાયો

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જૂનાગઢ એસ.ઓ.જી. એ જુનાગઢ શહેર માંથી એક શખ્સને પીસ્ટલ સાથે પકડી પાડ્યો હતો, જ્યારે પોલીસની પ્રાથમિક તપાસમાં શહેરના અન્ય એક શખ્સનું નામ ખુલતા, બે આરોપીઓ સામે ગુન્હો નોંધી, બીજા આરોપીને પકડી પાડવા તજવીજ હાથ ધરી છે.



જુનાગઢ એસ.ઓ.જી.ના એ.એસ.આઈ. વિક્રમભાઈ ચાવડા તથા પો.કોન્સ. રોહિતભાઈ ધાધલને સંયુકત રીતે બાતમી મળી હતી કે, એક શખ્સ ગેરકાયદેસર રીતે એક પીસ્ટલ સાથે આંટાફેરા કરે છે, જે બાતમીના આધારે, એસ.ઓ.જી. એ હાકીવાળી જગ્યા એ તાત્કાલી પહોંચી જઈ, તપાસ કરતા શહેરના મજેવડી દરવાજાથી ભરડાવાવ દરવાજા તરફ જતા પ્રથમ વળાંકમાં સોનરખી નદીના કાંઠે બેસેલ શબીર ઉર્ફે બાબા મહમદ શેખ (રહે.જુનાગઢ, જમાલવાડી, લાખાપીરની દરગાહ.પાસે) મળી આવતા, તેની તપાસ કરતા, તેના પેન્ટના નેફા માંથી પીસ્ટલ-૧ મળી આવી હતી, જેથી એસ.ઓ.જી એ આરોપીને પકડી પાડી, પૂછપરછ કરતા, સુખનાથ વિસ્તારમાં રહેતા અલ્ફેજ નામના શખ્સનું નામ ખુલતા પોલીસે રૂ. ૨૦ હજારની કિંમતની પીસ્ટલ નંગ ૧ કબજે કરી, બંને આરોપીઓ સામે એ ડીવીઝન પોલીસ સ્ટેશન ખાતે ગુનો રજીસ્ટર કરાવેલ છે. નહી પકડાયેલ આરોપીને પકડી પાડવા તજવીજ હાથ ધરી છે.

# મોરબીના વાવડી રોડ પર યુવક પર છરી અને ધોકા વડે હુમલો

### કોઈ કારણોસર ત્રણ શખ્સો સહિતના ટોળાએ યુવકને ઘરમાં ઘૂસી ફટકાર્યો, પોલીસે તપાસ હાથ ધરી

**અબતક, રાજકોટ**

મોરબીના વાવડી રોડ પર ગઈકાલે સાંજના સુમારે જૂની અદાવત કે અન્ય કોઈ કારણોસર યુવક પર ત્રણ શખ્સો સહિતના ટોળાએ છરી અને ધોકા વડે હુમલો કર્યો હતો. આ હુમલામાં યુવકને માથા તેમજ શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેને તાત્કાલિક અસરથી રાજકોટની સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ, મોરબીના વાવડી રોડ પર રહેતા સાદુરૂપભાઈ આરીફભાઈ પરમાર (ઉં.વ. ૩૩) ગઈકાલે સાંજે ૭:૦૦ વાગ્યાની આસપાસ પોતાના ઘર પાસે હાજર હતા. તે દરમિયાન અચાનક ધસી આવેલા લાલો ઘાંચી, લઘુ ઘાંચી, સિકંદર અને તેમની સાથેના અન્ય માણસોએ કોઈ બાબતે બોલાચાલી કરી ઝઘડો શરૂ કર્યો હતો. જોતજોતામાં મામલો બિચક્યો હતો અને ઉશ્કેરાયેલા શખ્સોએ સાદુરૂપભાઈ પર છરી અને ધોકા જેવા હથિયારો વડે તૂટી પડ્યા હતા. હુમલાખોરોએ યુવકને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી નાસી છૂટ્યા હતા. ઈજાગ્રસ્ત હાલતમાં સાદુરૂપભાઈને સારવાર અર્થે તાત્કાલિક રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. આ બનાવની જાણ થતા જ પોલીસ કાફલો ઘટનાસ્થળે અને હોસ્પિટલે દોડી ગયો હતો. પોલીસે આ હુમલો ક્યા કારણોસર કરવામાં આવ્યો તે દિશામાં ઝીણવટભરી તપાસ હાથ ધરી છે.

# કોટડાસાંગાણીના ભાડવા ગામે ગ્રામ પંચાયત અને ખેતરોના કુવામાંથી કેબલ વાયરની ચોરી

### ૪૩૦ ફૂટ કેબલ વાયર ચોરી સળગાવીને તેમાંથી કોપર કાઢી તસ્કરો નાસી છૂટ્યા : પોલીસે ગુનો નોંધી શોધખોળ આદરી

**અબતક, રાજકોટ**

કોટડાસાંગાણીના ભાડવા ગામની સીમમાં તસ્કરો ત્રાટકયા હતાં અને ગ્રામ પંચાયત અને અનેક ખેડૂતોના ખેતરના કુવામથી કેબલ વાયરની ચોરી કરી સળગાવીને તેમાંથી કોપર કાઢી નાસી છૂટ્યા હતાં. જે મામલે પોલીસે ગુનો નોંધી શોધખોળ તેની આદરી હતી.

બનાવ અંગે કોટડાસાંગાણીના ભાડવા ગામે રહેતાં

લવજીભાઈ મોહનભાઈ ગજેરા (ઉ.વ.૫૫) એ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તેઓ ખેતી કામ કરે છે.

ગઈ તા.૨૭/૦૩/૨૦૨૬ ના રાતના સમયે ઘરે પરીવાર સાથે જમીને સુઈ ગયેલ હતાં. બીજા દિવસે સવારના આઠેક વાગ્યાની આસપાસ તેઓ ઘરે હતો ત્યારે ગામના રમેશભાઈ સગપરીયાનો ફોન આવેલ કે, અમારી વાડી તથા આજુ બાજુની વાડીઓમાથી કેબલ ચોરી થયેલ છે તેમ વાત કરતા તુરતજ ત્યા જવા નીકળેલ તેવામાં ગામના હિમેશભાઈ સીસોદીયા જે ગ્રામપંચાયતનુ પાણી ગામમા આપતા હોય તેનો ફોન આવેલ કે, ગ્રામપંચાયતના કુવા પાસે આવેલ ઓરડીનું તાળુ તુટેલ છે.

જેથી ફરીયાદી પહેલા ગ્રામ પંચાયતના કુવે ગયેલ અને જોયું તો પાણીની મોટરનો કેબલ જોવામા આવેલ નહી જે કેબલ આશરે રૂ.૩૬૦૦ નો ૬૦ ફૂટ જેટલો હતો. તેમજ ઓરડીએ ગયેલ તો ઓરડીનું તાળુ તુટેલ અને ઓરડીમાં સામાન વેર વિખેર પડેલ જોવામા આવેલ હતો. બાદ ગ્રાપંચાયતના કુવાની સામે પ્રવિણભાઈ સગપરીયાની વાડીએ ગયેલ અને કુવે જોયુ તો કેબલ આશરે ૯૦ ફુટ ચોરાયેલ હતો, બાદ રમેશભાઈ સગપરીયાની વાડીએ ગયેલ અને કુવે જોયુ તો કેબલ વાયર આશરે ૬૦ ફૂટ ચોરાયેલ હતો.

બાદમાં રમેશભાઈ સગપરીયાની વાડીએ ગયેલ અને જોયુ તો પાણીના દારમાથી કેબલ વાયર ૫૦ ફુટ , રાજેશભાઈ નાથાભાઈ રૂપાપરાની વાડીએ કુવામાથી કેબલ વાયર આશરે ૬૦ ફૂટ, કાન્તીભાઈ ધીરૂભાઈ રૂપાપરાની વાડીએ કુવામાથી કેબલ વાયર આશરે ૫૦ ફૂટ, જયેશભાઈ નરશીભાઈ સગપરીયાની વાડીએ કુવામાથી કેબલ વાયર આશરે ૬૦ ફૂટ ચોરાયેલ અને રમેશભાઈ બાબુભાઈ સગપરીયાની વાડીએ તેમજ જેઠાભાઈ નરશીભાઈ ગોદડકાની વાડીએ ઓરડીનુ તાળુ તુટેલ હતુ અને કંઈ ચોરાયેલ ન હતુ.

તેમજ તેની વાડીએ આ તમામ ચોરી કરેલ કેબલ વાયરો સળગાવેલનુ જોવામાં આવેલ હતુ. આ તમામ ખેડૂતની વાડીમાંથી કેબલ વાયરો આશરે ૪૩૦ ફુટ જેની કુલ આશરે રૂ.૧૧ હજારનો કોઈ અજાણ્યા ચોર ચોરી કરી નાસી છૂટતાં ફરીયાદ નોંધાવી હતી.

# જામજોધપુરના સડોદરમાં યુવાનનું બાઈક સ્લીપ થઈ જતા મોત નીપજ્યું

**અબતક ભરત ગોહિલ**
**જામજોધપુર**

જામજોધપુર તાલુકાના સડોદર ગામના યુવાન બાઈક સ્લીપ થઈ જતા અકસ્માત સર્જાયો હતો, જેને તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવતા તેમનું મોત નીપજ્યું છે. બનાવને લઈ પરિવારમાં શોક છવાયો છે.

પ્રાપ્ત વિગતો મુજબ સડોદર ગામના રહેવાસી રાહુલભાઈ કાલીદાસભાઈ ગાંજણ (ઉં.વ. ૩૫) ગત તા. ૧૨ માર્ચના રોજ સાંજના સમયે પોતાની નોકરી પૂરી કરીને બાઈક પર ઘરે પરત ફરી રહ્યા હતા. આ દરમિયાન સમાણાથી સડોદર જતા માર્ગ પર કટીધાર પાસે અચાનક તેમનું બાઈક સ્લીપ થઈ ગયું હતું. બાઈક પરથી પટકાતા રાહુલભાઈને માથાના પાછળના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માત બાદ તેમને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે જામનગરની જી.જી. હોસ્પિટલ ખસેડાયા હતા, પરંતુ ત્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. આ બનાવ અંગે મૃતકના પરિવારજન પુજાબેન ગાંજણ દ્વારા શેઠવડાળા પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવી છે. પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# ભગવાન મહાવીરની ભક્તિમાં જૈન તથા જૈનતરો થયા લીન: મહાવીર જયંતિની ઉજવણી

## ચાંદીના રથમાં પ્રભુજીએ ની રથયાત્રા માં ભક્તિમય માહોલ: બાળકોએ બન્યા કાર્ટૂનપાત્રો, નાસિક બેન્ડ, ચામર નૃત્ય આકર્ષણનું કેન્દ્ર



જામનગર આજે ભગવાન મહાવીરની ભક્તિમા લીન થયું હતું. ચાંદીના રથ સાથે રથયાત્રા શહેરના મુખ્યમંત્રી માર્ગો પર ફરી હતી. આ સિવાય સાઈકલ પર સવાર બાળકો, કાર્ટૂનપાત્રો, જામનગર-નાસિક બેન્ડ, ચામર નૃત્ય આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા.

સવારે ૭:૧૫ કલાકે શહેરના ૨૬ જૈન સંઘોની સંયુક્ત રથયાત્રા ચાંદી બજારમાં આવેલા શેઠજી દેરાસરથી પ્રસ્થાન થઈ હતી, અને પેલેસ દેરાસર ખાતે વિરામ પામી છે. રથયાત્રામાં ચાંદીના રથો, સાયકલિસ્ટ બાળકો, ૧૩ ફૂટના કાર્ટૂન પાત્ર માનવીઓ, વેશભૂષા કરેલા બાળકો, જામનગર-નાસિક બેન્ડ અને ચામર નૃત્ય કરતા યુવાઓ આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા.

રથયાત્રાનો માર્ગ શેઠજી દેરાસરથી શરૂ થઈ સજુબા સ્કૂલ પાસેના પારસ ધામ, બેડી ગેટ, ટાઉન હોલ, લાલ બંગલા સર્કલ, પોપટ પારશી પેઢી પાસેના સમેત શિખરજી દેરાસર, ગુરુદ્વારા રોડ, જી.જી. હોસ્પિટલ અને ડીકેવી સર્કલ થઈ પેલેસ રોડના દેરાસર ખાતે પૂર્ણ થઈ હતી.

જૈન દર્શન ઉપાસક સંઘ (પેલેસ) દ્વારા ગુરુ ભગવંતોની નિશ્રામાં આજે સવારે ૯:૩૦ વાગ્યે ભક્તામર પાઠ બાદ પક્ષાલ પુજા અને કેસર પુજાનું આયોજન થયું હતું. ત્યારબાદ બપોરે ૨:૩૦ વાગ્યે બહેનોના મંડળ દ્વારા પંચકલ્યાણક પુજા યોજાઈ છે.

સાંજે ભક્તિભાવના દરમિયાન ૧૦૮ દીવાની આરતી અને મંગલ દીવડાના ચડાવા પણ કરવામાં આવશે, જે કાર્યક્રમનો આધ્યાત્મિક શિખર ગણાશે.આ રથયાત્રા અને ધાર્મિક પ્રસંગમાં શહેરના વિવિધ જૈન સંઘો અને સમાજના અગ્રણીઓ ઉત્સાહભેર જોડાઈ રહ્યા છે, જેના કારણે સમગ્ર શહેરમાં ધાર્મિક અને ઉત્સવી માહોલ છવાઈ ગયો છે.

# કલેક્ટર કેતન ઠક્કરની વયનિવૃત્તિ: રાષ્ટ્રધ્વજને સલામી આપી ભાવુક હૈયે લીધી વિદાય

## ૧ વર્ષ અને ૨ મહિનાના ટૂંકા પણ પ્રભાવશાળી કાર્યકાળમાં જનકલ્યાણના કાર્યોથી પ્રશાસનને બનાવ્યું પ્રજાભિમુખ; વહીવટી તંત્ર દ્વારા અપાયું ભવ્ય વિદાયમાન






જામનગર જિલ્લાના બાવનમા કલેક્ટર તરીકે કાર્યરત કેતન ઠક્કર પોતાની વયનિવૃત્તિ નિમિત્તે હોદ્દા પરથી નિવૃત્ત થતા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તેમને અત્યંત લાગણીસભર વિદાય આપવામાં આવી હતી. ૧ વર્ષ અને ૨ મહિનાના ટૂંકા ગાળામાં શિક્ષણ, આરોગ્ય અને જનસેવા જેવા પાયાના ક્ષેત્રોમાં નોંધપાત્ર સુધારાઓ લાવીને તેમણે એક કાર્યદક્ષ પ્રશાસક તરીકેની છાપ છોડી છે.પોતાના કાર્યકાળ દરમિયાન કેતન ઠક્કરે પાણી વ્યવસ્થાપન અને ગ્રામ્ય વિકાસની યોજનાઓને પારદર્શક રીતે અમલમાં મૂકી પ્રશાસનને સીધું જનતા સાથે જોડ્યું હતું. વિદાય સમારોહ દરમિયાન સહકર્મીઓએ જ્યારે તેમના સંસ્મરણો તાજા કર્યા ત્યારે માહોલ ભાવુક બની ગયો હતો. પ્રતિભાવ આપતા કેતન ઠક્કરે જણાવ્યું હતું કે, "જામનગર સાથેનો મારો નાતો માત્ર સરકારી ફરજ પૂરતો નહીં પણ અતૂટ લાગણીનો રહ્યો છે, અહીંના લોકો અને સ્ટાફ તરફથી મળેલો સહકાર હંમેશા યાદ રહેશે.વિદાયની અંતિમ ક્ષણોમાં કલેક્ટર કચેરી ખાતે તેમણે રાષ્ટ્રધ્વજને સલામી આપી અને રાષ્ટ્રગાન ગાઈને ભારે હૈયે વિદાય લીધી હતી. આ પ્રસંગે ઉપસ્થિત તમામ અધિકારીઓ અને કર્મચારીઓએ તેમના આગામી નિવૃત્ત જીવન માટે સુખ અને સ્વાસ્થ્યની હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી.

# બેટ દ્વારકામાં હનુમાન દાંડી તીર્થે ગુરૂવારે હનુમાન જયંતિની ઉજવણી

**અબતક, મહેન્દ્ર કક્કડ**
**દ્વારકા**



બેટ શંખોારમાં આવેલ આ હનુમાનજીનું મંદિર એ વિશ્વનું એકમાત્ર એવું મંદિર છે જયાં પિતા હનુમાનજી તથા તેમના પુત્ર મકરધ્વજજી સાથે બિરાજે છે. સ્થાનિય ભાવિકોમાં આસ્થાનું પ્રતિક એવા આ મંદિરે દર વર્ષે હનુમાનજીની જન્મજયંતિના રોજ હજારો ભાવિકો દર્શનાર્થે ઉમટે છે. આગામી ગુરૂવાર તા.૨ એપ્રિલે ચૈત્રી પૂર્ણિમાના પવિત્ર દિવસે ઉદયા તિથિમાં હનુમાન જયંતિની ભવ્ય ઉજવણી હજારો ભક્તોની ઉપસ્થિતિમાં પરંપરાગત ઉત્સવો સાથે કરવામાં આવનાર હોય વ્યવસ્થા તંત્રની તડામાર તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે.આગામી તા.૧ એપ્રિલના સવારે ૧૯ કલાકથી બે દિવસની અખંડ રામધુનનું આયોજન પણ કરવામાં આવ્યું છે. ૨ એપ્રિલના હનુમાન જયંતિના દિવસે સવારે ૬:૫૮ કલાકે હનુમાનજી મહારાજનો પ્રાગટયોત્સવ સાથે મંગલા આરતી બાદ સવારે ૧૯ વાગ્યે મંદિર પર ધ્વજારોહણ થશે. સવારે ૧૧ વાગ્યે અન્નકુટ દર્શન મનોરથનું પણ આયોજન કરાયું છે. ભક્તગણ માટે બપોરે ૧૨ કલાકથી સમુહ પ્રસાદીનું પણ આયોજન છે. તા.૩ એપ્રીલ રોજ સવારે ૧૦:૦૦ કલાકે દ્વિદિવસીય અખંડ રામધુનની પૂર્ણાહુતિ થશે.

# પીઆઈ નિકુંજસિંહ ચાવડાની સુરતમાં બદલી સિટી-એ ડિવિઝનએ આપી ભાવભરે વિદાય



જામનગરના સિટી-એ ડિવિઝન પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર નિકુંજસિંહ ચાવડાની સુરત ખાતે બદલી થતા સમગ્ર પોલીસ સ્ટાફ અને સ્થાનિક આગેવાનોની ઉપસ્થિતિમાં એક ભવ્ય વિદાય સમારોહ યોજાયો હતો. "પોલીસ પ્રજાનો મિત્ર છે" તે ઉકિતને ખરા અર્થમાં સાર્થક કરનારા અને હસમુખ વ્યકિતત્વ ધરાવતા પી.આઈ. ચાવડાના કાર્યકાળને સૌએ ભાવુક હૈયે બિરદાવ્યો હતો.

આ વિદાય પ્રસંગે દરબારગઢ પોલીસ ચોકીના પીએસઆઈ વી.આર.ગામેતી, પીએસઆઈ ડી.જી.રામાનુજ, પીએસઆઈ એમ.એન.રાઠોડ અને ખંભાળીયા ગેઈટ પોલીસ ચોકીના પીએસઆઈ એમ.કે બ્લોચ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત સમગ્ર સર્વેલન્સ સ્કવોડ, એલઆઈબી સ્ટાફ તેમજ દરબારગઢ, ખંભાળીયા ગેઈટ અને દિગ્વિજય પ્લોટ પોલીસ ચોકીના તમામ કર્મચારીઓએ પી.આઈ. ચાવડાને ફૂલહાર પહેરાવી, શાલ ઓઢાડી સન્માન સાથે વિદાયમાન આપ્યું હતું. સ્ટાફના સભ્યોએ ભારે હૈયે પોતાના માર્ગદર્શક અધિકારીને નવી ફરજ માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

# મનપામાં ૨૦ વર્ષના ભાજપના શાસનમાં બેફામ ભ્રષ્ટાચાર: કોંગ્રેસ

## ચાંદીબજાર ચોકમાં જાહેરમાં ચર્ચા કરવા પૂર્વ સાંસદ વિક્રમ માડમનો ભાજપને ખુલ્લો પડકાર; ૪૦ ટકા કમિશનના રાજમાં જનતા ત્રસ્ત હોવાનો આક્ષેપ



આગામી મહાનગરપાલિકાની ચૂંટણીઓ પૂર્વે જામનગરનું રાજકીય વાતાવરણ ગરમાયું છે. શહેર કોંગ્રેસ દ્વારા ભાજપના છેલ્લા ૨૦ વર્ષના શાસન સામે ગંભીર ભ્રષ્ટાચારના આક્ષેપો કરવામાં આવ્યું છે. પત્રકાર પરિષદને સંબોધતા પૂર્વ સાંસદ વિક્રમભાઈ માડમે ભાજપના નેતાઓને ચાંદીબજાર ચોકમાં જનતાની હાજરીમાં આ મુદ્દે ખુલ્લી ચર્ચા કરવા લલકાર્યા છે.વિક્રમ માડમે આકરા પ્રહાર કરતા જણાવ્યું હતું કે, લાખોટા લેક, ભુજિયા કોઠા અને ફ્લાય ઓવર બ્રિજ જેવા મોટા પ્રોજેક્ટ્સથી લઈને નાના કામોમાં પણ મોટા પાયે કૌભાંડો થયા છે. તેમણે આક્ષેપ કર્યો કે જામનગરમાં વિકાસ માત્ર ભાજપના નેતાઓનો થયો છે, પ્રજાનો નહીં. દરેક કામમાં '૪૦ ટકા કમિશન' લેવાતું હોવાની ચર્ચા હવે જગજાહેર છે. ત્રીજા સ્મશાનની જગ્યા બદલવાથી લઈને કચરો બાળવાના કોન્ટ્રાક્ટમાં ભ્રષ્ટાચારને કારણે ચાર વોર્ડની જનતા રોગચાળાના ભય નીચે જીવી રહી છે. મનપાની મુદત પૂર્ણ થવાના છેલ્લા દિવસે ૭૦૦ કરોડના કામોની મંજૂરીને પણ તેમણે શંકાસ્પદ ગણાવી હતી.આ પ્રસંગે કોંગ્રેસના પ્રભારી અને ધારાસભ્ય લલિતભાઈ વસોયાએ પણ ભાજપ પર નિશાન સાધતા કહ્યું કે, જે શહેરે વિશ્વને મહાન ક્રિકેટરો આપ્યા છે, ત્યાં ૨૦ વર્ષના શાસન છતાં ભાજપ એક સારું ક્રિકેટ મેદાન બનાવી શક્યું નથી. તેમણે ઉમેર્યું કે જામનગરની જનતાને શુદ્ધ પીવાનું પાણી પણ મળતું નથી અને નબળા કામોને કારણે લોકો પરેશાન છે. કોંગ્રેસે સંકલ્પ કર્યો છે કે જો તેઓ સત્તા પર આવશે તો રમતગમતના મેદાન અને જનસુવિધાના કામોને પ્રાથમિકતા આપશે.

# જામનગર જિલ્લા યુથ કોંગ્રેસ ઉપપ્રમુખ પદે રાજદીપસિંહ જેઠવાની નિમણુંક



**અબતક, ભરત ગોહિલ, જામજોધપુર**

જામજોધપુરના યુવા આગેવાન રાજદિપસિંહ જેઠવાને જામનગર જિલ્લા યુવક કોંગ્રેસના ઉપપ્રમુખની નિમણુંક દેવરાજભાઈ ગોહિલ પૂર્વ સાંસદ વિક્રમભાઈ માડમ હસ્તે કરવામાં આવી છે. આ નિમણુંકને જીલ્લા તેમજ તાલુકાના કોંગ્રેસ અગ્રણીએ આવકારી અભિનંદન પાઠવેલ હતાં.






# જૈનમ્ જયતિ શાસનમ્: મહાવીર જયંતિની ભક્તિસભર ઉજવણી

## માતા ત્રિશલાના ૧૪ મંગલકારી સ્વપ્નોની ઝાંખી અને 'જૈનમ'ની ભવ્ય ધર્મયાત્રામાં ઉમટ્યું માનવ મહેરામણ







તસવીરઃ શૈલેષ વાડોલિયા

**અબતક, રાજકોટ**

ત્યાગ, તપ અને અહિંસાના પુંજ સમાન ૨૪માં તીર્થંકર ભગવાન મહાવીર સ્વામીના જન્મ કલ્યાણકની રાજકોટમાં આજે દિવ્ય અને અભૂતપૂર્વ ઉજવણી કરવામાં આવી હતી. 'રંગીલા રાજકોટ'ના રાજમાર્ગો આજે 'જૈનમ' સંસ્થાના નેજા હેઠળ નીકળેલી વિશાળ શોભાયાત્રામાં ભક્તિના મહાસાગરમાં ફેરવાઈ ગયા હતા. આ અવસરે જૈન ધર્મના ચારેય પ્રમુખ ફિરકાઓશ્વેતાંબર મૂર્તિપૂજક, દિગંબર, સ્થાનકવાસી અને તેરાપંથીએ સાથે મળીને જૈન શાસનની અજોડ એકતાના દર્શન કરાવ્યા હતા.

રાજકોટના મણિયારા દેરાસરથી પ્રારંભ થયેલી આ શોભાયાત્રામાં ભક્તિ અને શિસ્તનો અદભૂત સમન્વય જોવા મળ્યો હતો. યાત્રાના પ્રારંભે વિન્ટેજ કાર અને બેન્ડવાજાના સૂરોએ વાતાવરણને મંગલમય બનાવી દીધું હતું. શોભાયાત્રામાં મુખ્ય આકર્ષણ પ્રભુ મહાવીરનો સુવર્ણ અને રજત મઢિત રથ હતો, જેના દર્શન માટે રાજમાર્ગો પર માનવ મહેરામણ ઉમટી પડ્યું હતું. માર્ગમાં વિવિધ જૈન સંગઠનો અને જૈનેતર અગ્રણીઓ દ્વારા પુષ્પવર્ષા કરીને શોભાયાત્રાનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. હજારો શ્રદ્ધાળુઓ કેસરીયા સાફા અને શ્વેત વસ્ત્રોમાં સજ્જ થઈને "ત્રિશલા નંદન વીર કી, જય બોલો મહાવીર કી" ના નાદ સાથે નાચતા-ગાતા જોડાયા હતા.

ધર્મયાત્રામાં માતા ત્રિશલાના ગર્ભકાળ દરમિયાન આવેલા ૧૪ મંગલકારી સ્વપનોના ટેબ્લો (ફ્લોટ્સ) વિશેષ આકર્ષણનું કેન્દ્ર રહ્યા હતા. જૈન શાસ્ત્રો મુજબ, જ્યારે તીર્થંકરનો આત્મા માતાના ગર્ભમાં આવે છે ત્યારે માતાને ગજ, વૃષભ, સિંહ, લક્ષ્મીજી, પુષ્પમાળા, ચંદ્ર, સૂર્ય, ધ્વજ, કુંભ, પદ્મ સરોવર, ક્ષીર સાગર, દેવ વિમાન, રત્નોનો ઢગલો અને નિર્ધૂમ અગ્નિ જેવા ૧૪ સ્વપનો આવે છે. 'જૈનમ' દ્વારા આ ૧૪ સ્વપનોને અત્યંત જીવંત રીતે રજૂ કરવામાં આવ્યા હતા. આ સાથે પ્રભુના ૨૭ ભવની ઝાંખી કરાવીને તેમના આત્મકલ્યાણની સફર રજૂ કરાઈ હતી

ધર્મયાત્રામાં દિગંબર સમાજના અનુયાયીઓ ભગવાનની મૂર્તિ સાથે જોડાયા હતા, તો શ્વેતાંબર ભાઈ-બહેનોએ ભક્તિના સુર રેલાવ્યા હતા. આ યાત્રામાં માત્ર જૈન શ્રદ્ધાળુઓ જ નહીં, પરંતુ મોટી સંખ્યામાં જૈનેતર પણ જોડાયા હતા. અન્ય સમાજના અગ્રણીઓએ પણ પ્રભુ મહાવીરના રથને વધાવી લીધો હતો, જેણે સાબિત કર્યું કે મહાવીરનો સંદેશ કોઈ એક સંપ્રદાય પૂરતો મર્યાદિત નથી.

દેરાસરો અને ઉપાશ્રયોમાં વહેલી સવારથી જ ગુરુ ભગવંતોના માંગલિક અને ભગવાનની ભક્તિમાં ભાવિકો તરબોળ બન્યા હતા. 'જૈનમ'ના આ ભવ્ય આયોજને રાજકોટમાં જૈન ધર્મની પ્રભાવના અને સર્વધર્મ સમભાવની સુવાસ પ્રસરાવી છે.

### મહાવીર જન્મ કલ્યાણકના અવસરે

# વડાપ્રધાનના હસ્તે ગાંધીનગરના કોબામાં સમ્રાટ સંપ્રતિ મ્યુઝિયમનું લોકાર્પણ

## જૈન ધર્મના ઐતિહાસિક વારસાનો સાક્ષાત્કાર કરાવતા ૩ લાખ હસ્તપ્રતો અને ૪ લાખ પુસ્તકોનો અણમોલ સંગ્રહ: ૮મી થી ૨૦મી સદીના અતિ દુર્લભ ચલણનું અનોખું સંગ્રહસ્થાન

**અબતક, રાજકોટ**

ભારતની ભવ્ય સાંસ્કૃતિક વિરાસતના પ્રતીક સમાન "સમ્રાટ સંપ્રતિ મ્યુઝિયમ"નું લોકાર્પણ મહાવીર જન્મકલ્યાણકના પાવન અવસરે આજે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાષ્ટ્રસંત પૂજ્ય આચાર્ય પદ્મસાગરસૂરીશ્વરજીના આશીર્વાદ પ્રાપ્ત થયા હતા. કાર્યક્રમમાં ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને અન્ય અગ્રણી મહાનુભાવોની ગરિમામય ઉપસ્થિતિ રહી હતી.

આ મ્યુઝિયમ મૌર્ય વંશના પ્રતાપી શાસક અને સમ્રાટ અશોકના પૌત્ર સમ્રાટ સંપ્રતિને સમર્પિત છે. ઈ.સ. પૂર્વે ૨૨૪ થી ૨૧૫ દરમિયાન શાસન કરનાર સમ્રાટ સંપ્રતિ જૈન ધર્મના પરમ ઉપાસક હતા, જેમણે હજારો જૈન મંદિરોનું નિર્માણ કરાવી અહિંસાના મૂલ્યોનો પ્રચાર કર્યો હતો. આ સંગ્રહાલય તેમના પ્રેરણાદાયી જીવન અને પવિત્ર આદર્શોને ભાવી પેઢી સુધી પહોંચાડવાનું માધ્યમ બનશે.





આ મ્યુઝિયમની સ્થાપના પાછળ પૂજ્ય આચાર્યદેવ પદ્મસાગરસૂરીશ્વરજીના ૬ દાયકાના તપ અને પુરુષાર્થ રહેલા છે. તેમણે ભારત અને નેપાળમાં આશરે ૨ લાખ કિલોમીટરની પદયાત્રા કરીને દેશના ખૂણેખૂણેથી દુર્લભ સાંસ્કૃતિક અવશેષો, પ્રાચીન મૂર્તિઓ અને ઐતિહાસિક પુરાવાઓ એકત્રિત કર્યા છે. આ રીતે મેળવેલા ભારતની અસ્મિતાના અત્યંત દુર્લભ ખજાનાને અહીં સુરક્ષિત રીતે પ્રદર્શિત કરવામાં આવ્યો છે.

ટોરેન્ટ ગ્રુપના યુ.એન.એમ.

(અનુ. આઠમા પાને)

### સાત ભવ્ય ગેલેરીઓ દ્વારા ઈતિહાસની ઝલક

મ્યુઝિયમને સાત વિવિધ વિભાગોમાં વહેંચવામાં આવ્યું છે, જે પ્રાચીન ભારતની કળાનો પરિચય કરાવે છે. તેમાં પ્રથમ તીર્થંકરથી લઈને ભગવાન મહાવીર સુધીનો જીવનપ્રવાસ, ૫મી થી ૧૫મી સદીની મૂર્તિઓ, મુઘલ સમ્રાટ અકબરનું અસલ ફરમાન, પ્રાચીન ગ્રંથો, વેદ, પુરાણો અને ૮મી સદીના સિક્કાઓનો સમાવેશ થાય છે. અંતિમ ગેલેરીમાં આધુનિક ઓડિટોરિયમ દ્વારા પ્રમુખ તીર્થધામોની ડિજિટલ રજૂઆત કરવામાં આવી છે.

### સ્થાનિક સ્વરાજય ચૂંટણી માટે

# મૂરતિયાઓ નક્કી કરવા ભાજપ દ્વારા આજથી ત્રણ દિવસ સેન્સ પ્રક્રિયા

## નિરીક્ષકોનાં નામ જાહેર ન કરાયા: ફોન કરી આગેવાનોને તેઓએ કયાં જિલ્લા-મહાનગરમાં જવાનું છે તેની સુચના આપી દેવાય

**અબતક, રાજકોટ**

રાજયમાં ૧૫ મહાનગરપાલિકાઓ, ૮૪ નગરપાલિકાઓ, ૩૪ જિલ્લા પંચાયત અને ૨૬૦ તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી માટે આવતીકાલે આખરી મતદાર યાદી પ્રસિધ્ધ કરાયા બાદ કોઈપણ ઘડીએ ચૂંટણીની તારીખ જાહેર કરી દેવામાં આવશે.સ્થાનીક સ્વરાજયની ચૂંટણીમાં ઉમેદવારોની પસંદગી કરવા માટે ભાજપ દ્વારા આજથી સેન્સ પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. આગામી ત્રણ દિવસમાં સેન્સ પ્રક્રિયા પૂર્ણ કરી લેવાની પણ સુચના આપવામા આવી છે. મોટાભાગની જગ્યાએ દાવેદારોનો રાફડો ફાટયો છે. નિરીક્ષકો સમગ્ર ચૂંટણી લડવાની ઈચ્છા વ્યકત કરવા ભાજપના કાર્યકરોની લાંબી કતારો લાગી રહી છે. નિરીક્ષકો સમક્ષ જે નામો આવશે તે તમામ હાઈકમાન્ડ સમક્ષ રજૂ કરી દેવામા આવશે. પેનલો બનાવવા કે અગ્રતા ક્રમ આપવા અંગેનો નિર્ણય પાર્લામેન્ટરી બોર્ડ દ્વારા કરવામાં આવશે.

પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માએ ગઈકાલે પત્રકાર મિલન દરમિયાન એવું કહ્યું હતુ કે, આગામી ત્રણ એપ્રીલ સુધીમાં ચૂંટણી લડવા ઈચ્છુક કાર્યકરોની સેન્સ લેવાની પ્રક્રિયા પૂર્ણ કરી લેવામાં આવશે. મંગળવારથી જ રાજયભરમાં સેન્સ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. ભાજપ ઉમેદવારોની પસંદગી માટે પણ સંપૂર્ણ લોકશાહી પ્રક્રિયાને અનુસરે છે. કમળના પ્રતિક પરથી ચૂંટણી

(અનુ. આઠમા પાને)

### પ્રદેશ ભાજપ દ્વારા ૬ સભ્યોની અનુશાસન સમિતિની કરાઈ રચના

#### પૂર્વ પ્રદેશ મહામંત્રી રજનીભાઈ પટેલને અનુશાસન સમિતીના સંયોજક બનાવાયા

ભાજપ દ્વારા એક બાદ એક સમિતિની રચના કરવામાં આવી રહી છે. ચૂંટણી સંચાલન સમિતિ, કોર ગ્રુપ, પાર્લામેન્ટરી બોર્ડ બાદ ગઈકાલે સાંજે પ્રદેશ અનુશાસન સમિતિની રચના કરવામાં આવી છે. જેમાં છ સભ્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ સમિતિ દ્વારા શિસ્તભંગ કરનારા કાર્યકર કે આગેવાન સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવા સહિતના પગલા લેવામાં આવે છે. પૂર્વ પ્રદેશ ભાજપ મહામંત્રી રજનીભાઈ પટેલને સંયોજક બનાવવામાં આવ્યા છે. આ ઉપરાંત સભ્ય તરીકે પૂર્વ પ્રદેશ મહામંત્રી વડોદરાના શબ્દશરણભાઈ બ્રહ્મ ભટ્ટ, પ્રશિક્ષણ મહા અભિયાનના પ્રદેશ સંયોજક અને પૂર્વ પ્રદેશ મંત્રી એવા આણંદના રાજેશભાઈ પટેલ, રાજ્ય સરકારના પૂર્વ મંત્રી અરવલ્લીના દિલીપસિંહ પરમાર, પૂર્વ ધારાસભ્ય પિયુષભાઈ દેસાઈ અને રાજકોટના પૂર્વ મેયર પૂર્વ પ્રદેશ ભાજપ મહામંત્રી શ્રી બિનાબેન આચાર્યની નિયુકતી કરવામાં આવી છે.

# ઈલેક્ટ્રિક વાહનોને પ્રોત્સાહન: આરટીઓ ટેક્સમાં પાંચ ટકા રાહત વધુ એક વર્ષ લંબાવાઈ

## હવે ૩૧ માર્ચ-૨૦૨૭ સુધી ઈલેક્ટ્રિક વાહન ખરીદનારાઓએ ૬ ટકાના બદલે માત્ર ૧ ટકો આરટીઓ ટેક્સ ચૂકવવો પડશે

**અબતક, રાજકોટ**

રાજ્યભરમાં ઈલેક્ટ્રિક વાહનોના વેચાણને પ્રોત્સાહન આપવા માટે સરકારે આરટીઓ ટેક્સમાં અપાતી પાંચ ટકા રાહત વધુ એક વર્ષ માટે યથાવત રાખવાનો મહત્વનો નિર્ણય કર્યો છે. હવે ૩૧ માર્ચ-૨૦૨૭ સુધી ઈલેક્ટ્રિક વાહન ખરીદનારાઓએ ૬ ટકાના બદલે માત્ર ૧ ટકો આરટીઓ ટેક્સ ચૂકવવો પડશે. આ નિર્ણયથી ટુ-વ્હીલર અને ફોર-વ્હીલર ઈલેક્ટ્રિક વાહનોના વેચાણમાં તેજી આવવાનો અંદાજ છે.

અમદાવાદમાં હાલ દર મહિને સરેરાશ ૨ હજારથી વધુ ઈલેક્ટ્રિક વાહનોનું વેચાણ થાય છે.નિષ્ણાતોના મતે, શહેરમાં ચાર્જિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર હજુ નબળું છે, તેથી નવા બિલ્ડિંગ પ્લાનમાં ચાર્જિંગ સુવિધા વધારવા સરકાર કક્ષાએ આયોજન થવું અનિવાર્ય છે. ઉલ્લેખનીય છે કે રાહત ૩૧ માર્ચ, ૨૦૨૬ના રોજ પુરી થતી હતી તેને સરકારે એક વર્ષ માટે લંબાવી છે. પેટ્રોલ-ડીઝલના વધતા ભાવ, પર્યાવરણ પ્રત્યે જાગૃતિ અને સરકારની રાહત નીતિને કારણે લોકો ઈલેક્ટ્રિક વાહનો તરફ વળી રહ્યા છે.

ટેક્સમાં રાહત જળવાઈ રહેવાથી આગામી સમયમાં ઈવી સેગમેન્ટમાં ઝડપી વૃદ્ધિ નોંધાય તેવી સંભવિતતા છે. જોકે, વધતા વપરાશ સામે ચાર્જિંગ સ્ટેશનની અછત મોટી ચિંતા છે. મ્યુનિસિપલ કોર્પોરેશનના પ્રયત્નો છતાં લક્ષ્યાંક મુજબ જાહેર ચાર્જિંગ સ્ટેશનો ઊભા થઈ શક્યા નથી. જો સમયસર ઈન્ફ્રાસ્ટ્રક્ચર નહીં સુધરે, તો ભવિષ્યમાં ચાર્જિંગની સમસ્યા વધુ ગંભીર બની શકે છે.


રાજકોટ મહાનગરપાલિકા

વેરા વસુલાત શાખા

"વ્યાજ માફી યોજના"

"તા.૩૧/૦૩/૨૦૨૬ - આજે છેલ્લો દિવસ"

રાજકોટ મહાનગરપાલિકા ખાતે નોંધાયેલ મિલકતો પૈકી જે મિલકતોનો મિલકતવેરો તથા પાણીવેરો ભરપાઇ કરવાનો બાકી હોય તેવા બાકીદારો માટે નીચે મુજબ "વ્યાજ માફી યોજના" અમલમાં છે:

- મિલકતવેરા પર ચડત વ્યાજમાં રૂ.૫,૦૦૦/- સુધી માફી
- પાણીવેરા પર ચડત વ્યાજમાં રૂ.૫,૦૦૦/- સુધી માફી
- મિલકતધારકને કુલ રૂ.૧૦,૦૦૦/- સુધી વ્યાજ માફી
- આજે વોર્ડ ઓફિસ તથા સિવિક સેન્ટર ખાતે વેરોસવારે ૯:૩૦ કલાક થી સાંજે ૬:૧૦ કલાક સુધી ભરી શકાશે.
- આજે ઓનલાઇન વેરો રાત્રે ૧૧:૫૯ કલાક સુધી ભરી શકાશે.

બાકી વેરો ઓનલાઇન ભરવા માટે માટે નીચેનો QR CODE સ્કેન કરો

બાકી વેરો રૂબરૂ ભરવા નજીકની વોર્ડ ઓફિસ/ સિવિક સેન્ટરનો સંપર્ક કરો.